કુમાર

અંક ૧૪૫

ઉગતી પ્રજાનું માસિક

પોષ · ૧૯૯૨

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત



કુમાર
પોષ ૧૯૯૨ — અંક ૧૪૫


અનુક્રમ

કુટુંબીઓ (ફોટો)	નૃસિંહ પરમાર	
શારદા	ચિત્રલેખા • વસુમતી ચીનુભાઇ	મુખપૃષ્ઠ
તદા પ્રકટજો નિશા (કાવ્ય)	પ્રહ્‌લાદ પાઠક	૧
મારી નજરે	ર.મ.રા.	૨
મારૂં હતું ને મેં લીધું (વાર્તા)	'વાસુકિ'	૪
આપણી નજરે		૭
સ્મરણયાત્રા	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર	૮
સાદીની ફૂલવાડી	દે.વા.	૮
અજાણ્યાં આંસુ (કાવ્ય)	સુન્દરમ્	૯
મેંદીનાં પાન		૧૦
કિન્નાની ખુન્નસ (વાર્તા)	અશોક હર્ષ	૧૧
માઇક ડૅારિઆસ	" "	૧૫
ગાંધી કુલશાખા (નકશો)		૧૬
જીવનનું પરોઢ	પ્રભુદાસ છગનલાલ ગાંધી	૧૭
ગુજરાતી લઘુલિપિ	હરિકૃષ્ણ વ્યાસ	૨૧
વિસામો	ચિત્રકાર • બંસીલાલ	૨૪
શિયાળાને તડકે (ફોટો)	નગીનદાસ નલાવાલા	૨૫
છેટું વધતાં પ્રકાશ કેમ ઘટે છે?		૨૫
રૂસ્તમનો ઘોડો રખ્શ (વાર્તા)	'ધૂમકેતુ'	૨૬
ધ્વનિ (કાવ્ય વિભાગ)		
છોડ	રમણીક અરાલવાળા	૨૮
હું ધૂળ હવે બની રહું	મુકુન્દ વિ. વિજય પારાશર્ય	૨૮
દીપક	'સ્નેહરશ્મિ'	૨૮
દીવો કરો	'પ્રબોધ'	૨૮
આજ પૂછું	શશિવદના યાજ્ઞિક	૨૯
જીવનદીપ	પ્રજારામ નરોત્તમ રાવળ	૨૯
મધરાતે	તનસુખ ભટ્ટ	૨૯
નેપથ્યમાંથી	ઇ.ત.	૩૦
જ્ઞાનલીલા		૩૨
અથાણું		૩૨
મધરાતનાં મહાજન	'વનેચર'	
શાહુડી, શેળો અને છછુંદર		૩૩
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	બલવન્ત ભટ્ટ	૩૫
તમારા કૅમેરાને પિછાની લો	"	૩૬
વ્હેલના પેટમાં		૩૭
અખાડો	હરિનારાયણ આચાર્ય	૩૮
સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જ		૩૯
લોકવાણી		૪૦
શ્રીવત્સ-ચિંતા (બાળવાર્તા)	સૌ. શ્રીમતી મજમુદાર	૪૧
જાદુઇ દાબડી (બાળકાવ્ય)	રમણલાલ સોની	૪૮
માધુકરી		૪૯
છેલ્લું પાનું		૫૬

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂા. ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર.આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
કલકત્તા: ઉપયોગી વસ્તુભંડાર • ૧૪, અમરતલા સ્ટ્રીટ



કુટુંબીઓ

આ માસની ફોટોગ્રાફીહરીફાઈમાં પહેલું ઈનામ જીતનાર 'સ્ટિલ-લાઈફ' (પદાર્થ-રચના) ચિત્ર

ફોટો · નૃસિંહ પરમાર મુંબાઈ

માળામાં મુળગો મેર મળે નહિ
શાને પરોવ્યે જાતો સરો—દેવ૦
ઊંચે આકાશ ને નીચે આધાર નહિ
ફોગટના શાદને ફેરા ફરો—દેવ૦
અંધારે એકલો સૂતેલો સાગરે
દેખે નહિ તો દીપમાળા ધરો—દેવ૦

'પ્રબોધ'

ૐ

જગતમાં નજરે પડતા વિરોધાભાસનો મર્મ ઉકેલવા મથતું અંતર પ્રશ્નો પૂછે છે:

આજ પૂછું

વસંતતિલકા

આકાશમાં હસી રહ્યો વિધુ! આજ પૂછું
તું તેજરશ્મિ પ્રસરે સહુ વિશ્વમાં આ,
આકાશ આ નીલમ શું અમ શિરછાયું
તો શેં જુદાઈ ભરતું અમ નેત્ર ન્યારૂં?

ઝૂમી રહેલ કુમળાં ફળપાન ઝાડે
ખાઇ રમે વિવિધ પક્ષી અનેક તો યે
છાંયે ઉભેલ મનુબાલ રડી રહે છે;
શા ન્યાયની રમત આ વિધિ તું રમે છે?

આકાશમાં હસી રહ્યો વિધુ! આજ પૂછું
તારા હસિત વદને ભરતી ચઢેલી
તુફાનમાં કંઇક નાવ ડુબી નિહાળી
આંસુભર્યાં જગત માનવીને હસીશ?

શશિવદના યાજ્ઞિક

ૐ

જગતના અંધારને આત્મવિલોપનથી ઊજાળવાની ઉદાત્ત ભાવના આંકતું સૉનેટ.

જીવનદીપ

· પૃથ્વી ·

પ્રગાઢ દળનાં દળો તિમિરનાં દશે દિશથી
ભીંસે, અસહ ભીંસથી દૂર કયહીં કરૂં નાસવા;
કરૂં નજર તીણી, ઝીણી પગદંડી માટે ત્યહીં
પણે થઇ રહી શી ઝાંખી હિલચાલ ઊંડીઊંડી?
અગમ્ય હિલચાલમાં કરૂં હજી ય દૃષ્ટિ તીણી;
નિહાળું: નિજ હસ્તથી પથભૂલેલ ફંફોળતાં
જનો કંઇક; કૈક ચોગમ દિવાલ દુર્ગમ થકી
વીંટાયલ; વિનાશની ખીણ ઊંડી ભણી યે જતાં
કંઇ; કંઇ સુઝચે ન પંથ અવરોતણો ફંધતાં.

ધસું તિમિર ગાઢમાં: જીવનદીપજ્યોતિ થકી
બધું કરી મૂકું જળુંહળું. ખુટે ત્યહીં તેલ, તો
બુઝાતી મમ જ્યોતિમાં, જરીક વાટ સંકોરીને,
પૂરી બધું ય તેજ આતમતણું છેલ્લું, તેના મહા—
પ્રકાશથી ભરી દઉં જગતણી બધી યે ખીણો.

પ્રભાશમ નરોત્તમ શવળ

ૐ

એક વાર શૂન્ય રાત્રિમાં બપૈયો સાંભળેલો તે વેળા ઊઠેલી વિચિત્ર અને દુર્બોધ લાગણી ચીતરવાનો પ્રયત્ન.

મધરાતે

સૂતા સાયર સૂતાં સરવર
સૂતાં તરુવર ને ધૂના,
અધરાતે મધરાતે જાગ્યા
સૂર બપૈયાના સૂના:
છાનો હું ય બિછાને કહું
બોલ બપૈયા ટિહૂ ટિહૂ!

સૂતાં કોકિલ મેના પોપટ
સૂતાં દાદુર સૂતા મોર,
અધરાતે મધરાતે જાગ્યા
સૂર–બપૈયા હૈયાચોરઃ
બીડેલાં ઉઘડયાં મમ નેન
ટિહૂ ટિહૂનાં વાધ્યાં ઘેન!

સૂતા પ્રાણો સૂતા ભાવો
સૂતાં સંવેદન અંતર,
અધરાતે મધરાતે જાગ્યાં
મધગળતે મીઠે જંતરઃ
ચાતક ટહુકયો: ટિહૂ ટિહૂ
પ્રાણો ટહુકયા: કહું? કહું?

તનસુખ ભટ્ટ



શારદા

ચિત્રલેખા · વસુમતી ચીનુભાઈ



કુમાર

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

ર્ષ ૧૩ · અંક ૧
પોષ · ૧૯૯૨

તદા પ્રકટજો નિશા!

પૃથ્વી ·

નિશા ! રજની સુંદરી! તવ વિરાટ આ શ્યામલા
સુરમ્ય મૃદુ સાળુને અનિલ લ્હેરતે પાલવે
વીંઝયું જગત જંપિયું સુખદ શાન્ત નિદ્રા મહીં,
સમગ્ર દુઃખ ખેદનાં જીવન ડારતાં બંધનો
ભૂલી ક્ષણુ, ઉરે ધરી સ્વપનમાલ્ય શી મોહના
ભવિષ્ય અણુજાણુની, સુખદ ભૂત સૃષ્ટિતણી...
નિશા! જગત પોઢિયું તવ કૃપા ભર્યું, કેમ ના
જરા મુજ ગરીબપે તવ ઉદારતા દાખવે ?

નહિ—! ઉર ન વાંછતું, મુખ ભલે ચહે એ કૃપા;
યદા જીવનધૂપના મધુ સુગંધગંધે ઉરો
સમગ્ર જગનાં સુવાસિત કરી જ, દુર્ગન્ધ એ
કરી ઉરઉરેથી દૂર ઘન સ્વાર્થ ભાવો તણી
નવીન પ્રકટાવું સામ્ય-જગ-ભાવનાવિશ્વમાં,
તદા પ્રકટજો, નિશા! જીવનની જ નિદ્રા ચિરા!

પ્રહ્લાદ પાઠક

સારું સૉનિટ છે. શરૂઆતની લીટીઓમાં 'જેના વિરાટ, શ્યામલ, સુરમ્ય, મૃદુ સાળુના વાયુ ઢોળતા પાલવને વીંઝણે શાંત નિદ્રા પામતું જગત જંપી જાય છે એ રજની સુંદરી રાત્રી'નું સુદર વર્ણન છે. પછી એને પ્રશ્ન છે કે તારા જે કૃપા પામી જગત આખું દુઃખ ખેદનાં બંધનો ભૂલીને ભવિષ્યનાં મોહક સ્વપ્નો અને ભૂતકાળનાં સુખદ સ્મરણો માણતું જંપી જાય છે તે કૃપાની ઉદારતા એક મારા ઉપર જ કેમ નહિ ? પણ ષટ્કમાં તરત પોતાને સર્વથા ઉચિત એવું સમાધાન કવિનું અંતર શોધી લે છે: 'ના–ના; એ વાંછના તો મુખની છે, અંતરની ઝંખના તો બીજી જ છે: મારા જીવનધૂપના મધુર સુગંધ વડે જગતનાં માનવીઓમાંથી સ્વાર્થની દુર્ગંધ દૂર કરી સૌમાં સમાનતાની ભાવના જ્યારે પ્રકટાવું ત્યારે, હે રાત્રિ મારે માટે સાચી ઊંઘ પ્રકટજે;—અને તે જીવનની અનંત નિદ્રા. જગકલ્યાણને કાજે જીવનના અર્પણ અને મૃત્યુની માગણીની ભાવના આ યુગમાં નવી નથી, માત્ર અહીં અસરકારક રીતે રજુ થઇ છે;—ખાસ કરીને છેલ્લે.

મારી નજરે

શ્રીમંત સરકાર સર સયાજીરાવ ગાયકવાડનો મણિમહોત્સવ

● ઇ. ૧૮૭૫ના મેની ૨૭મી તારીખે માત્ર ૧૩ વર્ષની ઉમરે ગુજરાતના એ મહાન રાજવી ગાદીએ આવ્યા તેને આજે સાઠ વર્ષ થયાં એ અવસર ગુજરાત, હિંદ તેમજ જગતના રાજ્યકર્તાઓની કારકીર્દિને હિસાબે અજોડ છે. નસીબદારીનું ચક્કર કઇકને અજબ ઐશ્વર્ય અને પદવી પર ચડાવી દે છે, પણ તે સ્થાનને લાયક પુરુષાર્થ અને તેજસ્વિતા બતાવનારા વિરલ હોય છે. શ્રીમંત સયાજીરાવ એવા એક વિરલ પુરુષ છે ગામડાના ગોવાળપદેથી રાજમાતા જમનાબાઇએ તેમના ત્રણ ભાઇઓમાંથી તેમની પસંદગી કરી લીધી તે વખતથી જ તે પોતાનાં અનેક પારખાં આપતા રહ્યા છે અને હિંદુસ્તાનના અનેક રાજામહારાજાઓ વચ્ચે તેમનું વ્યક્તિત્વ આગેવાનીના તેજથી ઝળકતું રહ્યું છે. સાઠ વર્ષનો મોટા રાજ્યનો કારભાર, કઇક મુત્સદ્દી પ્રધાનોનું સાહચર્ય અને યુરોપ-અમેરિકાની પ્રગતિશીલ પ્રજાઓના પરિચયે એમનામાં અનેરી શક્તિઓનો સંભાર ભર્યો છે. એમણે વડોદરા રાજ્યની પ્રજાને નવા યુગને ઘટતી તાલીમ આપવા ખૂબ સુધારાઓ અને પ્રયાસો કર્યા છે, અનેક ઉપયોગી સંસ્થાઓ સ્થાપી છે, કેળવણી અને જ્ઞાનપ્રસારમાં તો બ્રિટિશ સરકાર કરતાં યે તેઓ આગે કદમ છે એમ કહી શકાય. પણ એ બધાંનો પરિપાક બતાવતી મર્યાદા હજુ નજરે પડતી નથી. આજનું વડોદરા રાજ્ય પ્રજાવર્ગમાંથી કેટલા વિદ્યાધુરંધરો આપી શક્યું, કેટલાએ પરદેશમાં તેજસ્વિતા બતાવી? તેના રાજ્યના કેટલા મુત્સદ્દીઓ, કેટલા વિદ્વાનો, કળાધરો કે સાહિત્યસર્જકો? કડી, અમરેલી, નવસારી, દ્વારકા કે પાટણ પ્રદેશોના કેટલા જુવાનોને દુનિયાના ઝાંખા જોવાની તક મળી? શ્રીમંત સરકારની ઉદાર મનોવૃત્તિએ બહારનાં રત્નોનો સમાદર ખૂબ કર્યો, યુરોપની કળા પર ખૂબ ધન ન્યોછાવર કર્યું અને તેનાથી તેમની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઇ; પણ ઘરના કૂવાનાં પાતાળજળને પ્રકાશ ન મળ્યો, વાડીઓ ઊગી નહિ, તરુણો અને તરુણીઓ વગર રાજ્યની બજાર સૂની છે. વિક્ટોરિયન યુગના સમર્થ પુરુષોની નામાવલિ ઇંગ્લંડનું ગર્વધન છે એમ શ્રીમંત સયાજી યુગના માનવીઓ કોણ અને કેટલા? રાજાની વિભૂતિ અને સમૃદ્ધિસૂર્યનાં ખરાં આભૂષણો જેવા ચંદ્રો કયા? ૭૩ વર્ષના અનુભવી એ મહાન હિંદી રાજ્યકર્તાના હૃદયમાં આ પ્રશ્નો થતા જ હશે. એનો ખરો જવાબ મેળવવા તેઓ દીર્ઘાયુ હો!

ગુજરાતને મળેલો કલાકળશ

● તરુણ ચિત્રકાર ભાઇ રસિકલાલ પરીખ 'કુમાર'ના અનન્ય સાથીદાર અને સહધર્મી તરીકે ગુજરાતમાં સુપરિચિત થતા આવે છે તે અરસામાં મુંબાઇની આર્ટ સોસાએટી તરફથી



શ્રીમંત સરકાર સર સયાજીરાવ ગાયકવાડ

તેમને આ વર્ષના પ્રદર્શનમાં સર્વોત્તમ ચિત્ર રજુ કરનાર તરીકે સુવર્ણચન્દ્રક અને પ્રથમ પારિતોષિકનો અરધો હિસ્સો મળ્યો છે, એ સમાચાર ગુજરાતની જનતા માટે ગૌરવપ્રદ તેમજ અસ્મિતાપ્રેરક લેખાવા જોઇએ. મુંબાઇનું આ માનપ્રદ પારિતોષિક મેળવવું એ દરેક ચિત્રકારનું પ્રિય સ્વપ્ન હોય છે અને ૧૯૧૭ પછી વીસ વરસે બીજીવાર એક જ પરંપરામાં તૈયાર થએલા તરુણ કલાકારને એ પદ મળવાથી આ લખનારને પોતાના જીવનનું એક વિશેષ સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય એવો આનંદ થાય છે. ભાઇ રસિકલાલના એ ચિત્ર 'દેવદાસી'ની રંગીન છાપ 'કુમાર'ના ૧૩૪મા અંકમાં પ્રસિદ્ધ થઈ ગઇ છે. પણ ચાળીસ ઇંચ ઊંચું અને ચોવીસ ઇંચ પહોળું, આંખ ભરી દેતું, સુલલિત રેખાવલિઓ અને સુસ્વચ્છ રંગાવટવાળું એ ચિત્ર નાનકડા પાના ઉપર પોતાનાં સર્વ લક્ષણો સંપૂર્ણ રીતે રજુ કરી શકતું નથી. આટલા મોટા કદમાં જળરંગે કામ કરવું એ હાથની તાલીમની કસોટી કરનારૂં છે. તેમાં પાર નીકળવા ઉપરાંત ચેતના અને વાસ્તવિકતાનો ભંગ થવા દીધા સિવાય કાવ્યમય વાતાવરણ સાચવવાની રસિકલાલની કળાનો પૂરો આંક શબ્દોથી રજુ કરવાનું વિશેષ મુશ્કેલ છે.

એ જ પ્રદર્શનમાં કળામય ઉઠાવ સાથે નવી કલ્પનાવાળું મોટું ચિત્ર રજુ કરનાર ભાઈ માર્કંડ ભટ્ટ ગુજરાતને નવી આશા આપે છે. તેનો 'શિલ્પી' એક આવેશમય આવિર્ભાવનું સર્જન છે. ઉછરતી કળાના દોષો તો ગણી શકાય એવા હોય, છતાં તેણે અભ્યાસજીવનને પગથિયેથી પણ વસ્તુની પસંદગી અને આલેખનમાં હિંમતભરી પીંછી ચલાવી પોતાના હૃદયનું જે વિકંપન રજુ કર્યું છે તે આગળ તરી આવે છે. ભવિષ્યમાં તે વધુ ચોક્કસ અને સુગ્રથિત સંકલનાવાળી કલાકૃતિઓ આપશે જ.



કલાકાર શ્રી રસિકલાલ પરીખ

આ સિવાય ગુજરાતની આંખો ઠારે એવાં ચિત્રો રજુ કરનાર તરીકે બેન મોતીવાળા તથા ભાઇ જી.બી. દવેનાં નામો ભૂલી શકાતાં નથી. વાસ્તવદર્શી ચિત્રકારોમાં સોરાબ પીઠાવાળા, શ્રી ગૂર્જર, શ્રી ચાવડા વગેરેના હાથની સચોટતા અને સ્થિરતા પ્રશંસનીય હતાં.

ફોટોગ્રાફી વિભાગમાં શ્રી જે. એન. ઊનવાળાને રૂપાનો ચાંદ મળ્યો છે, તે સાથે 'કુમાર'ને પોતાની કળાનો છૂટથી લાભ આપનાર ભાઇશ્રી આબીદમિયાં સૈયદને પણ પારિતોષિક મળ્યું છે. શિલ્પમાં બહેન માદ્રી દેસાઇનું 'મહિયારણ' નાનકડી ગુજરાતી ગ્રામ કન્યાનું પાત્ર સુમધુરરૂપે રજુ કરતું હતું. આ કળામાં ગુજરાતમાં તે એકલાં જ ચમક બતાવે છે અને યોગ્ય ધન્યવાદને પાત્ર છે.

'પુષ્પ' (PUSHPA) બાળકોનું અંગ્રેજી માસિક

હિંદુસ્તાનના પત્રપ્રકાશનમાં તે એક નવો જ યુગ ઉઘાડે છે. માત્ર એક રૂપિયાના વાર્ષિક લવાજમમાં અપાતાં સુંદર ચિત્રો, છપાઇ અને લેખવૈવિધ્ય જોતાં તેના તંત્રીઓને અભિનંદન આપ્યા વિના રહેવાતું નથી. પ્રશ્ન માત્ર એ થાય છે કે હિંદુસ્તાની બાળકોનું પત્ર અંગ્રેજીમાં શા માટે? આજે ભારતવર્ષમાં એક લિપિ અને એક ભાષા માટે ગંભીર ચિંતન, પ્રયત્નો તેમજ પ્રયોગો ચાલે છે તે વખતે ઊગતી ઉંમરનાં બાળકોને આટલા અંગ્રેજી જ્ઞાનની ચાળણીમાંથી જ્ઞાન લેવા પ્રેરવાથી શો આશય સિદ્ધ થાય છે એ સમજાતું નથી. પત્રના એક આપ્ત તરીકે શ્રી હંસાબ્હેન મહેતાનું નામ જોઇ ગુજરાત અભિમાન લઇ શકે; પણ સાથે જ ગુજરાતનાં બાળકો માટે આટલી સસ્તી કીમતનું માસિક આપવાની તેમની પાસેથી હક્કપૂર્વક માગણી કરી શકાય. સસ્તાપણા માટે પુષ્પ ખરેખર અજોડ લાગે છે. તેની નકલ છુટક વેચાણમાં માત્ર એક આનામાં મળી શકે છે. આ માટે માસિકના સહતંત્રી શ્રી સેવક ભોજરાજની સક્રિયતા જ કારણભૂત હશે પણ જે વાતો અને હકીકતો તેમજ આનંદ-ઉલ્લાસમય સાહિત્ય અંગ્રેજીમાં આપ્યું છે તે વાંચવા જેટલું અંગ્રેજી જે બાળકોને આવડતું હશે તેઓ તેનાથી ઉચ્ચ કોટિનું જ્ઞાન માતૃભાષા દ્વારા ક્યારનું યે પામી ચૂકયાં હશે, એટલે કાં તો તેમને આ બધું નીરસ લાગે અથવા ફરીવાર અંગ્રેજી રૂપે પચાવવું પડે. આ કીમતે તેઓ એક સરળ હિંદી માસિક આપી શકે તો બાળજનતા ઉપર ખરેખરો ઉપકાર અને જબરી રાષ્ટ્રસેવા ગણાય.

લેડી વિદ્યાબ્હેન નીલકંઠ



લેડી વિદ્યાબ્હેન નીલકંઠ

● ગુજરાતને બાકીના જગત સમક્ષ ગુજરાતના નારીત્વનું કોઇ ઉચ્ચ પ્રતીક રજુ કરવાનું કહેવામાં આવે તો અચૂક લેડી વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠનું નામ પહેલું નજરે ચડે.

જ્યારે કન્યાઓને ઉચ્ચ કેળવણીની આવશ્યકતા સ્વીકારાઇ નહોતી, જ્યારે સમાજમાં તેમના છૂટથી ભળવામાં આકાશપાતાળ એક થઈ ગએલાં લાગતાં ત્યારે, નાતના તિરસ્કાર, સમાજની ઉપેક્ષા અને સહાધ્યાયીઓની ઉચ્છૃંખલતા વચ્ચે તેઓએ ભણતરની શરૂઆતકરી.

બાળપણથી ભોળાનાથ સારાભાઈ જેવા સંસ્કારી કુટુંબમાંથી સંસ્કાર ઝીલેલા તેમાં રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ જેવાના ગુજરાતના અગ્રગણ્ય સુધારક કુટુંબમાં તેમનાં લગ્ન થતાં એ સંસ્કારોને વિકસવા પૂરતી મોકળાશ મળી. એમનાં માતુશ્રી બાળાબહેન, એમના પતિ સ્વ રમણભાઇ ને એમના મામા સ્વ કૃષ્ણરાવ દીવેટિયા તરફથી છેવટ સુધી એમને પ્રોત્સાહન મળતું રહ્યું. પરિણામે, ૧૯૦૨માં ગુજરાતનાં પહેલાં જ સ્ત્રી-ગ્રૅજ્યુએટ તરીકે મુંબાઇ યુનિવર્સિટીમાંથી બહાર પડી સર ચંદાવરકરના પ્રમુખપણા હેઠળના મેળાવડામાં જાહેર માન મેળવ્યું.


અનેક હરકતો વચ્ચે સાધેલો અભ્યાસ કે પહેલાં સ્ત્રી–ગ્રૅજ્યુએટ હોવાનું માન એ જ વિદ્યાબહેનની ખરી મહત્તા નથી. એમની સાચી મહત્તા તો ગુજરાતની જાહેર પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઇ જવાની તેમની ધગશમાં છે.

રા બ. લાલશંકર ઉ. ત્રવાડી અને લેડી લીલીના સહકારથી જાહેર જીવનની શરૂઆત કરી આજે તો ફુલ જાહેર પ્રવૃત્તિઓનાં પ્રાણસમાં તે બની ગયાં છે અમદાવાદની એવી એકે જાહેર સંસ્થા નથી જેમાં તેમનો સહકારી ફાળો ન હોય; સ્વ. રમણભાઇનું અધૂરૂં મૂકેલું એવું એકે કામ નથી જે તેમણે સંભાળી લીધું ન હોય. જરૂર પડ્યે તેમને આમંત્રતી કોઇપણ જાહેર સંસ્થાની માગણી તેમણે નકારી નથી.

મહીપતરામ અનાથાશ્રમ દ્વારા અનાથોનાં માતા તેઓ બન્યાં છે. નિરભિમાની સેવિકા તરીકે તેઓ લોકાદર પામ્યાં છે; નાની-મોટી જાહેર-ખાનગી મદદો વડે અનેક નિરાશ્રિતોનું તેઓ આશ્રયસ્થાન બન્યાં છે.

અર્વાચીન સંસ્કૃતિ સાથે પ્રાચીન આર્યત્વની ભાવનાનો સુંદર સમન્વય સાધી ગુજરાતના નારીત્વની ઉચ્ચતમ પ્રતિમા સમાં બનેલાં એ વિદ્યાબ્હેનનો મણિમહોત્સવ ગયા માસમાં ઊજવી ગુજરાતે પોતાનું ઋણ અદા કર્યું છે. —ર. મ. શ.

મારૂં હતું ને મેં લીધું



એણે તો એમ કહ્યું; પણ લોકોએ તે ન સ્વીકાર્યું, ન તો ન્યાયે તે માન્યું. તમે?–

આ વખતે કુબેરને શિયાળુ પાક કાંક સબળો હતો. ગયા વૈશાખમાં ઘરનું છાપરૂં જરી ઠીકઠાક કરાવ્યું ત્યારથી માથા પર વાણિયાનો ભારેખમ હાથ એવો આવી ગયો હતો કે કુબેરે તેમાંથી ઊંચા આવવામાં મહેનત કરવામાં કાંઈ બાકી રાખી નહિ. એનો બુઢ્ઢો બાપ મેપો જોરાવર દીકરાને બધું સંભાળી લેતો જોઈ ઘરખેતર એને નામે ચડાવી આપી છેવાડાં વરસ બેરવના અખાડામાં ગાળતો હતો. 'મારો એટલો તને બોજો ઓછો' એમ કહી કુબેરને એણે સમજાવ્યો હતો. પણ તેણે ય તે આ બેરવ જરી મૂક આશ્રો મૂકી ખેતરે આંટોફેરો કરી દીકરાનો ભાર હળવો કરવાનું માથે લીધું હતું. જોકે એમ કરવા જતાં પોતાને પેલે જનમ પણ મહેનત કરવાની ટેવ ન હોય એમ એનું હાડ દુખી આવતું; છતાં દીકરાના પ્રેમ ખાતર આટલી ઊઠવેઠ કરતો, અને તેથી કદી કદી થાક્યોપાક્યો પાસેના ગામને પીઠે 'જતો આવે' તો કુબેર પણ પોતાના માયાળુ પિતાને ટોકી શકતો નહિ.

આ વખતના ઘઉંના ખળાથી બધું પાછું પહેલાંની પેઠે મેળવી લેવાત, પણ દુખિયા મજૂરોનું નસીબ બે હાથ આગળ ને આગળ જ ચાલતું હોય છે.

'આ તે કેવો જંગલી મુલક!' કરતો ગામના જાગીરદારનો દીકરો બાપ પાછળ જાગીર સંભાળવા રાજદરબારની રંગીલી સોબત છોડીને મહા મહિનામાં આ તરફ આવેલો ને ખાખી બ્રીચિસ પર બૂરૂં ખમીસ ચડાવી ઘોડા પર બેસી હાથમાં પોલો રમવાની લાંબી સોટી રાખીને ખેતરેખેતરે કળતર કરવા (જાગીરદારના ભાગનો અડસટ્ટો નક્કી કરવા) ભમેલો. રાજદરબારના રહેવાસથી એને જમીન, માલિકી, કાયદાકાનૂન, સીમાડાની ખટપટો વગેરેનું જ્ઞાન અનાયાસે મળ્યું હતું. 'હવે તો અંગ્રેજીમાં છે એવો વિઘોટી જ કરી દઉં!' કરી પોલોની સોટી વીંઝતો ઊભા પાકમાં ઘોડો દોડાવી બીજે ખેતરે આવી ઊભો રહેતો ને કંઈ પણ જીવ લાગે એવું બનતું નથી એની અકળામણથી ચારે બાજુ ભર્યાંભર્યાં ખેતરો ભણી જોઈ રહેતો. એટલામાં એના સાગરીતો શેઢેશેઢે આવી પહોંચતા. મન ફાવે તેમ પાકમાં ડાચાં મારવાની એટલી વાર ઘોડાને સુંદર તક મળતી, અને પોતાના માલિકના બીજે અનેક સ્થળે ખાલી થઈ ગએલા કોઠાર સામું તાકી રહેવાની જે રોજની ટેવ પડી હતી એમાંથી બિચારો છુટકારો અનુભવી રહેતો.

'યે કિસકા ખેતર હૈ?' રૂઆબથી જાગીરદારે પૂછ્યું.

'મારૂં, કુબેર મેપાનું, માવતર' કહેતોક ને શાંત છતાં મજબૂત માથાનો કુબેર આગળ આવીને ઘોડાની લગામ ઝાલી અદબપૂર્વક જવાબ આપવા લાગ્યો.

જુવાન જાગીરદારને શરૂઆતમાં આ ઘોડાને સંભાળવાનો વિવેક ગમ્યો પણ ખરો. પણ તરત ઘોડાએ પોતાના હક્ક પર તરાપ મારવામાં આવી હોય તેમ આંચકો મારી કુબેરના હાથમાંથી છટકીને પાકમાં મોઢું લગાવ્યું; ને કુબેરે ફરીથી લગામ ઝાલી એને વિવેક શીખવ્યો: 'આખી જાગીરના કોઠાર ખાલી કરી દે છે ને તોય ધરાતો નથી? પીઠ પર બેઠેલાની તો વટ રાખ.' આમ કહીને એણે એના મોઢામાંથી કલ્લાં ખેંચી લીધાં ને એકએક સળી ખેંચી લઈ 'લગામે કેવી ચૂંથી દીધી છે!' કહી લગામ બરોબર સાફ કરી.

દરમ્યાન, જુવાન જાગીરદાર બેદરકારીનો ડોળ કરીને કારભારીને ખેતરના પાકનો અડસટ્ટો નોંધાવતો હતો, પણ એનું ધ્યાન આ તરફ જ હતું. આ બેકૂફ એક કલ્લી માટે આટલી હોશિયારી કરે છે ને પોતાના ઘોડાની ઝૂલ પર હાથ લગાવે છે! એનું સત્તાશીલ મગજ ધૂંધવાવા માંડ્યું. હજી તો હું ડાહ્યોડમરો થઈને રહું છું, પણ આ તો ઘઉંના પાંચ છોડ ખાતર મારી

જેમાં માણસને ખુદ પોતાની જ આયપતમાંથી ચોરી કરવા જેવી સ્વયંવિરોધી બેહૂદી મતિ સૂઝે છે એ જમીનદારીની બેજવાબદાર પદ્ધતિ પર પ્રહાર કરતી વાતો

આડો આવીને ઊભો રહે છે!

કારભારીને એણે ઠંડે પેટે મોટેથી પૂછ્યું: 'કેટલા? સિત્તેર મણ કહો છો?' અને પછી ઘઉંના ભરચક ખેતર તરફ હાથ કરીને બોલ્યો 'આ ઘઉં તમને સિત્તેર મણ જ લાગ્યા? એની ઊંબી જુઓ, કણ જુઓ!' કહી કુબેરે ઘોડાના મોંમાંથી ખેંચી લીધેલા કલ્લાની અરધી ચવાએલી ઊંબીમાંથી દેખાતા કણ પર એણે પોલીસની લાકડી લગાવી, અને 'લખો દોઢસો મણ!' કરતોક ને ઘોડાને એડ લગાવી બીજે ખેતરે ચાલ્યો ગયો.


કુબેર લથડિયું ખાતાં બચી ગયો, પણ એનું મગજ તો ઢગલો જ થઇ ગયું હતું. 'માવતર, દોઢસો મણ બાપદાદે કોઇએય દીઠા હોત તો તાલેવાન થઇ બેઠા ન હોત?' કારભારી ચાલવા માંડયા હતા એની આડો ઊભો રહીને કરગરવા લાગ્યો: 'માવતર, ત્રણ ગણો કર તે કઇ રીતે ભરીશ? પાંચમા ભાગના ત્રીસ મણ. ને પૂરા એટલા તો ઉતરવાના યે નથી. મારે તો લણવું જ નથી ખેતર. રાજને જોઇએ તો લઇ લે. માવતર, આમ નરાતાળ કળજગ તે હોય?'

'બસ, બાજુ બસ,' કરી રસાલો આગળ ચાલ્યો.

'માવતર, તો દસ મણ મને લેવા દઇને આખું ખળું સંભાળી લેજો, માવતર.' પણ કારભારીએ માત્ર એટલું જ કહ્યું કે 'એ વેળા અરજ કરજે. પોતે ખ્યાલમાં લે પણ ખરા.'

આજાગાળે ગામમાં ગુમરાણ મચી રહી હતી. કહેવાનો આશય એવો નથી કે સૌને અન્યાય થયો હતો. ઊલટું કોઇ-કોઇને તો યોગ્ય કર કરતાં પણ ઓછું આપવાનું આવ્યું હતું. કોણ જાણે એમનાં ખેતરે ગયા હશે ત્યારે જાગીરદાર કોઇ ને કોઇ કારણે મોજની ધૂનમાં હશે. પણ તેથી તો બીજા જે કોઇ જણાને ખરેખર અન્યાય થયો હતો તેઓ બૂમ પાડી ઊઠ્યાં. આ શો જુલમ? હળાહળ અન્યાય!

કોઇ જઇને અરજ પણ ગુજારી આવ્યું. વાત સંભળાઇ કે પરબતના ખેતરમાં જાગીરદાર પંડે જઇને ખળાની મોજણી કરી પાંચમો ભાગ પોતાનો અલગ કરાવી જશે. ગામમાં ફરી પાછું લોકલૂલીનું ઝડપી છાપું ખબર ફેલાવી ગયું: 'વાહ! છે તો બાપનું નામ



ટોપલી ભરતો કુબેર વિચારે ચડ્યો

ઉગળે એવો! જુવાન પણ કેવો સમજદાર!'

કુબેર મનમાં એ જ વાત ઘોળતો હતો. લાગને જઈને એને પગે પડું ને સત્યાનાશમાંથી ઉગરી જાઉં. આમ ને આગ રહેશે તો તો કણે પામીશ નહિ ને વાણિયાનું વ્યાજ તેય ડૂબ્યા કરશે.

'લે, હવે એક ટોપલી ભરતાં વાર કેટલી? આગે હતા તારા જેવડા ત્યારે પંડે ટોપલી ભરતા ને પંડે ઉપણતા ય તે!' લાકડાની ઘોડી પર ઊભા ઊભા ગેપા ડોસાએ ટકોર કરી. એના હાથમાંથી ખાલી ટોપલી, ભરેલી આપીને, કુબેર પાછો ટોપલી ભરવા નમ્યો. 'ઓરો ઓ....' એવો અવાજ કરીને ગેપો ડોસો વાયરાને આમત્રવા લાગ્યો ને થાકેલાં બાવડાં વડે પણ જોરથી ઉપણવા મંડ્યો.

નીચે કુબેર ટોપલી એમની એમ રહેવા દઈને બાપ સામું જોઈ બોલ્યો: 'તમે કહો ન કહો. પણ જઈને ચોરામાં અરજ તો કરી જ આવું.'

'તને ના ય તે કોણે કહી? લાવ, લાવ, ટોપલી લાવ. ઝટ પતાવી મેલું.' ને ફરી પાછો 'ઓરો ... ઓ'ના લલકારથી પવનને લલચાવતો, ડોસો ઉપણવા લાગ્યો.

પતી ગયું એટલે પોતિયાનો છેડો ખંખેરતો ગેપો ડોસો મનશું ગણગણવા લાગ્યો: 'આ સમાનો વાયરો તેય શો મોંઘો થઈ બેઠો છે? બાવડાં દુ:ખી ગયાં મારાં. ભૂંડો મારા નસીબની પેઠે આજ ક્યાંય જઈને ભરાઈ બેઠેલો.'

'ઠીક ત્યારે, બાપા, ચોરે જઈ આવું. પેલા પરબતનું કર્યું તેમ આપણુંય કરશે. ઊંચે આંગળી કરીને કહીશ કે એનાથી ને આપનાથી રૈયતમાં ભેદભાવ ન રખાય.' એણે પરબતને કેવડો મોટો ફાયદો થઈ જશે એની લોકવાયકા ઉમળકાભેર બાપને વર્ણવી ને પોતાને પણ એવો જ ફાયદો થઈ ગયો હોય એમ આનંદમાં આવીને ચાલવા માંડ્યો.

'જાય છે ક્યાં? અહીં....'

'ડોસા, અપશુકન કરવાની તમારી ટેવ મેલો હવે' વચ્ચેથી તડૂકીને કુબેર આગળ ચાલ્યો.

પણ દોડીને એને રોકીને ડોસો ઊભો રહ્યા. 'ઊંહું, એવા રોજરોજ પૈસા ક્યાંથી કાઢું તે?' કહી કુબેર ચાલ્યો ગયો.

ડોસો ઊભો જ રહ્યો. થોડીવારે રહીને બોલ્યો: 'એ....ત્યારે, આમાંથી પોટલી બાંધી જાઉં છું. જેના હશે તેને બાપ.'

કુબેરે પાછળ સાંભળ્યું તો ખરું. પણ એણે એ માન્યું ન માન્યું કર્યું ને ચાલ્યો ગયો.

'જુઓ, પેલા કુબેરને સુદ્ધાં રાહત આપી' લોકો બીજે સવારે બોલવા લાગ્યાં.

'એમ કરતા જશે તો કાલ ઊઠીને ચોરો વેચીને ચાલ્યા જવું પડશે.' કોઈ ડાહ્યું માણસ હસ્યું.

'હા, ભાઈ, આવડી મોટી જાગીર છે ને બે માણસને અન્યાય થાયે ખરો!' એક ઉપર નહિ પણ જજમાનવૃત્તિ પર જીવનાર કોઈએ ન્યાયાન્યાયનું શાસ્ત્ર સુદ્ધાં રચવા માંડ્યું.

બીજે દિવસે રાત પડયે કામ પતાવી થાક્યોપાક્યો ગેપો ડોસો બેઠો હતો ત્યાંથી એકદમ ઊઠ્યો ને ખળાના ઘઉંમાંથી ગાંસડી બાંધવા મંડ્યો. પોતાના દેખતાં કોઈ દુષ્ટ એક કુમારિકા પર હાથ ચલાવવા જતો હોય ને માણસ જેમ ગર્જી ઊઠે એમ કુબેર ખળાની ઓતરાદી બાજુ રાડ પાડી ઊઠ્યો: 'ડોસા, મારા સમ તમને!'

'એનું પાપ એના માથાગ. દોઢસો મણ કાઢ્યો'તો તે લઈ જાય હવે દોઢસો કાપ્યુ ત્યારે ખરો.'

'ને તમારું ઘર બધું ફેંદી નાખ્યા તો? કાંઈ સાત સોમાં નવ્વાણુંનો તો ગોટાળો નહિ થતો હોય!'

'વાહ, તું યે ધરમાવતાર લાગે છે.' કહી બાજુ જોઈ ડોસો બોલ્યો, 'ભલે, ભાઈ, ભલે. આપણે આપણા કામથી કામ!' પછી કુબેરની બાજુ જોઈ બોલ્યો 'મારા દનિયા જેટલા બાંધી જતાં કયો રોકે એમ છે....આવા બોર જેવા ઘઉં છે પણ કબો કલાલ એને સુંઘે છે ય ક્યાં, સુંઘે?'

બીજી રાતે ને ત્રીજી રાતે પણ ડોસો પાછો આવીને ખળામાં પડ્યોપડ્યો પોતાના મનથી પોતાને શાબાશી આપતો હતો 'હમણાંતો ઠીક પરબારો બાંનો થાઉં છું.'

ખમ્મા અંગ્રેજ સરકારને તે સવારસાંજ પોતાના હક્કોનો મુખપાઠ કરી જવા ને નવા હક્કો નિપજાવવાની પેરવી કરવા ઉપરાંત જાગીરદારોને કંઈ કામ રહ્યું નથી. લોકો કહેવા લાગ્યા હતા કે પરબતનાં ને કુબેરનાં ખળાં પડી રહ્યાં છે, પણ જાગીરદાર દારૂમાંથી પરવારતો નથી ને ભાગ નક્કી કરતો નથી.

'બનાવે છે, બનાવે.' કોઇ બોલ્યું.

કુબેર ઊભો થઇને ઘઉંના ઢગલાને ઠીક કરી એની ઉપરનું રાખનું કુંડાળું બરોબર કરવા માટે જાય છે ત્યાં તો એને ગળાગાળાથી જાગીરદારના સાગ્રીતે ઝાલ્યો: 'બોલ, બદમાશ, ઢગલા ફરતી આ રાખની દોરી કોણે ભૂંસી ?'

જાગીરદાર બોલ્યો: ખાસ્સું પાંચ મણનું ગાબડું પડેલું છે.' એનાં માપ જાલિમ હતાં.

'માવતર, ચોર! ચોર!!' કુબેર બરાડી ઊઠ્યો: 'ચોર! ચોર! માવતર.'

એને થયું કે પોતે ઠીક ગોઠવી દીધું.

'તો તું અહીં શું વાઘ મારતો હતો?'

'માવતર, થાક્યાપાક્યા જરી ઝોકું આવી ગયું. મારા ગરીબને ઘેર . . . .'

'તારી ગરીબની ક્યાં વાત છે? પણ જાગીરની મિલ્કત તમે લોકો આમ જ લુંટાવો છો ને?' જાગીરદાર બોલ્યો.

'માવતર, જાગીરને તો કાનખજુરાના સો પગમાંથી એક ભાંગ્યો, પણ મારે ગરીબને . . . .'

'ચલ, બંધ કર. સમજે છે? ફોજદારી ગુન્હો તે આનું નામ.'

ચપોચપ હુકમ કરીને એણે આજુબાજુ માણસો મોકલી તપાસ કરાવી. ગામના બીજા ચાર માણસોને બોલાવી પંચક્યાસ કર્યો.

તાલુકા કોર્ટમાં ગેપા ડોસાને આરોપી તરીકે ઊભો કરવામાં આવ્યો હતો ને હવે મૅજિસ્ટ્રેટ સજા સંભળાવવાની તૈયારીમાં હતા. કેસ આખો ચોકખો હતો. ખાતેદાર કુબેરના ખેતરમાંથી ગેપા નાગનો સણસ અંધારી રાતે ઘઉંની ચોરી કરીને નાઠેલો અને ગામ મજકુર પડખેના ગામ ભીમાપરાના કલાલ નામે કબાની દુકાનમાં મુદ્દામાલ સાથે તે પકડાએલો. કેસની તપાસ દરમ્યાન ખેડુ કુબેરની સાક્ષી આરોપીને ગુનેહગાર ઠેરવવા માટે પૂરતી હતી.

ગેપો ડોસો અનેક ડરામણી મનામણીની સામે થઇને પણ બરાડી ઊઠ્યો: 'માબાપ, મને ફાંસી દો, પણ ચોરીનું આળ દેશો મા. બળદની પેઠે મેં મજૂરી કરી છે. મારૂં હતું ને મેં લીધું એમાં કોની ચોરી કરી છે? બાપા જમીન તે કયો માનોજણ્યો જોડે લઇને અવતરે છે? . . . .'

એને ચૂપ કરી દેવામાં આવ્યો. મૅજિસ્ટ્રેટે ચુકાદો આપ્યો: 'સાડા ત્રણ મહિના, સખ્ત મજૂરી સાથે.'

'જાગીરદાર છે તો કાબેલ!' ગામલોકોએ પોતાનો મત સુધાર્યો.

. . . . . .

કુબેર તાલુકાની જેલ પર ડોસાને મળવા ગયો ત્યારે ડોસો મનશું ગણગણતો હતો: 'હમણાં ઠીક પરભારા રોટલા નીકળે છે!'

'વાસુકિ'

આપણી નજરે

આંધ્ર યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર સર એસ. રાધાકૃષ્ણનને ઑક્સફર્ડ યુનિવર્સિટીએ તુલનાત્મક ધર્મના અધ્યાપક નીમ્યા છે.

તા. ૨૦મી જાન્યુઆરીના રોજ શહેનશાહ પાંચમા જ્યૉર્જનું સૅન્ડ્રિંગહામ ખાતે અવસાન થયું. નવા શહેનશાહ તરીકે તેમના પાટવી પુત્રને આઠમા એડવર્ડ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમના રાજ્યારોહણનો વિધિ આવતા વર્ષે વેસ્ટમિન્સ્ટર ઍબીમાં કરવામાં આવશે.

મર્હુમ પાંચમા જ્યાર્જના જ્યુબિલીના ફંડનાં નાણાંથી ત્રાવણકોરમાં ક્ષયની સારવારની એક હૉસ્પિટલ તથા રેડિયમ અને રેડિયૉલૉજીના શિક્ષણની એક સંસ્થા એમને નામે ખોલવામાં આવશે.

એવરેસ્ટ પર પાંચમી ચડાઈ કરવા મિ. રટલેજની સરદારી નીચે યુરોપના બાર સાહસિકો હિંદ આવ્યા છે.

કલકત્તા યુનિવર્સિટીના એક વિદ્યાર્થી રામસહાય વિશ્વાસ હિંદમાં પહેલી જ વાર હિંદી સાધનોથી હાઇડ્રોજન પેરોક્સાઈડ બનાવશે.

ખુલ્ના બારમાં બેસતા વકીલ પંચાનન વિશ્વાસની ૧૦૧મી વર્ષગાંઠ હાલમાં જ ઊજવવામાં આવી છે. હજુ તેઓ સંપૂર્ણ તદુરસ્ત હાલતમાં પોતાની પ્રૅક્ટિસ ચલાવી રહ્યા છે.

ભાવનગરના દરિયાની રેતી પરીક્ષા માટે જર્મની ગઇ છે.

લાઠીના ઠાકોર સાહેબે હરિજનોને કોર્ટમાં આવતા ન અટકાવવા ને તેમની અરજો છેટેથી ન લેવાનું ફરમાન કર્યું છે.

સ્મરણયાત્રા



નિશ્ચયનું બળ

[મહાશિવરાત્રી]

'ગમે તે થાઓ, હું શિવરાત્રીનો અપવાસ તો કરવાનો જ.'

મને જનોઈ પણ આપવામાં આવી નહોતી. એટલા નાનપણમાં મને મહાશિવરાત્રી જેવા આકરા અપવાસ કોણ કરવા દે? પણ મેં તો હઠ લીધી કે 'ગમે તે થાઓ હું મહાશિવરાત્રી કરવાનો જ.'

મહારાષ્ટ્રના બ્રાહ્મણોમાં સ્માર્ત અને ભાગવત એવા મુખ્ય બે ભેદ પડે છે. સ્માર્ત બધા મહાદેવના જ ઉપાસક હોય છે એમ નથી, અને ભાગવત બધા વિષ્ણુના જ ઉપાસક હોય એવો પણ નિયમ નથી. છતાં કાંઇક એવો ભેદ ખરો. અમે મહાદેવના ઉપાસક. મંગલેશ અને મહાલક્ષ્મી એ અમારાં કુલદૈવત. અમારા ઘરની બધી ધાર્મિક વિધિઓ સ્માર્ત સંપ્રદાય પ્રમાણે ચાલે. ફક્ત એકાદશી એમાં અપવાદ. અમે બીજી એટલે ભાગવત એકાદશી કરીએ. છતાં ઘરમાં વિષ્ણુની ઉપાસના નહિ.

મારા મોટા ભાઇ કેશુના સહવાસથી મારામાં મહાદેવ પ્રત્યે ખાસ પક્ષપાત જન્મ્યો. મહાદેવ એ જ મોટા દેવ. એની આગળ બધા દેવો તુચ્છ છે. સમુદ્રમંથન વખતે દરેક દેવ લોભથી ભિખારી થઇ એક એક રત્ન ઉપાડી ગયો. વિષ્ણુએ તો બરાબર બળિયાના બે ભાગ કર્યા. ફક્ત આમારા મહાદેવ દુનિયાનું દુઃખ વહોરી લઇ નીલકંઠ બન્યા. દેવ હોય તો એવો જ હોય, એમ મન સાથે નક્કી થઇ ચૂક્યું. આપણે પણ જીંદગીમાં એ જ ન્યાયે ચાલવું જોઇએ એમ પણ મનમાં હમેશ આવતું. એ અરસામાં નાનાએ કાંઇક હઠ લઇને 'શિવલીલામૃત'ની ચોપડી પિતાશ્રી પાસેથી લઇ લીધી. પછી તો પૂછવું જ શું? રોજ સવારે ઊઠી, નાહી એક બે કે વધારે અધ્યાય વાંચીએ. શ્રીધર કવિની ભાષા. વર્ણનો કરે ત્યારે પ્રત્યક્ષ દેખાવ નજર આગળ ઊભો કરે. અને શબ્દસમૃદ્ધિ તો પાર વગરની. વચમાં વચમાં બહુ જ ઉઘાડો શૃંગાર આવી પણ જાય એ ખરું; પણ અમને એનો સ્પર્શ પણ થતો નહિ. આ ભાગ ગંદો છે એટલું તો જાણીએ, પણ મનમાં વિકાર પેદા થાય એવી ઉંમર જ ન હતી. એ શિવલીલામૃતમાં મહાદેવના અનેક અવતારો અને ભક્તોનાં ચરિત્રો વર્ણવેલાં હતાં. મહાદેવ ચંડકોપી પણ આશુતોષ છે. ભોળા શંભુ રાજી થાય ત્યારે ગમે તે આપે, એવા દેવની ભક્તિ જે ન કરે તે અભાગિયો, એવું મન સાથે નક્કી થઇ ચૂક્યું હતું. સવારથી ઊઠીને એનું નામસ્મરણ કરીએ; આખું શિવલીલામૃત વાંચીએ; દૂર દૂર જઇ ગમે ત્યાંથી બિલીપત્ર લઇ આવીએ અને મહાદેવની પૂજા કરીએ.

એક દિવસે વાંચ્યું કે નાના છોકરાઓની ભક્તિથી મહાદેવ સવિશેષ પ્રસન્ન થાય છે. મેં હઠ લીધી કે

સાદીની ફૂલવાડી

મર્દ તે નથી, જે મદોન્મત્ત હાથી સામો ઝૂઝે છે; પરંતુ મર્દ તો તે જ છે, કે ક્રોધ આવ્યા છતાં જે અનુચિત વચન પણ કાઢતો નથી.

એક દુષ્ટે કોઇને ગાળ દીધી, તો એણે કહ્યું, 'અરે ભલા માણસ, તેં કહ્યું તેથી પણ હું તો ક્યાંય ભૂંડો છું: કારણ મારા દોષ એટલા તું નથી જાણતો, જેટલા હું જાણું છું.'

દે. વા.

અમે મહાશિવરાત્રી કરવાના'. બાએ કહ્યું, 'તું મોટો થા, તને એક દિકરો થાય, પછી ભલે શિવરાત્રિ કરજે. તુ શિવરાત્રિ કરે એમાં અમે રાજી છીએ; પણ તારા જેવા છોકરાઓ માટે એ વ્રત નથી.' પણ હું માનું શાનો? પિતાશ્રી સુધી વાત ગઈ કે દત્તુ જમતો નથી કે કશું ખાતો યે નથી.

પિતાશ્રીએ મને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. એમણે કહ્યું, 'મહાશિવરાત્રી એ મહાદેવનું વ્રત છે. એ તોડાય નહિ કે છોડાય નહિ. એક વાર લીધું કે કાયમનું ચોંટયું. એના પાલનમાં ગફલત થઇ તો મહાદેવ સત્યાનાશ કરી નાખે. તારે ફળાહાર જ કરવો હોય તો એકાદશી ભલે કરજે. એ હળવું વ્રત છે. જેટલા દિવસ કરો એનું પુણ્ય મળે અને છોડી દો તો યે વાંધો નહિ. વિષ્ણુ કોઇનો સંહાર ન કરે.' મેં કહ્યું, 'મને તો મહાદેવની જ ભક્તિ છે. હું ફળાહારની લાલચે વ્રત કરવા નથી બેઠો. મારે મહાદેવને પ્રસન્ન કરવા છે. હું તો મહાશિવરાત્રી જ કરવાનો.'

'પણ તારા મોટા ભાઇઓ તો જો! એક જણ સંધ્યા જ નથી કરતો અને એને ડુંગળીનાં ભજિયાં વગર ચાલતું નથી. બીજાએ માથા પર ખ્રિસ્તી લોકોની જેમ વાળ રાખ્યા છે અને હવે તો આઠ આઠ દિવસે હજામત કરવાને બદલે એકલી દાઢી જ કરે છે. ઘરમાં ભ્રષ્ટાચાર પેઠો છે. તું કૉલેજમાં જઇશ એટલે તું પણ એવો જ થવાનો. મેં ભૂલ જ કરી આ લોકોને પૂને મોકલીને. આજે વ્રત લઇશ અને કાલે તોડી નાખીશ એ શા કામનું? ડાહ્યો થઇને જમવા બેસ અને નાહક અમને દુઃખ દે નહિ.'

મેં તો એક જ વાત પકડી રાખી. કરગરીને મેં કહ્યું, 'હું આ લોકો જેવો નથી થવાનો. તમે ખાત્રી રાખો કે હું શિવરાત્રીનું વ્રત કોઇ કાળે તોડીશ નહિ.' મારી નિષ્ઠા પુરવાર કરવા માટે મેં એક દાખલો પણ આપ્યો. હમણાં જ થોડા દિવસ ઉપર હું અબોટિયું પહેરીને જમવા બેઠો હતો, એટલામાં અણ્ણા હજામત કરીને આવ્યો અને નાહ્યા વગર મને અડી ગયો. હું ભાણા ઉપરથી ઊઠી ગયો અને તે દિવસે સવારે કે સાંજે કશું ખાધું જ નહિ. મેં એને ચોકખેચોકખું કહ્યું કે હું કૉલેજમાં ભણીશ તો યે તારા જેવો તો નથી થવાનો.'

મને થવા લાગ્યું કે આ શું? એક તરફ ભાઇઓ વઢે છે કે દત્તુ વહેમી છે; સાવ ભટજી છે. અને બીજી તરફ પિતાશ્રી શંકા લાવે છે કે દત્તુ નાસ્તિક થવાનો, કેમકે મોટા ભાઇઓ એવા. હવે મારે કરવું શું? હું છાટચો. મેં પિતાશ્રીને અકડાઇથી જવાબ આપ્યો, 'આજે તો હું નથી જ જમવાનો; પછી ગમે તે થાઓ.' પિતાશ્રી પણ બરાબર ચિડાયા. તેઓ પણ મહાદેવના જ અવતાર.

અજાણ્યાં આંસુ



જગતના દુઃખે દુઃખી ન થઇ શકવાનો પોતાનો સંતાપ કહેતા આ સૉનેટની પહેલી બાર લીટીમાં જે કરુણતા ગાઈ છે તેને છેલ્લી બે લીટીમાં સમાધાન માટે શોધેલા માર્ગમાં રોચે પહોંચાડી છે

· શિખરિણી ·

અજાણ્યાં આંસુને અલગ નિરખું એકલ ખડો,
ન રોવું રહેવું કૈં મુજ કરમ, સદ્‌ભાગ્ય ગણવું?
અહીં બાજે ગાજે જગસમરનો ભૈરવ પડો.
છુંદાતાં હૈયાંથી ઝરત રસને કેમ મનવું?

લઈ આવું ક્યાંથી અજબ પરિણામી જડીબુટી,
અને અશ્રુસ્થાને ગજબ ફરકાવું જ હસવું.
'ભૂંડા એ યત્ને તો નરવર ગયા યે કંઇ ખૂટી,
હસ્યે શું સૌ સિદ્ધિ? સરળ ગણતો શું તું રડવું?'

અને મ ફૂંફોળ્યું જિગર ગ્રહવા અશ્રુકણિકા,
વસી ત્યાં તો જાણે જગ સકળની જિદ્દી જડતા,
અને દૃષ્ટે સો સો ટન વજનના અદ્રિ પડતા,
અરે આ જાડચે શું નહિ જ લસશે જ્યોતિ ક્ષણિકા?

શકું જો ના રોઇ, પથરઉરની વાટકી કરી,
અજાણ્યાં આંસુ ત્યાં જગતભરનાં લૈશ જ ભરી.

સુન્દરમ્


ચિડાય ત્યારે બરાબર પ્રસાદ ચખાડે. ડાબે હાથે મારું બાવડું ઝાલ્યું અને સાથળ ઉપર ચાર તમાચા લગાવ્યા! તમાચા દીઠ ચારચાર આંગળીના સોળ ચામડી પર ઊઠી આવ્યા!

અપવાસને દિવસે ધરાઈને માર ખાય તો યે અપવાસ તૂટતો નથી એ ધર્મશાસ્ત્રની સગવડ કેટલી સારી છે? મેં માર ખાધો, પણ ન જમ્યો તે ન જ જમ્યો. શ્રદ્ધા હતી તેટલું રોયો અને પછી છાનો રહી દેવઘરમાં જઈને નામસ્મરણ કરતો બેઠો. સાથળ તો ગરમગરમ થઈ હતી. ઘરમાંથી કેટલાક લોકો વૈજનાથની યાત્રાએ ગયા હતા. મને કોઈ ન લઈ ગયું એથી ધૂંધવાતો તો હતો જ. એટલામાં ચાર વાગ્યા. હવે મારી બીજી કસોટી શરૂ થઈ. બાને થયું કે ભલે અપવાસ ભાઈ કરે, પણ અપવાસને દિવસે જે ખવાય એવી બધી વસ્તુઓ લે તો સારું; નહિ તો બાળ વયમાં પિત્ત વધી પડશે તો બીજે દિવસે માંદો પડવાનો. બાએ બટાકા, મગફળી, ખજૂર અને સાબુચોખામાંથી જાતજાતના પદાર્થો તૈયાર કર્યાં અને મને ખાવાને નોતર્યો. મારો વિચાર નકોરડો કરવાનો હતો. તીર્થનાં પાંચદસ ટીપાં પેટમાં જાય એના ઉપરાંત પાણી પણ પીવું ન હતું. અપવાસ કરીએ ત્યારે મહાદેવ પ્રસન્ન થાય એવો જ કરીએ. મેં ના પાડી.

હું આટલી જિદ્દ કરીશ એવો તો કોઈને ખ્યાલ સરખો નહોતો. ફરી પિતાશ્રી સુધી ફરિયાદ ગઈ. એમણે કહ્યું કે તને શિવરાત્રીનું વ્રત કરવાની છૂટ છે; પણ હવે આ ફળાહારની ચીજો તો ખાજે. આ વખતે તો દલીલ કે આજીજી કરવાની પણ મારી દાનત ન હતી. મેં તો મારું મોઢું જ સીવી લીધું. ખાવાને કે બોલવાને એ ઊઘડે જ શાનું? મોઢું ખોલ્યા વગર ખવાય એવી તો એક જ ચીજ હતી; અને તે પિતાશ્રીને હાથે ફરી ધરાઈને ખાધી. પિતાશ્રીનો નિશ્ચય થયો હતો કે આને તો ખવડાવ્યે જ છૂટકો. આ વખતે સવાર કરતાં યે વધારે માર ખાધો. એટલામાં મોટાભાઈ આવ્યા. એમણે મને પકડીને જબરદસ્તીથી મોઢામાં દૂધ રેડ્યું. મેં એ ઓકી કાઢ્યું. પછી તો હું તોફાને ચડ્યો. જે કોઈ પાસે આવે એની સામે થાઉં. એટલામાં મહાદેવને મારી દયા આવી અને એમણે મારા મામાને અમારે ત્યાં મોકલ્યા. મામાએ બધો પ્રકાર જોઈ લીધો–જાણી લીધો. મામાએ મારી ભેર તાણી. એમણે પિતાશ્રી આગળ વહેવારની દૃષ્ટિ મૂકી: 'જવા દો એને. લગભગ સાંજના પાંચ તો થવા આવ્યા છે. હવે બહુબહુ તો ત્રણ કલાક એને તાણવા પડશે. પછી સૂઈ જશે.' પછી મારી મા તરફ વળીને કહે, 'ગોદુ, આને સવારે પાંચ વાગે ઉઠાડીને નવડાવીને જમાડજે એટલે પત્યું. કોઈની ધાર્મિક લાગણીની આડે ન આવીએ એ જ સારું. આટલી શ્રદ્ધાથી અપવાસ કરે છે એ માંદો નહિ જ પડે; અને પડશે તો વેઠી લેશે.'

હું ફાવ્યો. પિતાશ્રીએ મને કહ્યું, 'ચાલ દેવઘરમાં. ત્યાં કુલદેવ આગળ ઊભો રહી કબૂલ કર કે કૉલેજમાં જઈ ગમે તેટલો નાસ્તિક થઈશ તો યે મહાશિવરાત્રીનું વ્રત છોડીશ નહિ.' મેં રાજીખુશીથી એ કબૂલાત આપી. અને ત્યારથી આજ સુધી મહાશિવરાત્રીનો અપવાસ બરાબર કરતો આવ્યો છું. એક જ વખતે તિથિ ધ્યાન ન રહેવાથી ગફલત થઈ હતી. એનું પ્રાયશ્ચિત્ત મેં બીજે દિવસે કર્યું, છતાં એ પ્રમાદનો વિષાદ હજી ગયો નથી. હું આશા રાખું છું કે મહાદેવ મને એ ત્રુટીને માટે ક્ષમા કરશે. પિતાશ્રીના ગુજરી ગયા પછી જ એ ગફલત થએલી એટલે એમની માફી માગવાનું તો ક્યાંથી બને!

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદર તમારા આત્માને સોહાવી રહેશે.

જે પોતાના સ્વતંત્ર વિચારો ધરાવતો નથી તે કદી સ્વતંત્ર કાર્ય કરી શકવાનો નથી.

પાપ એ ભૂલ, મૂર્ખાઈ અને પક્ષપાતી નજર સિવાય બીજું શું છે?

કાર્યમાં ન પરોવાએલી બુદ્ધિ આંધળી રહે છે અને બુદ્ધિમાં ન પરોવાએલું કાર્ય પાંગળું રહે છે.

ન ભૂલના કે જિંદગી ફૂલ જેવી છે. પૂરી ખીલી પણ ન રહી હોય તે પહેલાં એ કરમાવા લાગે છે.



ચિત્તાની ખુન્નસ

રખેવાળના ચાબુકનો ફરી સબાકો બોલ્યો ને ચિત્તાનો ઘુરકાટ ફરી ચાલુ થયો. નવા આવેલા સરકસનો આજે પહેલો જ ખેલ હતો અને પહેલા પ્રયોગે ચિત્તો જાત પર જવા લાગ્યો હતો. પ્રેક્ષકો સૌ બેઠકો પરથી અરધા બેવડા વળી જઈ શું થાય છે તે ફાટી આંખે જોઇ રહ્યા હતા.

ગંગાધર સરકસનો જૂનો માણસ હતો. બીજાં યે અનેક સરકસોમાં તે કામ કરી ચૂકેલો. તેણે પોતે યે આજે ચિત્તા અને વરૂને રિંગમાં સાથે ન લાવવા માલિકને પહેલેથી સૂચના કરી હતી. તે સૂચના અવગણાઇ હતી અને તેનું આ પરિણામ હતું.

પણ ગંગાધર ચિત્તાની કમજાત ઓલાદને પહેલેથી જ ઓળખી ગએલો. તે એમ ગાંજ્યો જાય એમ ન હતો. તેણે ફરી ચિત્તાની પીઠ પર ચાબુક વીંઝ્યો ને ભાલા માટે હાથ લંબાવ્યો. ત્યાં તો ચિત્તો શાંત પણ થઈ ગયો. હડપ કરતોક ને તે શરીર સંકોરી બળતા પૈડામાંથી કૂદી ગયો.

કેવી કમનસીબ પળે ખેલ શરૂ થયો હતો કે પ્રેક્ષકો તાળીઓ પાડી રહે તે પહેલાં તો બીજો ભયંકર બનાવ બન્યો. ગંગાધરના જરીપુરાણા કોટ પર એક ઊંદરડીને ચડતી સામેના સ્ટૂલ પર બેઠેલો વરૂ જોઇ ગયો. કમાન-માંથી તીર છૂટે એમ એ વફાદાર પ્રાણીએ તેને ત્યાંથી પાડી દેવા તરાપ મારી. એ જ વખતે પોતાના સ્થાનકે પહોંચવા સામેથી ચિત્તાએ કૂદકો માર્યો ને અધવચ્ચે અદ્ધર અથડાઇ બંને પ્રાણીઓ જમીન પર પટકાયાં.

એક નાચીઝ વરૂની આવી દખલ ચિત્તો સહન કરે તો તો એની જાત જ લજવાય ને? કારમો ઘુરકાટ કરતો તે વરૂને બાઝી પડચો. વરૂ પણ તેવા જ ઝનૂન-થી તેને ચોંટચો. પ્રેક્ષકોનાં મોંમાંથી અરેરાટી નીકળી ગઇ. સ્ત્રીઓ તો પોતાનાં બચ્ચાંને ખોળામાં વીંટાળતી હાંફળીફાંફળી બની ગઇ હતી. પુરુષોની આંખો પણ ભયથી મૂઢ જેવી બની ગઈ હતી. ચાબુકથી મામલો કાબુમાં ન આવતાં ગંગાધરે ભાલાનો વપરાશ કર્યો. બંને બાજુ ચચ્ચાર માણસો ભાલા સાથે ગોઠવી દીધા અને બંને પ્રાણીઓના શરીરમાંથી લોહીની શેરો ફૂટે ત્યાં સુધી ભાલા ઘોંચવા લાગ્યા. આખરે બંને ઠંડા પડચા એટલે તરત જ બંનેને પીંજરામાં પૂરી પીંજરૂં બહાર ખસેડી જવામાં આવ્યું.

સરકસનાં માણસોએ તો જાણે કંઇ બન્યું ન હોય એમ પોતાનો ખેલ ચાલુ કર્યો. બીજાઓ જોવા ભાગ્યશાળી ન થએલા એવી કસોટીની પળ પોતે જોઇ હતી એવા ગૌરવથી પ્રેક્ષકો પણ હરખાતે મને ખેલ જોવા લાગ્યા.

ખેલ ખલાસ થયા બાદ ગંગાધર કોઇકને વાત કરી રહ્યો હતો: 'આ ચિત્તા ને વરૂને પહેલેથી જ હાડવેર ચાલ્યું આવે છે. એ પીંજરાનો પહેરેગીર એક વખત ચિત્તાને ખોરાક આપવા ગએલો. એનું અને વરૂનું

પીંજરૂં એક જ છે. વચ્ચે ફક્ત એક સળીઆવાળી જાળી છે. પહેરેગીરે અદ્ધરથી ખોરાકના ટુકડા ફેંક્યા. ચિત્તો ત્યારે ઊંઘતો હતો; અને અવાજથી જાગ્યો ત્યાં સુધીમાં તો જાળીમાંથી પંજો સેરવી વરૂએ કેટલાક ટુકડા સેરવી લીધેલા. બસ, ત્યારથી વેરની શરૂઆત થઇ છે! સામે ચિત્તાની જાત એટલે એ વેર કદી જૂનું થવાનું જ નહિ...!'

'એક વખત એમનું પીંજરૂં સાફ કરતાં પહેરેગીર વચ્ચેની જાળી ભૂલથી અરધોએક ફૂટ અધૂરી બંધ રાખી ગએલો. વરૂ તો ઊંઘી ગએલો, પણ ચિત્તાને ઊંઘ શાની આવે! અને તેમાં યે આજે તો તેને પોતાનો દા' આવેલો લાગ્યો. તે હળવેક રહી જાળી લગોલગ પહોંચ્યો અને ખુલ્લી રહેલી જાળીની મોકળાશ નીચેથી માથું બહાર કાઢ્યું. પછી તો ગરદનના જોરે તેણે આખી જાળી ઊંચી કરી દીધી ને વરૂના ખંડમાં સરકી આવ્યો. અવાજથી વરૂ જાગી ઊઠેલો ને વસ્તુસ્થિતિ પણ પામી ચૂકેલો, એટલે જેવી ચિત્તાએ તરાપ મારી કે તે એકબાજુ થઇ ગયો ને ઘણેણાટી બોલાવતો ચિત્તો પીંજરાના સામા છેડાના સળિયામાં ભટકાઇ પડ્યો. નિષ્ફળ નીવડતાં બમણા જુસ્સાથી ચિત્તાએ બીજી તરાપ મારી અને આ વખતે વરૂ એટલી ચપળતાથી ખસી ન શકતાં તેની દાઢ સીધી વરૂના ખભામાં પરોવાઇ ગઇ....'

'વરૂએ ચીસ પાડી. ત્યાં સુધીમાં તો પીંજરાની ધમાધમ સાંભળી સરકસનાં માણસો યે આવી પહોંચ્યા અને ભાલાની અણીએ ચિત્તાને તેના પીંજરામાં પાછો પેસાડી જાળી દઇ દીધી ત્યાર બાદ બે કલાક સુધી એ ચિત્તો વરૂ સામે ઘુરકતો રહેલો....'

'અને આજે પણ એ જ જૂના વેરની વસુલાત કરવાની ચિત્તાના મનમાં રમત હતી.'

જંગલનાં વાસીઓની ક્રિયા માટેની દરેક પળની આ તૈયારી સાંભળી પ્રેક્ષકો ઉજ્જડ ચહેરે પાછા ફરતા હતા.

થોડાક દિવસો રોકાઇ સરકસ તો બીજે ગામ જવા ઊપડ્યું. તેને જતું જોવા કેટલાક રસિયાઓ તો ઠેઠ સ્ટેશન સુધી ગએલા અને ટ્રેન ઊપડી ત્યાં સુધી એક યા બીજા પીંજરા આગળ ટોળેબંધ બની ઊભેલા.

'કસાસાડી પોટાસાડી' કરતી ટ્રેન તો આગળ વધી; સાથેસાથે કમનસીબ આગળ વધતું હતું. ડુંગરો વચ્ચેથી પસાર થતાં ઘણા વખતથી તોળાઇ રહેલો ખડક વચ્ચોવચ તૂટી પડ્યો. ડ્રાઇવરને ભાન આવ્યું, પણ બહુ મોડું; ને કશાં પગલાં તે લઇ શકે તે પહેલાં તો રાક્ષસી એન્જીન કડડભૂસ કરતું તૂટેલા ખડક સાથે અથડાઇ પડ્યું, તેના ફુરચેફુરચા ઊડી ગયા; સાથે કચ્ચરઘાણ બનેલી કેટલી યે લોથો બહાર વેરાઇ પડી. વછૂટતી વરાળના અવાજ અને ઉતારૂઓની બૂમાબૂમ વચ્ચે સરકસના પીંજરાના મરડાઇ ગએલા સળીઆ વચ્ચેથી બે આકારો જંગલ તરફ દોડી જતા જોવાની એ વેળા કોને ફુરસદ હોય?

તરાઇના જંગલમાં બે નવા શિકારીઓ આવ્યા હતા. બંને વચ્ચે અમુક માઇલનું છેટું રહેલું, એટલે બંને એકબીજાની હસ્તીથી અજાણ્યુ જ રહેલા. એ નવા શિકારીઓ તે બીજા કોઇ નહિ પણ ગંગાધરના સરકસના પીંજરાના જૂના પરોણા—પેલો વરૂ અને ચિત્તો જ હતા.

ચિત્તાને તો આ નવું સ્થાન બરોબર સદી ગયું. બાજુમાં જ ગામ હતું એટલે મનગમ્યો શિકાર એ મેળવવા લાગ્યો. ગામના લોકોના જીવ પણ હવે તો તાળવે રહેવા લાગ્યા. રીંછોની રંજાડની બૂમ પહેલાં ઘણી પડતી, પણ આવી રીતે દરરોજ વાછરડાં ને ઘેટાંબકરાં ચોરાવાની વાત તો હમણાંહમણાં જ બનવા લાગી હતી. દરરોજ ધા વધતી ગઇ. ગામની સીમથી પગેરૂ ઘણી વખત નજરે પડતું ને ઘણી વખત જુવાનિયાઓનું ટોળું ડાંગે સજ્જ થઇ નીકળતું. પણ નવો શિકારી તો અગોચર જ રહેતો.

મહીધર એ ગામના પાંચમા પૂછાતા રામ સહાયજીનો જુવાનજોધ દીકરો હતો. આ નવી ધાથી તેનો જીવ બહુ તલપાપડ થઇ જતો. તેમાં એક દિવસે તેણે પોતાના ભેરૂ જેવા કૂતરા રીંછડાને હદ ઉપરાંત જખમાએલો ને એ જખમોની પીડાથી જ મરી જતો જોયો ત્યારે તો તેને હાડોહાડ ચડી ગઇ. સહાયજીની બંદૂક એકઢાળિયાને ટોડલે ભરાવલી જ રહેતી. તરત જ એ બંદૂક ઉપાડી તેણે ખભે ભેરવી ને હાથમાં કડિયાળી ડાંગ ઉપાડી તે ચાલી નીકળ્યો. તેણે મનોમન નિશ્ચય કર્યો હતો કે આજ તો ગામ આખાના કંટકને હમેશ માટે દૂર કરીને પછી જ પાછા ફરવું!

મહીધર તો ચાલ્યો ને ચાલ્યો જ જાય. એક બીજાણી

કારણે છાજલી જેમ ઊભેલી એક ટેકરી ઉપર એણે પડાવ નાખ્યો. સદીઓથી ચાલી આવતી શાંતિ આજ પણ જેવી ને તેવી જ જંગલમાં પથરાએલી લાગતી. ગમે તેવા જંગલખેડુને પણ એકવાર તો જો પમાડી દે એવું કારમું વાતાવરણ હતું.

ત્યાં તો ટેકરીની બાજુએ જ ચળાઇ આવતા પ્રકાશમાં ઝાડીમાંથી એક ભૂખરો આકાર બહાર કૂદી પડતો મહીધરે જોયો. તે વરૂ હતો. સીમાડામાં નવાં પગલાં પાડનાર શત્રુ શોધવા છેવટ પોતે સફળ થયો હતો એ જોઇ મહીધર ખૂબ હર્ષિત થતો હતો. બે મિનિટ તો તે એકીટશે વરૂ સામે જોઇ રહ્યો. પછી આનંદમાં આવી જઈ લહેકાથી તેણે ખભેથી બંદૂક ઉતારી. નિશાન તાકીને જ્યાં એ ઘોડો ચાંપવા જાય છે ત્યાં તો, અનુભવેલી શાંતિને એકી સપાટે વિખેરી નાખતી ભયંકર ત્રાડ તેણે સાંભળી. તેનો હાથ જેમનો તેમજ રહી ગયો. નીચે જોયું તો વરૂ પણ કાન ઊભા કરી એ ત્રાડ સમજવા પ્રયત્ન કરતો હોય એમ લાગ્યું. તરતજ ભયથી બેબાકળું બનેલું એક સસલું દૂરથી દોડી ગયું અને તે પાછળ જ સોનેરી ડીલ પર કાળાં ટપકાંવાળો ચિત્તો ગુમાની ચાલે પગલા માંડતો ઝાડીમાંથી બહાર નીકળી આવ્યો.

મહીધરની બંદુક હાથમાથી સરી પડતી રહી ગઇ. તેણે આવું ધાર્યું જ ન હતું. એ ગામની આખેડપાખેડમાં કોઈ ચિત્તો કદી પાધરો ન થએલો. આજ પહેલવહેલો જ તેને આમ અણધાર્યો કૂદી નીકળતો મહીધર ફાટી આંખે જોઇ રહ્યા.

વરૂ પણ તેના લાંબા વસવાટ દરમ્યાન આજે જ અહીં ચિત્તાને જોવા પામ્યો હતો. બંને ગંગાધરના સરકસમાંના જૂનાં શત્રુઓ હતા, અને એ શત્રુતા એક બીજાની આંખોમાં તરતજ મપાઈ ગઇ. સુંઘતા આવેલા શત્રુનો મુકાબલો કરવા વરૂએ પોતાનું શરીર વણાઇ રહેલા રસ્સા જેમ અક્કડ કરી નાખ્યું. કોઇ લક્ષ્યધારી બાણાવળી પેઠે તેણે પોતાની આંખો અરધી મીંચી. તેના પગ પેંતરો લઇ રહ્યા. એક જ પળમાં પૂરી થએલી આ હીલચાલ પણ ખંધા ચિત્તાની આંખે અણજાણી ન રહી શકી. જૂનો કિન્નો વસુલ કરવાની ખુન્નસ વરૂ કરતાં તેને અધિક હતી. અને આગાઉના પ્રયત્નોમાં કદી નહિ મળેલી એવી હલ્લા માટેની મોકળાશ તેને અહીં મળી ગઇ. તરત તેની પૂછડી જમીન પર પટકારા બોલાવવા લાગી. તેની આંખોમાંથી લીલું ખૂની તેજ ઝરવા માંડ્યું.

ઘુરકાઘુરકી ને ત્રાડ પર ત્રાડ ચાલુ થઇ. જંગલનું સાચું ઝનૂન પ્રગટી ઊઠેલું પહેલી જ વાર જોતો મહીધર તો અક્કડ બની ગયો, તેની આંખ આશ્ચર્યથી ફાટી ગઇ; તેના હૃદયના ધબકારા અનેકગણા વધી ગયા.

એકાદ મિનિટ તો એકબીજાનું માપ કાઢતા બંને શત્રુઓ થંભી રહ્યા. હાડોહાડ ખૂનનો તરસ્યો ચિત્તો હળવે રહીને હવે આગળ સરક્યો. તેની પૂછડી હવે પટકારા ન બોલાવતાં અક્કડ બની ગઇ હતી; માત્ર છેડો જ જરાતરા હાલતો. વરૂ પણ મુકાબલા વાસ્તે તૈયાર થઇને જ ઊભો હતો. ખભાની આસપાસના તેના વાળ ઝનૂનમાં શેળાના કાંટાની માફક ઊભા થઈ ગયા હતા. તેનાં જડબાં આજ સુધી અધૂરી રહેલી તેની ભૂખ સંતોષવા અરધાં ઉઘડી પડયાં હતાં. બંને જૂનાં શત્રુઓનાં શરીરો આવી ઝનૂનથી અને ખુન્નસથી કંપી રહ્યાં હતાં; ઉપર મહીધરનું શરીર ભયથી કંપી રહ્યું હતું.

આગળ સરતો ચિત્તો, વરૂથી દસ કદમ છેટું રાખી અટક્યો—ને અટક્યા ભેગો તો કૂદી જ પડ્યો. એની ચોટ સાધી વરૂની ગરદનપર હતી. પણ જેટલી ઝડપે એ કૂદ્યો એટલી જ ઝડપે વરૂ પડખું કરી ગયો. ચિત્તો 'ઘુરરરા...ક' કરતો જમીન પર પછડાઇ પડ્યો અને પાછો પગભર થાય તે પહેલાં તો વીજળીની ઝડપે વરૂ તેના પર કૂદી પડ્યો. ચિત્તાને બરાબર ખભામાંથી તેણે ઝડપ્યો ને ખૂબ ઝંઝેડી નાખ્યો. ચિત્તાએ પંજો ઊંચો કર્યો ને વરૂની આંખ ઉપર ઉગામી જ્યાં થાપટ મારવા જાય છે ત્યાં તો વરૂ કૂદી દૂર જઇ ઊભો રહ્યો.

ચિત્તો ફરી કૂદ્યો; પણ વરૂને હવે બચાવની ગત આવડી ગઇ હતી. તે ફરી પડખું કરી ગયો ને ચિત્તો ફરી પટકાઇ પડ્યો. તેણે ચિત્તાને પહેલાં કરતાંયે વધુ જોરથી ઝડપ્યો ને ઊંડેઊંડે સુધી પોતાની દાઢો ચિત્તાના શરીરમાં ઉતારી દીધી. ચિત્તો ચિત્કાર કરી ઊઠ્યો; અનેક પડઘાઓ સાથે એ ચિત્કાર દૂરદૂર પહોંચી પાછો હવામાં મળી ગયો.

આ વખતે તો લડાઇ થોડીક મિનિટો સુધી ચાલી, પણ છેવટ ચિત્તો વરૂનાં જડબાં વચ્ચેથી શરીર છોડાવી ગયો ને પહેલી વખતના હુમલા જેટલે અંતરે જઈ

ઊભો રહ્યો. હવે તો તેણે એવો લક્ષ્યવેધી પેંતરો રચ્યો કે એક કૂદકા ભેગો વરૂના ભાંડા પર ઠેકી બેસી તેની ગરદનના તે ચીરેચીરા કરી નાખી શકે. એ જ નજરે તે ઘવાએલો હોવા છતાં બમણા જોસે કૂદ્યો. તેણે પેંતરો પણ બરાબર જ લીધેલો. પણ કમનસીબે કૂદતી વખતે જ તેના પગ નીચેનું ઢેફું ખસી પડેલું ને તેથી તેની ચોટ ઢંગધડા વગરની બની ગઇ. ઢેફું ખસતાં શરીર તોળવાનો પણ તેને પૂરો અવકાશ મળેલો નહિ એટલે ચોટ ખાલી જતાં તે ચત્તોપાટ જમીન પર પછડાયો.

જીવ પર આવેલો વરૂ આ તક કેમ જવા દે? પર્વત પછવાડેથી સૂર્યની કોરાણ ફૂટતાં તેનું પહેલું કિરણ જેટલી ઝડપથી આંખમાં પેસી જાય એટલી ઝડપથી ચત્તાપાટ પડેલા ચિત્તાની માંસલ ગરદનમાં એક જ કૂદકે તેની દાઢો ઘોંચાઇ ગઇ.

ચિત્તાએ પંજો ઉગામ્યો પણ તેનો નળગોટો ચીરી નાંખવા તત્પર બનેલા વરૂએ તેની દરકાર ન કરી. અને તેનું પરિણામ તેણે ભોગવ્યું. બીજી જ પળે વરૂનું નસકોરૂં લોહીછાણ થઇ ગયું. માંસનો લાલ લોચો બહાર નીકળી પડ્યો.

વરૂને વેદનાના ફુત્કાર કરતો મૂકી ચિત્તો ફરીવાર તેની સામે ગોઠવાયો.

હવે લડાઇનો ઉત્તરાર્ધ હતો. બંને લોહીલુહાણ બની ગયા હતા. જખમો ખાવા કદી ન ટેવાએલા વરૂને તો નસકોરૂં ચીરાતાં રગેરગ દાઝ વ્યાપી ગઇ હતી. તે ચિત્તા જેમ લપાઇને યા ગાફેલપણાનો લાભ લઇને ઘા કરનારો દગલબાજ નામર્દ ન હતો. તે તો ખુલ્લામાં, સામી છાતીએ લડનારો વીર હતો.

ઘુરેરાટી સાથે તે કૂદ્યો. એક જ કૂદકામાં તો ચિત્તાના ચીરાએલા ખભામાંથી માંસનો લોચો બહાર લળી પડ્યો. તેના પેટમાં પણ ચિત્તાના નહોરોના ઉઝરડા ઠીક ઊંડે ઉતરી ગયા.

વરૂ વધુ જખમાતાં હવે પોતાપણું સમાલી ન શક્યો. સીધો જ જઇ તે ચિત્તાને બાઝી પડ્યો. ચિત્તાને નીચે દબાવી વરૂ ઉપર રહ્યો હતો. ટેકરી પર મહીધર તો ભય અને કુતૂહલથી અરધો ઊભો થઇ ગએલો. તેણે જોયું કે ચિત્તાના પાછલા પગ હથોડી જેમ ટપોટપ પછડાઈ વરૂનાં પડખાં ને પેટ ચીરી રહ્યા હતા; પણ એ પંજા કરતાં યે વરૂનાં જડબાં વધુ કારમું કામ બજાવી રહ્યાં હતાં. લોખંડનાં ઝીણાં પતરાં ચીરાય તેમ ચિત્તાના શરીર પરથી એ જડબાં ચામડી ચીરી રહ્યાં હતાં.

ઝાડનો કસ ચૂસી તેને મુડદાલ કરતી અમરવેલ જેમ વળગી પડે છે તેમ ચિત્તો ચારે પગે ને પૂછડીએ વરૂને વળગી પડ્યો હતો. વરૂ પણ પોતાનું કામ કરી રહ્યો હતો. બેમાંથી એકનો ફેંસલો આવી ગયા વિના યુદ્ધ અટકે એમ ન હતું. મડાગાંઠ વળી ગએલો એ ગોટોપોટો ખૂનમાં નહાતો આગળ ને આગળ રગદોળાતો જતો હતો.

થોડીવારમાં જ મહીધર ચીસ પાડી ઊઠ્યો. પેલી ખીણની લગોલગ એ જોડી આવી પહોંચી હતી. એવી અનેક ચીસો પડે તો યે એ આખરી મુકાબલો કરતી જોડી ક્યાં છૂટી પડે એમ હતું? આ...હ! વરૂના પાછલા પગ ખીણમાં ગરકયા. તે ચેત્યો ને ચિત્તાનું ગળું મૂકી દીધું. પણ જેવો પોતાનું શરીર સમાલવા જાય છે તેવામાં તો ચિત્તાના આખા શરીરનો ભાર તેના પર આવી પડ્યો. બંને શત્રુઓ ઊંડી ખીણના પેટાળમાં ગરક થઇ ગયા. ઊંડે તળિયે ભટકાઇ છેલ્લો શ્વાસ લેતા બંને શત્રુઓને છેવટે કિન્નાની ખુન્નસ પૂરી કર્યાનો આત્મસંતોષ તો થયો જ હશે.

મહીધર નીચે ઉતરી આવ્યો. ખીણમાં તેણે નજર કરી, પણ પેલા યોદ્ધાઓ તો આંખે અંધારાં આવે એટલા ઊંડાણમાં અદશ્ય થઇ ગએલા.

શૂન્ય ચહેરે તેણે બંદુક ખભે નાખી ને ડાંગ લઇ સીધો ગામનો રસ્તો લીધો.

'હવે તમારૂં એક્કે ચોપું ગુમ નહિ થાય'. તેણે ગામલોકોને આશ્વાસન આપ્યું અને કારણમાં નિરાંતે તેમને ઉપલો બનાવ કહી સંભળાવ્યો.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**

ખભે ખડિયો

એ લેખમાળા આ અંકથી શરૂ ન કરી શકવા માટે દિલગીર છીએ. આવતા અંકથી એ શરૂ થશે.

સાત સીમાડાનો સાહસ-સફરી

માઈક ડૉરિઝાસ

દુનિયાના અણખેડ્યા ખૂણા ખૂંદી વળવાની આરઝૂવાળો એ
૧૭ વર્ષની વયે, ઝારના ખૉફ વચ્ચે રશિયન સમાજના જિગરમાં આગ જલતી હતી ત્યારે, ઠંડે પેટે આખું રશિયા ભમી વળેલો;
૧૮ વર્ષની વયે અંગ્રેજી, તુર્કી, ગ્રીક અને ફ્રેન્ચ એ ચાર ભાષા પર એણે કાબુ મેળવેલો;
ડૉકટર ઑફ ફિલૉસૉફીની ઉપાધિ ધરાવતો એ વિદ્વાન છે,— માઈકાંગલી તબિયતવાળો માનવી નહિ, પણ તગડા અરબ કે મંગોલને ઘૂંટીમાંથી ઉચકી અદ્ધર તોળી શકે એવા બાહુબળવાળો;
અવ્વલ નંબરનો તે રખડુ છે,—જડબુદ્ધિનો ભમતારામ નહિ, પણ સંસ્કૃતિઓની શોધખોળમાં રસ લેનારો વિદ્વાન.

'ઉત્તરીય પ્રદેશો અને આફ્રિકન જંગલોની કલ્પના હમેશા મારી સાહસવૃત્તિને ઉત્તેજતી આવી છે. બાયર્ડ, એમુડસન, લૉરેન્સ એ મારી સ્વપ્નસૃષ્ટિના હમેશના આદર્શ પ્રતીકો છે. એક વખત મારું તરંગી મન ઝોલે ચડ્યું ને રસહીન એકધારી જીવનપ્રવૃત્તિ સામે બંડ ઊઠયું. મારી જાગેલી સાહસની વૃત્તિને હું એ પહેલી સ્ફૂરણાથી આજ સુધી કોઇ પણ સંજોગો વચ્ચે બર લાવતો રહ્યો છું.'

આ શબ્દો મેં એવા માણસના મોંઢેથી સાંભળ્યા કે જેની ભીંતોએ દક્ષિણ અમેરિકાના બળવા વખતે ગોળીઓનો વરસાદ ઝીલેલો; જેને મંગોલ બહારવટીઆઓ ઝડપી લઇ ગએલા; અરબોના તંબુઓ નીચે જેણે અનેક રાત્રિઓના અનુભવ એકઠા કર્યા હતા; અને મધ્યરાત્રિના સૂર્યપ્રદેશ શા લાપલાંડમાં લાપભેરૂઓ સાથે જેણે માખણ ને રોટીની ઘણી ઉજાણીઓ ઉજવેલી. એનું નામ ડૉ. ડૉરિઝાસ.

અઢાર વર્ષની વયે તો આ ડૉરિઝાસે ઇંગ્લિશ, ગ્રીક, તુર્કી, ફ્રેન્ચ અને જર્મન ભાષાઓ પર કાબુ મેળવી લીધેલો. પેન્સિલવાનિયાની વિદ્યાપીઠે તેને ડૉકટર ઑફ ફિલૉસૉફીની આપેલી ઉપાધિ તેના જ્ઞાનનું વર્તુલ બહુ વિશાળ હોવાનું સાબિત કરે છે. અમેરિકાનાં કેટલાં યે ભૌગોલિક ખાતાંઓનો તે ઇન્સ્પેકટર છે.

ભૂગોળ અને ભાષાઓના તેના જ્ઞાનને લઇને જ જગતયુદ્ધ બાદ પારીસમાં મળેલી સુલેહ પરિષદમાં તુર્કીના મૅન્ડેટ બાબેની ચર્ચા વાસ્તે અમેરિકાએ તેને અમેરિકન વિભાગનું સ્થાન સોંપેલું. ગ્રીસના પરદેશ સાથેના વેપારો પર તેણે લખેલા ગ્રંથો આજ પણ બહુમૂલ્ય ગણાય છે.

વહોરેલી વિવિધ પ્રવૃત્તિઓનાં જાળાં વચ્ચે પણ તેની સાહસવૃત્તિનો ચિરાગ તો હમેશાં જલતો જ રહ્યો છે. દુનિયાના અણખેડયા ખૂણા ખૂંદી વળવાની તેની આરઝૂ હજુ પણ એવી જ સચેત છે.

મારી જાણમાં એવું કોઇ સ્થાન ન હતું કે ત્યાં તે ન પહોંચ્યો હોય! એટલે બીજો સવાલ મેં તેને આ પૂછ્યો: 'ત્યારે તમે શું નથી જોયું?'

તે સ્હેજ હસ્યો. 'ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલંડ, મધ્ય ને દક્ષિણ આફ્રિકાના કેટલાક ભાગ તેમજ એશિયાના અંતરાળના કેટલાક પ્રદેશો સિવાય આખી દુનિયા હું જોઇ વળ્યો છું.' તે ફરી વધુ હસ્યો ને હસતાંહસતાં જ ચલાવ્યું: 'પણ હું યે હજુ ક્યાં મોટો થઈ ગયો છું? પાંચ વર્ષ જવા દો ને પછી હું તમને જવાબ આપીશ કે આખી દુનિયામાં માણસોથી વસાએલો એવો એકે પ્રદેશ નથી જ્યાં મેં પગલાં ન પાડ્યાં હોય!' આ અમારી વાતચીત દરમિયાન જ તે રશિયા માટેની નવી મુસાફરીની તૈયારી કરી રહ્યો હતો. 'મારે નવું જર્મની અને પોલાંડ પણ સાથોસાથ જોવું છે.' તેણે કહ્યું.

ગ્રીક લોહીના એ ડૉરિઝાસનો જન્મ કન્સ્તુન્તુનિયા

(Constantinople)માં થયો હતો. તેનો બાપ ગ્રીક લીગેશનનો પ્રથમાધિકારી હતો. ત્યાં અમેરિકાની રૂપર્ટ કૉલેજમાંના તેના ભણતરને લઇ તે અમેરિકનોના કંઇક વધુ પરિચયમાં આવ્યો.

ઉનાળાનું તેનું રહેઠાણ આયોનિયન સમુદ્રમાં પેત્રાસના અખાત વચ્ચે ઊભેલો સેફાલોનિયાનો ટાપુ હતુ. અહીં તેના ભેરૂઓ તરીકે માછીમારો, ભરવાડો, શિકારીઓ અને નાખવાઓ જ હતા. તેમના પરિચયમાંથી તેણે મેળવેલું જ્ઞાન અજબ છે. તેમની પાસેથી તે શિકાર કરતાં, પર્વતની કરાડો ચડતાં ઊતરતાં, તરતાં ને એક જ ઘાથી મચ્છીઓમાં ભાલો પરોવી દેતાં શીખ્યો. હોડી ચલાવતાં જ્યાં થોડુંઘણું આવડ્યું ત્યાં તો દક્ષિણમાં ક્રેન્ટે અને ઉત્તરમાં કેપ કૉર્ફું સુધી તે એકલો ફરી આવેલો. આ તો હજુ બધી શરૂઆત જ હતી. વેકેશનોમાં પણ તે ઠરીઠામ બેઠેલો નહિ. સોળ વર્ષની વયે તો તે બાલ્કનનાં બધાં રાજ્યો પગપાળે ખૂંદી ચૂકેલો.

'પૈસાની હું ઝાઝી દરકાર નથી રાખતો, કારણકે હુ પગપાળો જ મુસાફરી કરૂં છું. અને સામાન તો હમેશાં મારે પોતાને જ હાથે ઉપાડતો રહું છું. ખોરાકને માટે તો લગભગ નચિંત જ; કારણકે ગામડાંઓમાં મોટેભાગે બધાં એવાં હોય છે જેઓ મુસાફરોને ખવડાવ્યા સિવાય જવા દેવામાં પાપ માને છે.'

રશિયામાં ક્રાન્તિનો જ્વાળામુખી ફાટ્યા પહેલાં થોડા જ વખત પર તે ત્યાં જવા તૈયાર થએલો. તેના મિત્રોએ ત્યારે તેને કહ્યું કે ' તું રશિયાનો સીમાપ્રદેશ પણ નહિ ઓળંગી શકવાનો, અને કદાચ ઓળંગી ગયો તો સાઇબીરિયાનો એક અગોચર ખૂણો તારે લલાટે લખાયો સમજજે. કોઝાક સવારો અને છૂપી પોલીસોથી ત્યારે આખો કૉકેસસનો પ્રદેશ છવાએલો હતો. છતાં આ જવાંમર્દ પોતાના નિશ્ચયથી ન જ ડગ્યો. ઝારના ઍાફ વચ્ચે સારા યે રશિયન સમાજના જિગરોમાં આગ જલતી ત્યારે આ ડૉરિઝાસ ઠેઠ પેટ્રોગ્રાડ... આખું રશિયા જોઇ વળ્યો. ત્યારે તેની ઉમર હતી સત્તર વરસની !

કાસ્પીયન સમુદ્રથી વૉલ્ગાના મુખ સુધી આગળ વધી ત્યાંથી જમીનમાર્ગે તે રશિયામાં ગએલો. ચેચન અને લેઝ જેવા ખંધા રાજદ્વારીઓ પણ આ નિઃશસ્ત્ર ઓલિયાને અર્થહીનરીતે ભટકતો જોઇ આશ્ચર્ય પામેલા.

જોકે તેના ત્યાંના પરિભ્રમણ વખતે તેની જડતી દરરોજ લેવામાં આવતી. એ વખતનાં ચીલક વર્ણવતાં તે કહે છે કે 'દરેક શહેરમાં પ્રવેશતાં પહેલાં દરવાનો મને અટકાવતા, રાઇફલો તાકીને 'Hands up'નો હુકમ સુણાવતા, અને પછી મારી જડતી લઇ, મારા ઉદ્દેશથી વાકેફ બન્યા બાદ જ મારો છેડો છોડતા.'

ટ્રેનની મુસાફરી દરમ્યાન તેણે કદી ફર્સ્ટ કલાસની ટિકિટ નથી કઢાવી. સૌથી દૂર પહોંચવા માટે માર્ગમાં સૌથી ઓછા પૈસાનો વ્યય કરવો એ જ તેનો સિદ્ધાંત છે. દુનિયામાં મુસાફરી વાસ્તે વપરાતું કોઇ પણ વાહન તેણે ઉપયોગ કર્યા સિવાયનું નથી મૂક્યું. ગમે તે સ્થળે પહોંચતાં તેનો પહેલો પ્રયત્ન ત્યાંના લોકો અને પરિસ્થિતિથી માહિતગાર થવાનો હોય છે.

૧૯૦૮ની તુર્કીની અવ્યવસ્થાના વખતમાં એક સાથીદાર સાથે તે ડુંગરાઉ પટમાં ઘૂમતો હતો ત્યાં ઓચિંતો એક આલ્બેનિયન ઘોડેસવાર આવ્યો અને તરતજ 'Hands up'નો હુકમ છોડ્યો. ડૉરિઝાસે તે શું માગે છે એમ પૂછતાં પોતાની પાછળ ચૂપચાપ ચાલ્યા આવવાનું એ ઘોડેસવારે સૂચવ્યું. પોતાના સાથીદારને છૂટો કરી દેવાની શરતે ડૉરિઝાસે તેનું કહેવું સ્વીકાર્યું.

ડૉરિઝાસ કહે છે કે 'એક મિનિટ એ બહારવટીઆએ મારી સામે જોયું અને તરત જ રાઇફલનું નિશાન મારી સામે તાક્યું. રાઇફલ તે ફોડવાનો હતો, પણ તેમ કરવાના પ્રયત્નમાં ઘોડાની લગામ ઢીલી પડતાં જ ઘોડો ઝાડ થઇ ઊઠ્યો. બીજી વખત તેણે અજમાવતાં બીજી વખત પણ તેમ જ બન્યું. આ નાની સાંકડી કેડીમાંથી નાસવું જેમ અમારા માટે અશક્ય હતું તેમ તેના ઘોડાના પ્રતાપે સામે મોરે અમને ગોળી મારવા તે પણ અશક્ત હતો. થોડી વાર તો ઘોડાથી ધાર્યું કામ લેવા તેણે લમણાઝીક કરી, પણ પછી તરત જ તે એકાએક મોરો ફેરવી નાસી છૂટ્યો. અમે કશું સમજ્યા વગર મૂઢ બની જોઇ રહ્યા, પણ પછી તરત જ જોઇ શક્યા કે એક લશ્કરી ટુકડી તેની પાછળ પડી હતી.'

સ્નાયુઓનો સુમેળ વળાંક સાધતા તેના લોખંડી હાથ ઉપર નજર ઠેરવી મેં પૂછ્યું: 'તમને તમારું બળ ઠાલવવાનો પ્રસંગ કદી ઊભો થએલો ખરો?'

(અનુસંધાન આગળ પાન ૩૧મે)



ગયા અંકમાં જાહેર કર્યા મુજબ, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સ્થાપેલા ફીનિક્સ આશ્રમની કથા આ મથાળા નીચે શરૂ છે. એનું મૂળ નામ તો છે 'तच्च संस्मृत्य संस्मृत्य'. (ગીતાના છેલ્લાની પહેલાંના શ્લોકના પહેલા ચરણનો એ પૂર્વાર્ધ છે. સંજય ધૃતરાષ્ટ્રને કહે છે 'શ્રીકૃષ્ણ ભગવાનનું એ વેળાનું સ્વરૂપ સંભારીસંભારી મને ભારે વિસ્મય થાય છે અને હું ફરીફરી હરખાઉં છું') અમે સરળતાને ખાતર આ નામ રાખ્યું છે. વાત કહેનારના જીવનના પરોઢની તો આ વાત છે જ; ઉપરાંત, અત્યારે જગતને અજવાળી રહેલી મહત્તાના ઘડતરના તેમજ હિંદીઓમાં પ્રકટેલા નવજીવનના પરોઢ સમયની પણ કથા તેમાં સાથોસાથ આવી જાય છે. એ વાતમાં આવનારા ઘરગથ્થુ વાતાવરણમાં યોગ્ય પ્રવેશ મળે તે ખાતર શરૂઆતના થોડા હપ્તામાં ગાંધીકુટુંબનો પૂર્વપરિચય અપાયો છે.

જીવનનું પરોઢ

પ્રસ્તાવ

ઔદ વરસ પહેલાં આશ્રમની શાળાના દ્વિમાસિક 'મધપૂડા'નો જ્યારે હું મધુકર–રાજા (તંત્રી) હતો ત્યારે લેખોની તાણ પડવા લાગી. અમારા કાયમી લેખકોનો મોટો ભાગ જેલમાં અથવા બારડોલી, નવજીવન, વિદ્યાપીઠ અને બીજે બધે રચનાત્મક કાર્યમાં રોકાયો હતો. એકએક લેખકની પાછળ ભટકી મહિને દોઢ મહિને થોડાંક પાનાં ઉઘરાવી લાવવા જેટલો અવકાશ અમને વિદ્યાર્થીઓને પણ ન રહેતો; રેંટિયાની ઉપાસનામાં લગભગ આખો દિવસ વીતી જતો. વાચનલેખન માટે જૂજ સમય અમને મળતો.

શિક્ષકોના લેખોથી શણગારાતા 'મધપૂડા'ના અંકો વડે અમારું વિદ્યાર્થીમંડળ સારી પ્રતિષ્ઠા પામ્યું હતું. શિક્ષકોના લેખોને અભાવે એ પ્રતિષ્ઠા ભાંગી પડે એ મને અસહ્ય લાગ્યું. મધુકર–રાજા તરીકેની જવાબદારી મારી; મારો ભાર બીજા વિદ્યાર્થીઓ પણ શા માટે ઉપાડે? मुखरस्तत्र हन्यते એ આપણા હિંદી સ્વભાવનો પ્રાચીન વારસો મને પણ વળગ્યો. આખા અંકો એકલે હાથે રસભર્યા બનાવવાનું સંકટ મારે માથે આવી પડ્યું.

ઉપદેશભર્યા લેખો લખવાની હિંમત તો મને ક્યાંથી જ થાય? તેમ ઇતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય કે બીજા કોઈ શાસ્ત્રોનો મને એવો પરિચય ન હતો કે જેમાંથી મજાના લેખો નીપજાવી લઉં. વાચકોને રસ પાડવા માટે વાર્તાઓ અને કવિતાઓ જોઈએ એટલું હું જાણતો હતો, પણ ન છંદ બેસાડવાનું ફાવે કે ન વાર્તાની કોઈ સરસ વસ્તુ મગજમાં આવે. વિચારતાં વિચારતાં મને ફીનિક્સની વાર્તા લખવાનું સૂઝ્યું.

એટલું તો મેં અનુભવ્યું હતું કે બાપુજી વિષેની નાનીમોટી દરેક વાત સાંભળનારાની સૌને મજા પડે છે. અમારા આશ્રમની શરૂઆત કેવી હતી, બાપુજીની આસપાસ કેવાં કેવાં માણસો હતા, બાપુજી શું કરતા, કેમ ભણાવતા, કેમ મજૂરી કરતા, અમારી બધાની પજવણી કેમ સહન કરતા, તોફાની વિદ્યાર્થીઓને વશ કેમ કરતા, નાનીમોટી મુસાફરીઓમાં અમને કેવો આનંદ કરાવતા અને જેલ જવાને કેવી રીતે તૈયાર કરતા એ બધી વાતો, વાર્તા સાંભળતા હોય તેવા રસથી લોકો સાંભળતા. છૂટકછૂટક મળેલા ઉપલક અનુભવ પરથી મેં ફીનિક્સની વાતો યાદ કરીકરીને લખવા માંડી.

એ વખતે નહોતો છપાયો 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' કે નહોતી છપાઈ 'આત્મકથા'. આથી હું જે લખું એ ગમે તેવું અવ્યવસ્થિત અને અધૂરું હોવા છતાં લોકોને રસભર્યું લાગવા માંડ્યું. વાચકોના હાથમાંથી નવરો પડી 'મધપૂડો' મારી પાસે પાછો આવે જ નહિ. પછી તો મેં યે સંકોચ અને શરમ છોડી ભારે અનુભવી ઇતિહાસકારના જેવી હિંમત ધારણ કરી પ્રકરણો લખવા માંડ્યાં. જોતજોતામાં 'ફીનિક્સ પુરાણ' જ રચાઈ ગયું.

જે સમયની મેં આ વાત લખી છે એ વખતે મારી ઉંમર બાર વરસથી ઓછી હતી. આજે જોકે હું પોતાને મોટો થએલો નથી જાણતો—હજામતને વારે બેત્રણ કલાક દાઢી મળે છે ત્યારે મોટા થયાનું ભાન થાય છે ખરું—છતાં એ વેળાએ સાવ બાળક હતો અને આજે નથી એટલું તો સ્પષ્ટ અનુભવું છું. બાળપણના એ દિવસોનું કાવ્યમય સ્મરણ મારી પાસે રહ્યું છે અને બાળપણ હવામાં ઊડી ગયું છે. કોઈ માણસ ત્રીજી વ્યક્તિની વાત પોતાના હાનિલાભથી

અલગ રહી એક પ્રેક્ષક તરીકે તટસ્થરીતે વર્ણવી શકે તેમ હું મારી એ બાળદુનિયાની વાત તટસ્થપણે મૂકવામાં ફાવીશ અને તેથી મારા ઉપર ખોટા સ્વાભિમાનનો આરોપ નહિ આવે એમ માનું છું.

આત્મકથા લખવાનો મારો ઉદ્દેશ નથી; આત્મકથાને લાયકની કોઇ વિશિષ્ટતા મારામાં નથી; છતાં આ આખી કથા પોતાને કેન્દ્રમાં રાખીને મેં લખી છે. બીજી રીતે લખવી શક્ય પણ ન હતી. માણસની ચારથી બાર વરસની ઉમર જ એવી છે કે જેમાં તે આખી દુનિયાને પોતાથી આરંભીને જ જુએ છે. મોટામાં મોટા મહાત્માને કે મોટામાં મોટા રાજાને પણ એ પોતાના ટૂંકા બાળગજ વડે જ માપશે, ઓળખશે ને અનુભવશે. એ વખતે મારી પાસે ઇતિહાસકારની દૃષ્ટિ ન હતી. એ વેળા મને એ ભાન પણ ન હતું કે હું જે વાતાવરણમાં ઉછરૂં છું એ દુનિયાનું કંઇક અનેરૂં વાતાવરણ છે. અને એ કલ્પના તો ક્યાંથી જ હોય કે જેનો ખોળો ખૂંદવાનું મને મળે છે તે અમારા ઘરના મોહનદાસ કાકા સંસારની અદ્વિતીય વ્યક્તિ ગણાશે. એટલે હું ઇચ્છું તો યે યાદ કરીકરીને લખેલું આ લખાણ બાપુજીના કે મગનકાકાના જીવનચરિત્રના સ્વરૂપમાં મારાથી ન લખી શકાય; આશ્રમના ઇતિહાસ તરીકે પણ ન લખાય અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ તરીકે તો નહિ જ. બાપુજીના શિક્ષણ—પ્રયોગના અહેવાલ તરીકે લખવામાં કદાચ ફાવું, પણ તે કરતાં પોતાના બાળજીવનનું આલેખન કરૂં તેમાં જ ઓછામાં ઓછો ડોળ અને વધારેમાં વધારે સાચી વાત લખી શકવાની.

આ લખાણ 'મધપૂડા'ના વાચકોને ધ્યાનમાં લઇને લખાયું છે એટલે એમાં ઘરગથ્થુ વાતો આવી છે. આશ્રમ એ અમારૂં ઘર. ઘરની ગમે તેવી વાતો ઘરમાં કરતાં સંકોચ ન થાય. પણ હવે છાપવા આપતાં અજાણ્યા વાચકવર્ગને વિનતિ કરવાની રજા લઉં છું કે આમાં કંઇ પણ અજુગતું લાગે, વિનય કે શિષ્ટતામાં અધૂરાપણું દેખાય તો તે માટે ઉદારભાવે તેઓ ક્ષમા આપે. प्रासाद शिखरस्थों हि काकोऽपि गरुडायते જેવું* જરા પણ વલણ આમાં દેખાય તો તે સરતચૂક સમજી તેની અયોગ્ય છાપ સુજ્ઞ વાચક પોતા પર પડવા નહિ દે એવી આશા રાખું છું. ગાંધી કુટુંબ દુનિયામાં અનેરૂં અને અપૂર્વ કુટુંબ છે, સત્યાગ્રહ આશ્રમ કે તેનો આરંભ જ્યાં થયો તે ફીનિક્સ આશ્રમ બધી રીતે આદર્શ સંસ્થા હતી એમ મેં કદી માન્યું નથી, તો પછી તેને આધારે પોતાની વડાઇ ગાવાની વૃત્તિને તો અવકાશ જ ક્યાંથી રહે?

૧. વતન

બાળપણને યાદ કરવા બેસતાં એક પછી એક અનેક પ્રસંગો સ્મૃતિપટની કોતરોમાંથી બહાર કૂદી આવતા કોણે નથી અનુભવ્યા? સ્વ. મગનકાકા જ્યારે પહેલી વાર અમને આફ્રિકા લઇ ગયા ત્યારે હું માંડ ચાર વરસનો હોઇશ. છતાં એ મુસાફરી હમણાં જ કરી જેવું લાગે છે. હિંદી મહાસાગરનાં પર્વત જેવડાં, કાળ સમા મોજાં ઉછળીઉછળીને ચડી આવતાં નાસભાગ થઇ રહેતી. એકબીજાને આધારે પરાણે હિંમત ધરી બેસી રહેલાં મારી બા અને કાકીની વચ્ચે હું ભરાઇ જતો અને ચોમાસાની શરૂઆતમાં વરસાદ ઝીલવા જેમ ચાતક ચાંચ કાઢીને બેસી રહે છે તેમ, હું દૂરદૂર ક્ષિતિજને સીમાડે મળતા અનંત આકાશ અને સાગરને નજરમાં સમાવી દેવા આંખ ફાડીફાડીને મથતો, પણ બીકનો માર્યો બાના સાડલાને મૂઠીમાંથી એક ક્ષણ પણ છોડતો નહિ એ આખું દૃશ્ય નજર સામે તરી આવે છે.

મારૂં આ સ્મરણ પૂર્વજન્મનું નથી, પણ પૂર્વજોનું છે. આંખ જેમ સાક્ષી નોંધનારૂં મહાન યંત્ર છે તેમ કાન પણ એક સમર્થ યંત્ર છે. છેક બાળપણથી આજસુધી પિતાજી પાસેથી, બા પાસેથી, મગનકાકા પાસેથી વડવાઓની વાતો; તેમના સ્વભાવની, તેમના સંકટની, તેમની દક્ષતાની જૂદીજૂદી હકીકતો ટુચકાઓની પેઠે સાંભળ્યા કરી છે. એટલે પોતાની વાત કરવા બેસું ત્યાં એમની વાતો પણ યાદ આવી જાય છે. પોતાનાં વીતકોનું સ્મરણ તાજું કરતાં એમના અનુભવોનું સ્મરણ પણ આંખ સામે દોડી આવે છે. આ કારણે ફીનિક્સથી વાત માંડવાને બદલે કુતિયાણાથી જ વાત માંડું એ બરાબર લાગે છે.

કુતિયાણામાં ગાંધી કુટુંબની કુળદેવી—ભૂલતો ન હોઉં તો સતીમા—નું મંદિર છે. મૂર્તિપૂજા વગેરે

---

* મહેલને ટોડલે બેઠેલો કાગડો ગરુડપણાનો ડોળ ઘાલે છે.

પ્રત્યેના નાસ્તિકતાના પૂરમાં ન તણાએલો હોય તેવો અમારા કુટુંબનો જે કોઇ પુરુષ પરણે તેણે સજોડે કુતિયાણે જઇ દેવીને પગે લાગી પોતાના વિવાહ મંજૂર કરાવવા પડે છે. દક્ષિણ આફ્રિકા, એડન અને હિંદુસ્તાનમાં ચારે દિશાએ અમે પિતરાઇઓ ફેલાઇ ગયા છીએ છતાં અમારું મૂળ ગામ કુતિયાણા છે એ ઉપલા રિવાજને લીધે યાદ રહે છે. ત્યાં અમારા પૂર્વજો ક્યારે વસ્યા, ક્યાંથી આવ્યા એ ઇતિહાસ વણ-શોધ્યો છે. આજે જેટલાં નામ મળે છે તેમાં સૌથી પહેલું નામ લાલજી ગાંધીનું મળે છે. તેમની પાંચમી પેઢીએ થયા અમારા કુળના મહાપુરુષ—ગાંધી કુટુંબના પિતામહ-ઉત્તમચંદ ગાંધી. અને સાતમી પેઢીએ વિશ્વ-વિખ્યાત મહાત્મા—મોહનદાસ ગાંધી.

એકવાર (સત્તરેક વરસ પહેલાં) હું મારા દાદાજી અને મોટી બા સાથે કુટુંબયાત્રાએ નીકળ્યો હતો. એ વખતે કુટુંબના મૂળ પુરુષોની કથાઓ કરતાં કુટુંબ-ની મૂળ ભૂમિની છાપ મારા ઉપર ઊંડી પડી હતી. મને અમારા ઇતિહાસમાં ખાસ પ્રતિભા ન જણાઇ, પણ ભૂગોળમાં જણાઇ. બાપુજીના ઝળકી ઊઠેલા અદ્વિતીય વ્યક્તિત્વની પાછળ કેવા સમાજની ભૂમિકા હતી એ દોઢસોક વરસની ઉમરનો પોરબંદરવાસી જીવતો સમાજશાસ્ત્રી મળી આવે ત્યારે ચોક્કસપણે કહી શકે; શાંતનુથી જનમેજય સુધીની આઠ પેઢીના પ્રત્યક્ષ દ્રષ્ટા બાદરાયણ મુનિ હતા ત્યારે જ તેઓ મહાભારતના સમાજને લેખિનીમાં ઉતારવામાં ફાવ્યા છે. બાપુજીના આગળપાછળના સમાજનું એટલું લાંબું અને વિવેકબુદ્ધિ જાગૃત રાખી તટસ્થપણે એટલું ઊંડું અવલોકન કરનાર કોણ નીકળશે? બાપુજીની પોતાની જ કલમ કરતાં વધુ શ્રેષ્ઠ સાક્ષી મળે એ શક્ય નથી લાગતું. પરન્તુ ભૂગોળ તો પોતાને કહે-વાનું—એકાદ પ્રલય આવતાં સુધી કહેશે જ.

કુતિયાણાને પાદર ભાદર નદી વહી જાય છે. મોટે ભાગે ભાદર નદીનો પટ પહોળો છે. પાણી પણ છીછરાં વહે છે. પણ કુતિયાણા પાસે કાળમીંઢ પથ્થર-ના કાળા મજબૂત ખડકોને કાપીને નદીએ પોતાનો માર્ગ કર્યો છે. ચપ્પુ વડે ચીભડાની બે ફાડ કરી હોય તેવી રીતે પોચા મણાના પાણીએ ખડકના બે ભાગ કરી નાખ્યા છે. પહોળા પટમાં ફેલાએલું છીછરું પાણી એકત્ર અને ઊંડું થઇ ગંભીર રવે ત્યાંથી ચાલ્યું જાય છે.

ભાદર નદી સંકડાગણમાં નિર્મળ અને નમ્રપણે પોતાનો માર્ગ કાઢવાની કળા બતાવે છે ત્યારે બીજી તરફ હિમાલય પાસે કાંકરા જેવો તુચ્છ છતાં પોતાને સ્થાને દીપી રહેલો બરડો ડુંગર સહિષ્ણુતાની પ્રેરણા કરે છે. શિખરો છસોથી આઠસો ફીટ સરેરાસ ઊંચાં છે; કેટલાંક ગીચ ઝાડીથી દુર્ગમ દેખાય છે તો કેટલાંક સંન્યાસીના તાલકા જેવાં ઉનાળાના આકરા તાપનો પડતાપો પાડતાં સામે ન જોવાય એવાં દુર્ધર્ષ જણાય છે. પશ્ચિમ તરફ પથરાએલો બરડો, પૂર્વમાં દૂરદૂર દેખાતો ગીરનાર, પડખે જ પડેલી ઓસમની ધાર એ બધાં રાતદિવસ બહારવટું ખેલવા નોતરે છે. એ એકે-એક શિખર જીવનની તડકી—છાંયડીમાં ઝૂઝવા બનવાનો મંત્ર આપી રહ્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર'ના રસીયા કવિશ્રી મેઘાણીની પેઠે ત્યાં ચારણો અને મેર લોકો વચ્ચે જે કોઇ ફરે તેને એ આખી ભૂમિ સહુકોઇ ભર્યા બહારવટાના રણઘોષથી ગાજી ઊઠેલી માલૂમ પડ્યા વિના નહિ રહે.

કુતિયાણાથી બે મજલ દક્ષિણે ઊતરો કે પોરબંદરને સીમાડે રાતદિન ઘૂઘવતા ભીષણ નીલ સિંધુનાં જળ સંતપ્ત માતૃભૂમિને સતત શીતળ કરે છે. દ્વારિકાથી ભાવનગર સુધીના આ તરફના ઓવારાવાળા એ મહાસાગરને સામી બાજુએ ઓવારો છે જ નહિ. સાગરકાંઠાના એ દિવ્ય ભરતીઓટ, આકાશને છાઇ દેતી તેની સીમા, પ્રચંડ મોજાંઓની અનંત હારો અને ઘેરો આસમાની રંગ કદી ન છીપે એવી જિજ્ઞાસા, દુનિયાનો તાગ કાઢવાની મહત્ત્વાકાંક્ષા અને જાતજાતનાં સાહસ ખેડવાનો ઉત્સાહ મનુષ્યહૃદયમાં ઉભરાવે છે.

વળી સાગરને કિનારે પૂર્વથી પશ્ચિમ પથરાએલો રેતીનો વિશાળ પટ ચિત્ત પર જુદી જ છાપ પાડે છે. એ પટમાં ફરતાં નથી દેખાતો સમુદ્ર કે નથી દેખાતી હરિયાળી ભૂમિ. જરાક ઘામ ધખે ત્યાં મૃગજળનાં સરોવરો છલકાતાં દેખાય. બુદ્ધિ અને પાછલો અનુભવ ઘાંટા પાડીપાડીને કહે કે એ જગ્યાએ જમીન છે, પાણી નથી જ પણ આંખ આપણને ત્યાં ઘસડી જઇ મોંઢા પાડે ત્યારે જ એ સરોવરનું મિથ્યાત્વ પરખાય. પરિણામે નાસ્તિકમાં નાસ્તિક હોય તેને પણ વેદાંતના—દુનિયાના મિથ્યાત્વના—તરંગોમાં રસ પડવા લાગે છે

સારાંશ કે બરડાના એ નાનાસરખા પ્રદેશમાં પૃથ્વીની આખી ભૂગોળનાં લાક્ષણિક રૂપો છે. બધી ભૌગોલિક સંસ્કૃતિઓને ત્યાં સ્થાન છે. નદી–કિનારાની પ્રેરણા ત્યાં મળે છે. ભાદર કાંઠાનાં રસાળ ખેતરો સંતોષ બક્ષે છે; ડુંગરાઓની તપસ્યા આકર્ષે છે; બરડામાં ભેંશોને લઇ ફરતા રબારીઓ અને ચારણોના લલકાર વેદકાળની ઋચાઓ યાદ કરાવે છે; સાગરનું ગાંભીર્ય અનુભવાય છે; સમુદ્રી વ્યાપાર દેશપરદેશની સંસ્કૃતિનો સંબંધ આણે છે, અને મૃગજળની માયા સાવધાની પેદા કરે છે. આવી જગ્યાએ વસેલો સમાજ સર્વતોમુખી કુશળ થાય એ સ્વાભાવિક છે. ન થાય તેનું કારણ બહારથી આવી પડેલી કોઇક કારમી આપત્તિ હોવી જોઇએ.

૨. પૂર્વ સ્મરણ

ઘોઘા બંદર જ્યારે લંડનથી આવનારા પ્રવાસીઓને હેરત પમાડી દેતું એટલું ધીકતું બંદર હતું ત્યારે—એટલે કે ત્રણેક સૈકા પહેલાં અમારા પૂર્વજો ત્યાં વસતા હશે. ત્યાંથી એ બંદર ભાંગી પડતાં કાઠિયાવાડના મોટામાં મોટા શહેર જૂનાગઢમાં આવ્યા હશે. હમેશના રિવાજ પ્રમાણે કેટલાક કુટુંબીઓ વેપારનું અને કેટલાક રાજસેવાનું કામ કરતા હશે. રાજસેવકને નોકરીને અંગે રાજના તાબાના જુદાજુદા મહાલમાં મોકલવાનો રિવાજ હોય છે તે મુજબ લાલજી ગાંધીને કે તેમના બાપદાદાને જૂનાગઢ તાબાના કુતિયાણા ગામમાં નોકરી મળી હશે. ભાદર નદીનો રસાળ કાંઠો, કુતિયાણામાં ચાલતો સરસ વેપાર અને શાંત સુંદર સ્થાન જોઇ તેઓ ત્યાં વસી ગયા હશે.

કુટુંબનો જેટલો ઇતિહાસ મળે છે એ પરથી જણાઈ આવે છે કે રાજખટપટ ચાલ્યા જ કરતી. કોઇની નોકરી અખંડપણે એક રાજ્યમાં ભાગ્યે જ રહી છે. પતાની નોકરી પુત્રને મળી છે તો તે પુત્રને પોતાને પરાક્રમે. પિતા વારસામાં નોકરી આપી શક્યા હોય એવું નથી બન્યું. જે વાણિયો તેજસ્વી હોય, ભરોસાપાત્ર હોય, કાગળપત્ર લખી શકે અને ખજાનો સાચવે તથા પોતાના કુટુંબની ખાનદાનીની તેમજ પોતાના પૂર્વજોની વફાદારીની છાપ રાજા ઉપર પાડી શકે તેને રાજા પોતાની નોકરીમાં રાખે. રાજા ઉપર બીજી જ્ઞાતિ કે બીજા કુટુંબની વગ વધે તો નોકરી કરતું કુટુંબ રાજીનામાં આપી પોતાના વતનમાં આવી શાંતિપૂર્વક બેસી જાય અને નાનોમોટો વેપાર ખેડી ખાય.

આ ધોરણે લાલજી ગાંધી અને એમના વારસોએ જૂનાગઢ અને પોરબંદરની તથા આગળ જતાં રાજકોટ વાંકાનેરની નોકરી, જ્યાં વગ ચાલી ત્યાં, કરી છે. કુતિયાણા જૂનાગઢ તાબાનું, પણ પોરબંદરની સાવ પાસે, એટલે છેવટે વંશના મોટા ભાગની નોકરી પોરબંદરમાં જ થઇ.

લાલજી ગાંધીના પુત્ર રામજી ગાંધી પોરબંદર રાજ્યમાં દફતરી હતા. દફતરી એટલે પ્રધાનનો—રાજ્યમંત્રીનો—જમણો હાથ. 'હોમમેંબર' તેને ગણીએ તો ગણાય.

રામજી ગાંધીના પુત્ર રહીદાસ ગાંધીએ પણ પોરબંદરમાં દફતરી નોકરી કર્યાનું કહેવાય છે; પણ એમને કુતિયાણામાં જૂનાગઢના નવાબ તરફથી ઇનામી જમીન મળી છે. આજે પણ એ જમીન આખા ગાંધી કુટુંબની છે. કુતિયાણા અને પોરબંદરનાં મકાનો વેચાઈ ગયાં, ભાઈભાઇઓમાં મિલ્કતોના ભાગલા પડી ગયા, પણ આ જમીન આખા કુટુંબની માલિકીની ગણાયા કરી છે અને તેની ઉપજ કુળદેવીના મંદિરને મળે છે. જમીન ઝાઝી નથી, ચાર છ વીઘાં હશે.

રહીદાસ ગાંધીના બે પુત્રઃ હરજીવન ગાંધી અને દમન ગાંધી. હરજીવન ગાંધીના પુત્ર ઉત્તમચંદ ગાંધી, જેમનાથી અમારો ખરો ઇતિહાસ આરંભાય છે. હરજીવન ગાંધી પણ પોરબંદરના દફતરી હતા અને દમન ગાંધી પણ એ જ નોકરી પર હતા.

દમન ગાંધીની સાથે રહી ઉત્તમચંદ ગાંધી પોરબંદરમાં કામ કરતા હતા ત્યારે રાણાસાહેબની તેમના તરફ નજર આકર્ષાઇ. તેમની પ્રતિભા જોઇ એમણે તેમને રાજ્યના મુખ્ય મંત્રી નીમ્યા. ઉત્તમચંદ બાપાની વાત જુદું પ્રકરણ રોકશે એટલે અહીં એ નહિ લખાવું.

[ચાલુ] **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ



અંગ્રેજી શૉર્ટહૅન્ડની માફક ગુજરાતીમાં પણ લઘુલેખન પદ્ધતિની પૂરી આવશ્યકતા છે. એ દિશામાં પ્રાથમિક પ્રયાસ થયાનું સાંભળ્યું હતું, પરંતુ તેને સંપૂર્ણ રૂપમાં પદ્ધતિસર બહાર મૂકવાનો અમારા મિત્ર શ્રી હરિકૃષ્ણ વ્યાસનો આ પ્રયત્ન, અમારી માહિતી પ્રમાણે, પહેલો જ છે. એને ગુજરાતી જનતા આગળ પ્રથમ પ્રકટ કરવાનો યશ તેઓ 'કુમાર'ને આપે છે એ 'કુમાર' પ્રત્યેની એમની મીઠી લાગણીને જ આભારી છે. અને જીવનમાં એક ઉપયોગી સિદ્ધિ જેવી આ વિદ્યા મેળવવાનો સાચો અધિકાર પણ કુમાર જનતાનો જ છે ને? અમે ઇચ્છીએ છીએ કે સૌ રસપૂર્વક એનો લાભ લે. આ પહેલો હપતો એના આગામી અભ્યાસપાઠોના પ્રવેશક જેવો છે. તેમાં અભ્યાસ શરૂ કરતાં પહેલાંની બધી યોગ્ય ચેતવણી, સૂચના તથા પદ્ધતિનો પરિચય આપેલાં છે. આવતા માસથી નિયમિત પ્રકરણો શરૂ થશે. આશરે દસેક હપતામાં (આ વર્ષમાં જ) આ માળા પૂરી થવાની ગણતરી છે. તે પછી તે જુદા પુસ્તક રૂપે બહાર પડશે.

લઘુલેખન શીખનારાઓની એક ચાલુ ફરિયાદ એ છે કે એ શીખવું શરૂ કરનાર જિજ્ઞાસુઓમાંના સેંકડે વીસેક ટકા ભાગ્યે જ સાંગોપાંગ ઊતરે છે. બાકીના એક યા બીજે પગથિયે તેને છોડી દે છે. આનું મુખ્ય કારણ તો એ હોય છે કે જુદીજુદી પદ્ધતિથી શીખવનારાઓ શીખનારને પૂંછડે પકડીને ઉડાડવા યત્ન કરતા હોય છે. કોઇ પત્રમાં ચળકતા અક્ષરોમાં 'એક માસમાં શૉર્ટહૅન્ડ' એવી લલચાવનારી જાહેરખબર વાંચીને કોઇ પણ કલ્પનાશીલ યુવક સહેજ પોસ્ટકાર્ડ લખી એ પદ્ધતિ સંબંધે વધુ જાણવા ઇંતેજાર થાય. અને પછી તો માલના વેચાણની કળામાં પાવરધા અંગ્રેજો કે અમેરિકનો પોતાના ગ્રાહકમાં એવો આત્મવિશ્વાસ જગાવ્યે જાય કે એ પોતે વિદ્વાન શિરોમણિ છે અને અમુક વખતમાં શૉર્ટહૅન્ડ શીખી લેશે. અલબત્ત, આત્મવિશ્વાસ એ ખૂબ જરૂરી તત્ત્વ છે, પણ માત્ર આંધળો આત્મવિશ્વાસ જ કાંઇ જીવનનાં કડવાં સત્યોનો સાચો પ્રતિકાર નથી, અને શૉર્ટહૅન્ડ શીખવા માટે જોઇએ તે કરતાં ઊતરતી કક્ષાની બુદ્ધિને તે સતેજ કરી શકતો નથી. વસ્તુતઃ તો શીખનારની બુદ્ધિને ભ્રમમાં નાખીને કલ્પનાને આપેલી આવી કામચલાઉ ગરમી સાચો આત્મવિશ્વાસ કહી શકાય કે કેમ તે જ શંકાસ્પદ છે. સાચો આત્મવિશ્વાસ તો કરવાના કામની સરળતાના ખ્યાલમાંથી નહિ, પણ તેના અઘરાપણાને પહોંચી વળી શકવાની પોતાની શ્રદ્ધાના ભાનમાંથી જાગવો જોઇએ.

આથી, શીખનારે પ્રથમ તો પોતાની શક્તિનું માપ કાઢવાની જરૂર છે. અને પછી એમ લાગે કે ટૂંકાક્ષરી પદ્ધતિ શીખવા માટેની જરૂરી શક્તિ પોતામાં છે તો સંપૂર્ણ નિશ્ચય સહિત આગળ ઝંપલાવવું, અને નહિતર પોતાની શક્તિને અનુકૂળ બીજી કોઈ કળામાં એ ફાજલ શક્તિ રોકવી. આ હતાશ કરે એવી સૂચના શરૂઆતમાં જ કરવાનું એટલા માટે યોગ્ય ધાર્યું છે કે રાષ્ટ્રના યુવાનોની શક્તિનો અકારણ હ્રાસ કરવાના કાર્યને હું મોટામાં મોટું પાપ માનું છું.

આ હિસાબે, જો સામાન્ય વ્યવહારની લિપિ લખવામાં જ તમે ધીમા હો તો તમે લઘુલિપિ શીખો એથી ખાસ ફાયદો કાંઇ ન થાય. સામાન્ય લિપિમાં મિનિટના ૪૦ શબ્દની ઝડપે લખી શકાય એ ધોરણે આ લઘુલિપિમાં મિનિટના ૧૫૦ શબ્દોની ઝડપે લખી શકાય. એટલેકે તમારી સામાન્ય લખાણની ઝડપ કરતાં પોણાચાર ગણી ઝડપે તમે વધુમાં વધુ લખી શકો. આથી, તમે સામાન્ય રીતે કેટલી ઝડપે લખી શકો છો એ પાંચેક મિનિટનો અખતરો કરી નક્કી કરી જુઓ એટલે તમે લઘુલિપિ સંપૂર્ણ શીખો ત્યારે કેટલી ઝડપે લખી શકશો એનો અંદાજ કાઢી શકશો. લઘુલિપિમાં ગુજરાતી માટે ઓછામાં ઓછી ઝડપ મિનિટના ૧૨૦

શબ્દની હોવી જોઇએ.

પણ આ તો માત્ર હાથની ઝડપ પુરતી જ વાત થઇ. લઘુલેખન વખતે હાથના કરતાં વધુ કામ મગજને કરવું પડે છે, કેમકે સામાન્ય લિપિમાં શબ્દોમાંના છુટાછુટા અક્ષરો સ્વતંત્ર છે, અને અમુક જ નક્કી થએલા સ્વરૂપમાં લખાય છે. પરંતુ લઘુલિપિમાં અક્ષરો પરસ્પરના સંબંધની રૂએ જુદાંજુદાં રૂપાંતર પામતાં હોય છે, અને તેથી એ રૂપાંતરના નિયમો કલ્પના આગળ સ્પષ્ટ રાખી, વિરોધી નિયમોની તુલના કરી, તેમાંથી એકાદ નિશ્ચિત માર્ગ નક્કી કરી, એ અતિશય ટૂંકા વખતમાં—લગભગ એક સેકંડના ત્રીજા ભાગમાં—તે નિયમો લાગુ પાડીને શબ્દ લખવાનો હોય છે. એટલે આ બધાં કામ માટે દરેક લઘુલેખકમાં સમય-સૂચક બુદ્ધિ, ત્વરાથી વિચાર કરવાની શક્તિ, નિયમો લાગુ પાડવાની વિવેકબુદ્ધિ તથા બધા નિયમો એકી-સાથે નજર સામે રાખી શકવા પૂરતી સ્મરણ અને કલ્પનાશક્તિ અનિવાર્ય છે. આ શક્તિઓનો જેનામાં અભાવ હોય એવા માણસને લઘુલેખન શીખવી શકે એવી કોઇ સહેલી પદ્ધતિ જગતની કોઇપણ ભાષામાં હજુ યોજાઇ નથી. શીખનારમાં આ બધી જરૂરી શક્તિઓ છે કે નહિ તે નક્કી કરવાની કોઇ સીધીસાદી રીત તો મળી શકતી નથી; પણ દરેક પાઠને અંતે તે તે પાઠ સંપૂર્ણ શીખ્યા પછી વધુમાં વધુ કેટલી ઝડપે લખી શકાવું જોઇએ તે જણાવેલું છે. એના ઉપરથી શીખનાર પોતાની શક્તિનું માપ કાઢી શકશે. કોઈ પણ પાઠ તમે શીખો અને તેને અંતે આપેલી ઝડપના ⅞ જેટલી ઝડપથી તમે લખી શકો ત્યાંસુધી તમે ચાલી શકશો. અલબત્ત, કોઇને એટલી ઝડપ કેળવતા વધુ અને કોઇને ઓછો સમય લાગશે. અને વધુ સમય લાગે એ ધીમી ગતિ કરતું માનસ તો બતાવે છે જ. પરંતુ એટલો સમય પણ ધીરજથી એકધારૂં કામ કરવા જેટલી સહનશક્તિ તમારામાં હોય તો પછી બુદ્ધિમત્તા કરતાં પણ આ શક્તિ વધુ કીમતી છે. માટે તમે હિંમતથી આગળ વધજો. પરંતુ જો કોઇપણ પાઠને અંતે નક્કી કરી આપેલી ઝડપના પોણા ભાગની ઝડપ પણ તમે કેળવી શકો એટલી બુદ્ધિ અથવા ધીરજ તમારામાં ન હોય અને છતાં આગળનો પાઠ કરવાની તમને લાલચ થાય તો બહેતર છે કે તમે ત્યાંથી જ અટકીને આ પુસ્તક કોઇ યોગ્ય મિત્રને ભેટ તરીકે આપી દેજો; કેમકે તો તમે અભ્યાસ પૂરો નહિ કરી શકો એ નક્કી છે.

તમારી શક્તિનો તમને સાચો ખ્યાલ આવે એ માટે એક બીજો પણ ઉપયોગી રસ્તો છે. આ પુસ્તક વાંચનાર દરેક કોઇ પણ બે વસ્તુઓનો સંબંધ દર્શાવતો આલેખ કેમ દોરવો તે તો જાણતા હશે જ. જો ન જાણતા હોય તે કોઇ મિત્ર પાસેથી કે બીજગણિતના પુસ્તકમાંથી તે સમજી લે. કેમકે એ સમજાવવાનું આ પુસ્તકની મર્યાદા બહાર જાય છે. હવે જો તમે આ પુસ્તક શીખવું શરૂ કર્યા પહેલાં બે આલેખ રાખશો, અને એકમાં 'પદ્ધતિ શીખતાં લાગેલો સમય' તથા બીજામાં 'ઝડપ કેળવવાનો હિસાબ' એમ તમારા અભ્યાસની બે જુદીજુદી બાજુની પ્રગતિરેખાઓ દોરી જોશો તો ઘણું ઉપયોગી જાણવાનું મળશે. પહેલા આલેખના બે ઉપાંગોમાં એક બાજુ આ પુસ્તકમાંના નિયમો અને બીજી બાજુ કામ કરવાના કલાકો (તારીખ સહિત) રાખવા, અને બીજા આલેખમાં એક બાજુ અઠવાડિયાં અને બીજી બાજુ મિનિટમાં લખેલા શબ્દોના દસદસના એકમ રાખવા. આ બંને આલેખની રેખાઓની equation કેવા પ્રકારની થશે તેનો આધાર શીખનારની શક્તિ અને કામ કરવાની ધગશ ઉપર રહે છે. તેથી કોઇ નક્કી આંક તો આપી ન જ શકાય. તેમ છતાં વખતે વખતે એ રેખાને ભવિષ્યમાં લંબાવીને આલેખની રીતે ભવિષ્ય જાણવામાં તમને તે ઉપયોગી અને પ્રેરક થશે.

હવે આ પુસ્તકમાંના પાઠોની રચના સમજી લો. આખી પદ્ધતિ પહેલાં ચાર પ્રકરણોમાં સમાઇ જાય છે. પછીનાં ત્રણ પ્રકરણોમાં શીખવા કરતાં જાણવાનું વધુ છે. શરૂઆતનાં ચાર પ્રકરણોમાંના દરેકને આ પ્રમાણે આઠ આઠ ભાગમાં વહેંચેલું છે: ૧ નકશો, ૨ નોંધ, ૩ દિવસ, ૪ નિયમો, ૫ ઉદાહરણો, ૬ સૂચનાઓ, ૭ મનોયત્ન અને ૮ લઘુલેખન. આ બધા વિભાગો વિષે વિસ્તૃત માહિતી આ નીચે આપેલી છે.

૧ નકશો: પ્રકરણોની શરૂઆતમાં અપાતા આ નકશામાં તે પ્રકરણમાં શીખવાનું બધું ટૂંકાણમાં અને તારીજના રૂપમાં ગોઠવીને આપ્યું છે. પ્રકરણમાં જે નિયમો સામાન્ય વ્યવહારની ભાષામાં લખાયા હશે તે બધા નિયમો અહીં જાણે કે ટૂંકાક્ષરી સાંકેતિક ભાષામાં લખેલા જણાશે. વળી એક બાજુ પ્રકરણમાં

આવેલા નિયમોનાં ઉદાહરણ રૂપ એકેક બબ્બે પ્રતિનિધિ શબ્દો પણ આપેલા છે. આમ આ નકશો આખા પ્રકરણના સાર રૂપ છે. પ્રકરણ વાંચવું શરૂ કર્યા પહેલાં નકશો જોઇ જવાથી પ્રકરણમાં શું આવવાનું છે તેનો ખ્યાલ આવશે, અને પ્રકરણ શીખી લીધા પછી આ નકશો દરેક શીખનારને કરવી પડતી યાદીની ગરજ સારશે. અને આમ આખા પ્રકરણનો સાર એકીસાથે નજર સામે રાખી શકાવાથી શીખેલી વસ્તુનું વિહંગાવલોકન તથા તુલનાત્મક અભ્યાસ કરવાનું પણ સુગમ પડશે.

૨ નોંધ: પ્રકરણની શરૂઆતમાં અપાતી આ નોંધમાં ભાષાની કેટલીક વિશિષ્ટતાઓની છણાવટ કરી છે, તે એ હેતુથી કે વાચકોની દૃષ્ટિ નિયમોના ઘડતરના નેપથ્યમાં દોરી શકાય. શીખવાની મુખ્ય વસ્તુ તો નિયમો જ છે અને તેથી આ નોંધ તો એકવાર વાંચ્યા પછી ભૂલી જવાની છે. અને છતાં આ નોંધનું વાચન નિયમોના કારણ સમજવામાં ઉપયોગી થશે. એ અનુભવે સમજાશે.

૩ દિવસ: પ્રકરણમાંના નિયમોને તેના પરનાં ઉદાહરણો સહિત જુદાજુદા સમૂહોમાં ગોઠવ્યા છે અને એ દરેક સમૂહને 'દિવસ' સંજ્ઞા આપેલી છે. આ દિવસ એટલે એક જ બેઠકે શીખવું જોઇએ અથવા એક જ બેઠકે શીખી શકાય એવાં તત્ત્વોનો સમૂહ. આવા કુલ ૧૬ સમૂહો થયા છે, અને એ દરેક સમૂહ સરાસરી એક કલાક માગશે. એટલે કે આમ કુલ શીખવાનું વસ્તુ સોળ કલાકનું કામ છે. તેમ છતાં એકી સાથે એક જ સમૂહ પર સંપૂર્ણ કાબુ મેળવવા યત્ન કરી તે દૃઢ થાય પછી જ બીજો સમૂહ હાથમાં લેવાય એ ઇચ્છવા યોગ્ય છે.

આવા દરેક 'દિવસ'માંના નિયમોને એકબીજા સાથે કાંઇક તાર્કિક સબંધ હશે. કાં તો તેઓ એકબીજાની પૂર્તિ રૂપે હશે, કે એકના પરથી બીજો તાર્કિક ક્રમ પ્રમાણે ફલિત થતો હશે, અથવા તો કોઇ વસ્તુની એકની એક બાજુને તે જુદીજુદી રીતે સ્પર્શતો હશે. બની શક્યું છે ત્યાં પાછળ આવતી સૂચનાઓમાં એ બધું સ્પષ્ટ કરવા યત્ન કર્યો છે. પરંતુ ચિંતન અને મનનથી જેટલું જાણી શકાય છે તેટલું બહારથી આવતી સૂચનાઓથી જાણી શકાતું નથી. માટે એ સમૂહોમાંના છૂટાછૂટા નિયમોના પરસ્પરના સંબંધ જાણી એ બધા નિયમોના સમગ્ર સ્વરૂપની જે સળંગ છાપ ભાષા ન જણાવી શકે એવી સુરેખ આકૃતિમાં તમારા મન પર પડે તેને બને તેટલી સચોટ ઉઠાવદાર કરવા યત્ન કરજો. કેમકે એ સ્પષ્ટ જોવાની તમારી શક્તિ પર જ આવી શકનારી ઝડપનો આધાર છે. નિયમો તો માત્ર જુદીજુદી વસ્તુઓનું જુદુંજુદું વર્ણન કરી શકે. અને એમ નિયમો યાદ કરીકરીને લખવા બેસીએ તો સામાન્ય ઝડપે પણ લખી ન શકાય. પણ જો એ નિયમો ઉપર એટલું પ્રભુત્વ મળી ગયું હોય કે કોઇ પણ અણધાર્યે પ્રસંગે યોજવાનો નિયમ સ્વતઃ કલમમાં આવીને જ ઊભો રહે તો જ કલમ અચકાયા વિના ચાલી શકે. આવી શક્તિ નિયમોના આખા સમુદાય પર વિહંગમ દૃષ્ટિ આવી ગયા પછી જ ખીલે છે, અને એમ થવા માટે પ્રથમ નિયમોનું બારીક નિરીક્ષણ કરી, બીજા નિયમો સાથે તેનું સાહચર્ય સાધી, પછી એ બધું ભૂલી જવું જોઇએ છે.

આ દૃષ્ટિએ જોતાં ઘડીભર એમ લાગશે કે એ બધા 'દિવસો'નાં એટલાં 'પ્રકરણ' કરવાની જરૂર હતી. પણ એ સ્વરૂપમાં પુસ્તક લખતાં કેટલાંક નજીકનો સંબંધ ધરાવતાં તત્ત્વો બહુ દૂર પડી જતાં લાગ્યાં. અને તેથી જ અત્યારની યોજના હેતુપુરઃસર પસંદ કરી છે; કેમકે જેવો સંબંધ એક જ 'દિવસ'ની અંદરના નિયમો વચ્ચે છે તેને જ કાંઇક મળતો સંબંધ એક જ 'પ્રકરણ'માંના 'દિવસો' વચ્ચે છે. આથી આ દૃષ્ટિએ પુસ્તક વાંચનારને કેટલાંક રહસ્યો વધુ સ્પષ્ટ પણે સમજાશે.

૪ નિયમો: 'દિવસો'ના પટોમાં આવતા આ 'નિયમો' એ પદ્ધતિનાં મૂળભૂત તત્ત્વો છે. દરેક નિયમ શીખનારે ગ્રહણ કરવાનો એક મુદ્દો રજુ કરે છે અને એવા કુલ ૯૦ નિયમોમાં આ આખી લઘુલિપિ સમાઇ જાય છે. નિયમોના અનુક્રમાંક પુસ્તકની શરૂઆતથી અંત સુધી સળંગ ચાલ્યા જાય છે. જ્યાં નિયમ પછી પ્રતિનિધિરૂપ શબ્દ આપવાની જરૂર લાગી છે ત્યાં તે નિયમ પછી કૌંસમાં એવા એકેક બબ્બે શબ્દો આપેલા છે. આ શબ્દોનાં લઘુરૂપો પ્રકરણની શરૂઆતના નકશામાં નિયમોમાં અનુક્રમાંક સહિત 'ઉદાહરણ' એ શીર્ષક નીચે આપ્યાં છે. કોઇકોઇ નિયમોમાં તેના પછી આવનારાં ઉદાહરણોના ક્રમાંક પણ આપ્યા છે, એ ઉદાહરણો પણ તે તે નિયમો પર જરૂરી તાલીમ

પૂરી પાડશે.

૫ સૂચનાઓ: અઘરી ભાષાવાળા કે ધ્યાન ખેંચે એવા ઉપયોગવાળા નિયમોની પૂર્તિ કરવાનું કામ આ 'સૂચનાઓ'નું છે. નિયમમાં તો રજુ કરવાનો મુદ્દો ટૂંકાણથી અને મુદ્દાસર લખાતો હોવાથી તેનું વિવરણ કે સંબંધ ધરાવતા બીજા નિયમો સાથે તેની તુલના ત્યાં અસ્થાને થઇ પડે છે, કેમકે તેમ કરવા જતાં આગળપાછળના નિયમો સાથે રચના જળવાઇ ન શકે, અને નિયમોના સમગ્ર રૂપને જોઇએ એટલો ઉઠાવ ન મળે. તેથી એવી બધી નેપથ્યમાં થતી ચર્ચા આ 'સૂચનાઓ' દ્વારા કરી છે. આ સૂચનાઓના ક્રમાંક નિયમોને સમાંતર અને જુદી જાતના કૌંસમાં છાપેલા છે, તેથી એકબીજા સાથે તે મેળવવાનું કામ સરળ બનશે. ટૂંકામાં કહેવાનું કે ઉપર જણાવેલી નોંધ જો નિયમોનાં કારણો આપે છે તો આ સૂચનાઓ નિયમોનાં પરિણામો જણાવે છે. અને તેથી 'નોંધ' અને 'સૂચનાઓ' વાંચી સમજી ગયા પછી દૃષ્ટિનું કેન્દ્ર 'નિયમો'ને બનાવવાનું છે.


૬ ઉદાહરણો: ઉપર કહ્યું તે મુજબ નિયમો પર ખાસ તાલીમ આપવી એ આ ઉદાહરણોના હેતુ છે. સામાન્ય રીતે આવા નિયમો સાથે અપાતાં ઉદાહરણોનાં લઘુ રૂપો પણ સાથે જ છાપવાની પ્રથા છે. પણ એ રીત સામે મુખ્ય વાંધો એ છે કે નિયમ વાંચીને પોતાની મેળે જ તે લાગુ પાડવાની વૃત્તિને તેથી ઉત્તેજન મળતું નથી. શીખનાર તરત જ એ છાપેલા ઉદાહરણ તરફ જુએ છે, અને આત્મવિશ્વાસ કેળવવાનું આ મુખ્ય સાધન આમ નકામું જાય છે. આથી અહીં એ ઉદાહરણોનાં લઘુ રૂપોને દરેક દિવસને અંતે જુદાં આપવાનું ધોરણ રાખ્યું છે. શીખનાર પ્રથમ પોતે જે રૂપમાં તે નિયમ સમજે તે રૂપમાં તે ઉદાહરણો લખે અને પછી દિવસને અંતે આપેલ 'ઉદાહરણોનું લઘુલેખન'માં એ ઉદાહરણો કેમ લખેલાં છે તે જોઇ તેની સાથે પોતે લખેલી સંજ્ઞાઓ સરખાવે તો સંગીન જ્ઞાન મેળવી શકાય.

૭ મનોયત્ન: દરેક પ્રકરણને અંતે વધુ તાલીમ માટે બની શકયાં એટલાં પરચુરણ વાકયો કે ફકરા આપ્યા છે, એનો ઉપયોગ માત્ર દિશાનિર્દેશ પૂરતો જ છે. એવું બીજું વધુ લખાણ પણ જ્યાંત્યાંથી મળી શકે ત્યાંત્યાંથી મેળવી તે લખવાનો મહાવરો ચાલુ રાખવો જરૂરનો છે.

૮ લઘુલેખન: પ્રકરણને અંતે 'મનોયત્ન'નું લઘુલેખન આપેલું છે. તે પ્રકરણ પૂરૂં થતા સુધીમાં આવી ગએલા નિયમોની અંદર જ લખ્યું છે. શીખનાર એવું બીજું કેટલુંક પોતાની મેળે લખી શકશે.

ઉપર પ્રમાણે આઠ આઠ ભાગોમાં વહેંચેલાં પહેલાં ચાર પ્રકરણોમાં પણ એક સળંગ યોજના છે. પહેલા જ પ્રકરણમાં આખી પદ્ધતિની રૂપરેખા આવી જાય છે. એટલે પહેલું પ્રકરણ પૂરૂં કર્યા પછી તમે ધારશો તો ગમે તે લખાણ ટૂંકાક્ષરી રીતે લખી શકશો. તે પછીનાં પ્રકરણોમાં લખેલું કેવીકેવી રીતે ટૂંકવી શકાય તે જ ચર્ચ્યું છે. બીજા પ્રકરણમાં જોડાક્ષરો લખવાના નિયમો તથા કેટલાક વ્યવહારૂ શબ્દ માટે ખાસ યોજેલી ટૂંકી સંજ્ઞાઓ આપેલી છે; ત્રીજા પ્રકરણમાં ઉપસર્ગો અને પ્રત્યયો માટેની ટૂંકી સંજ્ઞાઓ આપી છે અને ચોથા તથા પાંચમા પ્રકરણમાં બીજી વિવિધ રીતે લખેલા ટૂંકવવાના નિયમો આપેલા છે. દરેક પ્રકરણ શીખતાં વધુમાં વધુ કેટલી ઝડપે લખી શકાશે તે પ્રકરણના નકશામાં બતાવ્યું છે. આથી શીખનાર પોતાની શરૂઆતના પ્રમાણમાં આગળ વધી શકશે. છઠ્ઠા પ્રકરણમાં આપેલી 'સૂચનાઓ' એ પાઠનો ક્રમ આવે ત્યારે જ વચાય એવું કાંઇ નથી. અલબત્ત એમાં ઘણુંખરૂં એવું છે કે પાંચ પ્રકરણ વાંચ્યા પછી જ સમજાય. તેમ છતાં વખતોવખત તે સૂચનાઓનું મનન કરતા રહેવાથી કેટલીક અનિવાર્ય ભૂલોમાંથી બચી શકાશે. સાતમું પ્રકરણ શીખનારને પરીક્ષારૂપ છે અને આઠમા પ્રકરણમાં આપેલો શબ્દપ્રવેશ જોકે નાનો છે છતાં લઘુલેખક તરીકેના ધંધામાં એ ઘણી વખત ઉપયોગી થઇ પડે તેવો છે.

અંતમાં એક જ ભલામણ કરવાની: અધ્યાપકની મદદ વગર વિષયો તૈયાર કરવાની જેમને ટેવ હશે તેઓ આ પુસ્તકની યોજના પાછળનું રહસ્ય સહેજે સમજી શકશે, અને બીજાઓ માટે એ કહેવાનું કે શીખનારને શીખતી વખતે કરવી પડતી અનેક અટપટી માનસિક ક્રિયાઓ સોંસરવી તેના અભ્યાસની રેખા સતત વહેતી રહી શકે એવા હેતુપૂર્વક આ પ્રકરણોની રચના કરાઈ છે. અહીં શીખવા માટેના પાઠો છે



ચિત્રકાર • બંસીલાલ (ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

વિસામો




શિયાળાને તડકે

ફોટો · નગીનદાસ નળવાળા

શીખનારે કરવી પડતાની નોંધો (notes) તૈયાર કરી મૂકેલી છે, તેને પુનરાવર્તનમાં કામ લાગે અને સમગ્રદર્શી ખ્યાલ આવે એવા રીતે ગોઠવેલા નકશા છે, અને ખૂબ તાલીમ મળે એટલાં—એક જુદું જ પુસ્તક રોકી લે એટલા—ઉદાહરણો, ઉદાહરણ-તાલીમ અને શબ્દકોશ એમ ત્રણ કામ સારતાં પડ્યા છે. અને આ બધા ઉપરાંત બારસો જેટલા શબ્દોનો કોશ પણ સાથે હોવા છતાં શીખનારને પ્રથમ દર્શને નાસીપાસ કરે એવું દળદાર પુસ્તક થયું નથી. પુસ્તકના આ દળનો પ્રશ્ન પણ પુસ્તકના નિર્માણની યોજનાનો એક ભાગ છે અને પશ્ચિમનાં દળદાર થોથાંથી ટેવાએલા વાચકની આગળ તે પણ સ્પષ્ટ કરવાની જરૂર છે. કીમતનો પ્રશ્ન બાજુએ મૂકીએ તોપણ આપણે કરવાના કામના કદની આપણા મન પર જે સૂક્ષ્મ અસર થાય છે તેનો એ પ્રશ્ન છે. વળી આ દૃષ્ટિએ યોજનાપૂર્વક અને સ્પષ્ટપણે લખાએલાં ઓછાં પૃષ્ઠોનું સળંગ સ્મૃતિના થરોમાં સાચવવું વધુ સુગમ પડે છે, અને આથી જ શીખનારના ધ્યાનને આમતેમ ખેંચી રાખે એવી આ બધી પરચુરણ ચર્ચા અહીં જુદી કરી લેવાનું યોગ્ય ધાર્યું છે. આમ પુસ્તકની અંદરનું બધું વસ્તુ સ્ટીમર પરની વ્યવસ્થિત કૅબિનના ફરનીચરની માફક પોતપોતાની જગ્યાએ કાળજીથી ગોઠવેલું હોવાથી બીજાં પુસ્તકોનાં પૃષ્ઠ સોંસરવો દોડવા ટેવાએલો વાચક અહિં તેમ દોડી ન શકે તો નિરાશ ન થાય.

છેટું વધતાં પ્રકાશ કેમ ઘટે છે?



પ્રકાશનો મુખ્ય ધર્મ ચોમેર પ્રસરવાનો. એટલે તે જેમ પ્રસરતો જાય છે તેમ તેની તીવ્રતા ઘટતી જાય છે એટલું તો આપણે જાણીએ છીએ; પણ તેનું સાચું પ્રમાણ આપણે નથી જાણતા. ઉપલું ચિત્ર તે સમજાવશે.

પ્રકાશ પર અંતરની અસર કેમ થાય છે? આપણે જોઈએ છીએ કે પ્રકાશના સ્થાનથી આપણે જેમ દૂર જઈએ તેમ આપણને અજવાળું ઓછું મળે છે. સૂર્યથી યે વધુ મોટા ને પ્રકાશવાળા અતિ દૂરના તારાઓ ઘણાખરા તો આપણી નજરે પણ નથી ચડતા અને જે નજરે ચડે છે તે પણ જાણે નાના ટમટમતા દીવા હોય તેવા દેખાય છે. કારણ? સમજીએ

એક દોરડાને છેડે આપણે એક શેર વજન બાંધીએ તો તેનું ખેંચાણ એક શેર રહે અને દશ શેર બાંધીએ તો ખેંચાણ દશ શેર રહે તેવી જ રીતે આપણે માની લઈએ છીએ કે બે ફૂટના અંતરે પ્રકાશનું પ્રમાણ અરધું થઈ જાય ને ત્રણ ફૂટ દૂર થતા, મળતા પ્રકાશનું પ્રમાણ પણ ત્રીજા ભાગનું થઈ જાય

પણ તેમ નથી. પ્રકાશથી બે ફૂટ દૂર રહેતાં, પહેલા ફૂટના અંતર પરથી મળતા પ્રકાશના જથ્થાનો માત્ર ચોથો ભાગ જ આપણને મળવાનો. એવી રીતે ત્રણ ફૂટ દૂર રહેતાં પ્રકાશનો જથ્થો ત્રીજા ભાગનો નહિ પણ નવમા ભાગનો મળવાનો!

વિજ્ઞાનીઓ આ નિયમને પોતાની ડાહી ભાષામાં આ મુજબ મૂકે છે: 'પ્રકાશ જેમજેમ પ્રસરતો જાય તેમતેમ તેનું આત્યંય (intensity–તીવ્રતા) ઉત્પાદકસ્થાનના અંતરના દ્વિઘાત (square)–વર્ગના પ્રમાણમાં ઘટતું જાય છે.'

ઉપરના ચિત્ર પરથી આ બાબત સમજવી આપણને વધુ સહેલી થઈ પડશે. મીણબત્તીથી એક ફૂટ દૂર રહેલું ચોરસ પત્તું પ્રકાશનો અમુક જથ્થો મેળવે છે. એ કિરણો આગળ ને આગળ ચાલ્યાં જાય તો બે ફૂટને અંતરે એક ફૂટ પરના પત્તા કરતાં ચાર ગણા મોટા પત્તાને, અને ત્રણ ફૂટને અંતરે નવ ગણા મોટા પત્તાને તે પ્રકાશિત કરી શકે. આથી ચોક્કસ થાય છે કે પ્રકાશનો એટલો ને એટલો જથ્થો વધુ પ્રસારિત થાય છે અને તેનું એ પ્રસરણ અંતરના પ્રમાણમાં નહિ પણ અંતરના દ્વિઘાત (square)-વર્ગના પ્રમાણમાં થાય છે.

રુસ્તમનો ઘોડો રખ્શ

જગતના સાહિત્યમાં પ્રખ્યાત થયેલી ઈરાનની કરુણ લોકકથા સોરાબ અને રુસ્તમના એક નાયક રુસ્તમ એ દેશનો પ્રખ્યાત પહેલવાન હતો. જ્યારે-જ્યારે ઈરાન દેશ ઉપર આફત આવતી, ત્યારેત્યારે ત્યાંના રાજા આ વીર પુરુષની મદદ લેતા. ઈરાનની હાકલ-નો તાત્કાલિક જવાબ આપવો એ રુસ્તમનું પરમ કર્તવ્ય હતું. એણે જીવનભર ઈરાનને સંકટમુક્ત કરવામાં જ આનંદ લીધો હતો. એની પરાક્રમકથા તો ઘણી લાંબી છે. પણ એણે પોતાના વિખ્યાત રખ્શ ઘોડાની મદદથી એક ભયંકર શત્રુનો સંહાર કર્યો તેની નાની વાત અહીં ઉતારી છે.

રુસ્તમને તેના પિતાએ વજ્ર જેવો ભાલો ભેટ આપ્યો: 'રુસ્તમ! આ લે, અને ઈરાન દેશને શત્રુમુક્ત કરી આવ.'

પિતાએ આપેલા ભાલા તરફ તે ઘડીભર જોઈ રહ્યો. ભાલો જેવો સુંદર હતો, તેવો જ મજબૂત હતો.

'આ ભાલો કોનો છે?'

'એ ભાલો આપણા વંશમાં પિતાથી પુત્રને વારસામાં મળતો આવ્યો છે. મને મારા પિતાએ ભેટ આપ્યો હતો. આજે હવે હું તને ભેટ આપું છું. એ ભાલો જેટલો મજબૂત છે તેટલો જ સુંદર છે. વળી, એ પવિત્ર છે. એ ભાલો હમેશાં નિર્બળના રક્ષણ માટે જ વપરાતો આવ્યો છે. હમેશાં એ પવિત્ર જ રહ્યો છે અને તું એને પવિત્ર જ રાખજે.'

રુસ્તમે ભાલો હાથમાં લીધો ને ફેરવી જોયો. પોતાનું બળ તેને વધતું લાગ્યું. પણ જેવો ભાલો હતો તેવો સુંદર ઘોડો એની પાસે ન હતો. સુંદર ઘોડા વિના પોતાની ઘોડેસવારી તેને અધૂરી લાગી.

'પણ જેવો આ ભાલો મળ્યો છે, તેવો જાતવાન ઘોડો મળી જાય, તો દુશ્મનો ઈરાની સૈનિકની ઘોડેસવારી જોઈને દંગ થઈ જાય.'

રુસ્તમને તો પોતાની ઘોડેસવારીનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. એના પિતાએ આખા દેશમાંથી ટોળે-ટોળાં ઘોડા એકઠા કર્યા. એક પછી એક ઘોડા તપાસવા માંડ્યા. રુસ્તમનો જમણો હાથ વાંસા ઉપર પડતાં જ દરેક ઘોડો જરાક નીચો નમી જતો હતો. એને લાગ્યું કે સર્વોત્તમ ઘોડેસવારને લાયક એવો એકે ઘોડો આખા ટોળામાંથી નહિ નીકળે. છેવટે ઉઘડતા ગુલાબની પાંખડી જેવી સુંદર લાલ રંગની એક ઘોડી એની નજરે ચડી એની પછવાડે એનો વછેરો હતો. એ વછેરા ઉપર રુસ્તમની નજર ઠરી. એ વછેરો હાથી જેવો દૃઢ, સાંઢ જેવો ઝડપી અને સિંહ જેવો ચપળ હતો. એની આંખમાં તેજ ભર્યું હતું. હંસલાની ડોક જેવી એની ડોક ઉપર સુંદર કેશવાળી શોભી રહી હતી. એની રૂંવાટીમાં તાજગી હતી.

'આનું નામ શું?'

'એનું નામ રખ્શ.'

રખ્શ એટલે વિજળી. રુસ્તમ તેની સામે જોઈ રહ્યો.

તે પાણી જેવો પ્રકાશિત હતો, અગ્નિ જેવો તીવ્ર અને તેજસ્વી હતો. રુસ્તમે પોતાનો પંજો વછેરાના બરડા ઉપર મૂક્યો. વછેરાનો બરડો નમ્યો નહિ, કે એની રૂંવાટી થરથરી નહિ.

રુસ્તમને જેવો જોઈતો હતો તેવો પાણીપંથો, સહનશીલ, ઉગ્ર અને તેજસ્વી આ વછેરો હતો.

'આ વછેરાનું મૂલ?'

'એનું મૂલ નજીવું છે.' વછેરાના ધણીએ જવાબ આપ્યો: 'એનું મૂલ આટલું જ કે એના ઉપર સવારી કરનારો ઈરાનની ખાતર સવારી કરે, શોખની ખાતર નહિ.'

માલિકના શબ્દો જુવાન રુસ્તમને ઘા કરી ગયા. ઘોડેસવારી એને મન શોખની–આનંદની વસ્તુ હતી. આજે પહેલવહેલું એના અંતરમાં અજવાળું થઈ ગયું કે ખુદાએ શોખને માટે કોઈ ચીજ પેદા કરી નથી. દરેક વસ્તુનો ઉપયોગ છે.

રુસ્તમે જવાબ વાળ્યો: 'મારી સવારી હરહમેશ ઈરાનની સેવા માટે જ હશે. સેવા કરવા માટે જરૂરી હોય તેટલો જ આરામ હું હક્કથી ભોગવીશ. અને ઈરાનનો સ્વાતંત્ર્યધ્વજ ફરકતો રાખીશ.'

માલિકે વછેરો તેને ભેટ આપી દીધો!

રુસ્તમનો નિત્યનો સંગાથી, સુખદુઃખનો ભાગી, અને હમેશાં તેની સાથે રહેનારો તે જ આ રખ્શ.

એક વખત એવું બન્યું કે ઈરાનનો રાજા પરદેશ-માં કેદ થયો હતો. રુસ્તમે પોતાના વિખ્યાત રખ્શ ઉપર સવારી કરી, પોતાનો વજ્ર જેવો ભાલો હાથમાં

લીધો. વાઘના ચામડાથી મઢેલી પોતાની ઢાલ સજી અને પોતાની માની રજા લઈ રાજાને કેદથી મુક્ત કરવા માટે ચાલી નીકળ્યો.

રખ્શ તો વીજળી વેગે ઊપડ્યો રુસ્તમને થાકનું તો નામનિશાન નથી. બંને જાણે ચાલ્યા જાય છે. રસ્તામાં એક જગ્યાએ રાતવાસો કરવા રોકાયા. છૂટા મેદાન ઉપર રખ્શને ચરવા માટે મોકળો મૂકી રુસ્તમ જરાક આડો થયો અને તેને તરત નિદ્રા આવી ગઈ.

મધરાતે એક સિંહ આવ્યો. રખ્શના ઉપર તેણે હુમલો કર્યો. હુમલો કરતાં તો કર્યો પણ પછી ઘોડાએ જ્વાળાની પેઠે એની સામે ધસારો કર્યો. આગલા બે પગ ઊંચા કરી તે સિંહના માથા ઉપર કૂદ્યો અને દાંતથી કેશવાળી પકડી એને હચમચાવી મૂક્યો. સિંહે બિચારે છૂટવાનો તો બહુ પ્રયત્ન કર્યો, પણ પછી તો લાતો ઉપર લાતોની ઝડી વરસી. થોડી વારમાં સિંહ જમીનદોસ્ત થઈ પડ્યો. રુસ્તમ આ ગરબડથી જાગી ઊઠ્યો. જુએ છે તો સિંહનું મુરદું પડ્યું છે અને તેની પાસે ઊભોઊભો રખ્શ ખોંખારે છે. રુસ્તમ અંતરમાં તો હસ્યો, પણ કુદરતનો ક્રમ બદલી નાખનાર પોતાના મિત્રને મોઢેથી ઠપકો આપ્યો: 'અરે! રખ્શ! તેં મને કેમ ન ઉઠાડ્યો? સિંહ સાથે લડવું એ તારું કામ છે?—હવે કોઈ સાથે લડતો નહિ. તરત મને ઉઠાડજે.'

બીજે દિવસે તેમણે પાછી મુસાફરી શરૂ કરી. જ્યાં સાંઢ પણ થાકી જાય એવા ભયંકર રેતીના રણમાંથી રખ્શ અને રુસ્તમને પસાર થવાનું હતું. ગાઉ ઉપર ગાઉ કપાતા જાય છે. ચારે તરફ રેતી, રેતી અને રેતીનો જ મહાસાગર દેખાય છે. સૂર્ય એવો તપે છે કે માણસ બે ડગલાં ચાલે ત્યાં ચક્કર ખાઈને પડે. રખ્શને તરસ લાગી છે અને રુસ્તમનો પણ પાણી વિના જીવ જાય છે.

છેવટે રુસ્તમ પાણી પાણી કરીને ખુદાને સંભારવા લાગ્યો. એટલામાં તેની નજરે એક ઘેટું ચડ્યું. પાણી વિના આવી મરુભૂમિમાં ઘેટું જીવી શકે નહિ એ વિચાર આવતાં રુસ્તમને આશ્વાસન મળ્યું. તેણે ઘેટાની પાછળ પાછળ ઘોડાને દોર્યો.

રેતીના રણમાં એક સુંદર જગ્યા પાસે તેઓ આવી પહોંચ્યા. ત્યાં નિર્મળ પાણીનું ઝરણ વહી રહ્યું હતું અને લીલીછમ લીલોતરીથી આસપાસ મેદાન ઢંકાઈ ગયું હતું. રુસ્તમે આનંદના પોકાર કર્યા. પણ જુએ છે તો પેલું ઘેટું અદૃશ્ય થઈ ગયું હતું!

રાત્રે તેણે ત્યાં જ ધામો નાખ્યો. હવે આ જગ્યાએ એક વિચિત્ર દાનવ રહેતો હતો. મધરાત થઈ, આકાશમાં તારા થંભી ગયા, રેતીનાં મેદાન સૂઈ ગયાં ત્યારે તે ભયંકર રાક્ષસ રુસ્તમ તરફ આવવા લાગ્યો.

દાનવને આવતો જોઈ રખ્શે હણહણાટ કર્યો અને દાબડાથી જમીન ખોતરવા લાગ્યો. રુસ્તમ જાગી ઊઠ્યો, પણ તેણે કાંઈ જોયું નહિ. રખ્શને શાંત રહેવાની સૂચના કરી રુસ્તમ સૂઈ ગયો. પાંચ મિનિટ ન થઈ એટલામાં પાછો ફરી રખ્શે હણહણાટ કર્યો. રુસ્તમ વળી જાગી ઊઠ્યો, પણ તેની નજરે કાંઈ દેખાયું નહિ. 'અરે રખ્શ! તું અંધારાથી ડરે છે?—કે અંધારાને બીવડાવવા હણહણાટ કરે છે?—હવે નાહકનો અવાજ ન કરતો. હું મારી મેળે વખતસર ઊઠીશ.'

વળી પાછો દાનવ દેખાયો. રખ્શ તો ચિંતામાં પડ્યો કે હવે શું કરવું?—રુસ્તમે તો અવાજ કરવાની ના પાડી છે પણ અંતે રુસ્તમનું હિત વિચારી સમજુ ઘોડાએ વખતસર હણહણાટ કરી રુસ્તમને ચેતાવ્યો.

આ વખતે રુસ્તમની દૃષ્ટિ પેલા વિચિત્ર દાનવ ઉપર પડી. હાથમાં તલવાર લઈને તેણે દોટ મૂકી. રુસ્તમ અને દાનવ વચ્ચે ભયંકર યુદ્ધ જામ્યું. રખ્શ પણ રુસ્તમની મદદે આવ્યો અને તેણે દાનવના ખભાને દાંત ભરાવી જોરથી બચકાં ભરવાં શરૂ કર્યાં.

થોડી વારમાં રુસ્તમને વિજય મળ્યો. અને દાનવ ભોંય પર પટકાઈ પડ્યો.

અનેક સંકટો વેઠીને રુસ્તમે પોતાના રાજાને બંધનમુક્ત કર્યો.

આ વીર પુરુષનો યુદ્ધનો રસ શી રીતે ઓસરી ગયો એ કરુણ વૃત્તાંત હવે પછી આવશે.

'ધૂમકેતુ'

ભોમીઓ: (અમેરિકન મુસાફરને) જુઓ સાહેબ, આ પ્રચંડ ભવ્ય જ્વાળામુખી વીસુવિયસ. તેના અપાર જોસ અને ભયાનકતાને જગતમાં કોઈ પહોંચે નહિ.

અમેરિકન: (સગર્વ): એમ તો કહેવું જ નહિ. અમારા પ્રાંતમાં નાયગરા નામનો પ્રચંડ ધોધ છે. તે એને એક જ ક્ષણમાં શાંત કરી શકે છે.

ધ્વનિ કાવ્ય વિભાગ



કૃતજ્ઞતા દર્શાવતી અ યોક્તિ લાગતું આ કાવ્ય સૉનેટના સાચા ગુણો વડે સોહે છે,—પહેલેથી તે એની ચોટદાર છેલ્લી લીટી સુધી.

છોડ

· શિખરિણી ·

અકાળે અસ્થાને ઉગમ કુમળા અંકુર રૂપે
થયો મારો, સારો દિવસ બળતું જ્યાં રવિધૂપે;
વહે ઊના વાયુ, અનુદિન ગળું. વારિ સમણે.
પડચો એવે ઊંચી અનુભૂતિભર્યા માળી નજરે,
ઉપાડીને રોપ્યો નિજરચિત ઉદ્યાન મુજને;
કરી ક્યારી, વારિ વહન દીધું ને મંડપ રચ્યો;
ફળ્યો ફાલ્યો હું તો મધુર મુકુલે, ઇચ્છું જ હવે
ધરી છાબે પુષ્પો પરિમલ ભરૂં પોષક ઉરે.

પરંતુ એ માળી પલ્લકજીવી પુષ્પો નવ ચહે,
ઊગ્યો ખારી ભોમે શાં વિધ ફળવું દિવ્ય ફૂલડે?
સ્પૃહા એને તે શી મુજ મુકુલની સાગરદિલે,
લસંતાં જ્યાં કોટિ કુસુમ નિજ દૈવી ઉપવને!
ભલે મારાં પુષ્પો ચરણ રગદોળાય, તદપિ
સુગંધી દેવાના સતત ધબકારા બસ નથા?

રમણીક અરાલવાળા

ॐ

અંતરની આરઝૂ પણ કેવી?—સ્વચ્છ ધૂળ બની રહેવાની: અને તે કેવા ઉદ્દેશ માટે?

હું ધૂળ હવે બની રહું

· મિશ્ર ·

કાંટા અને કાંકર ઝાંખરાંથી
વિહીન હૂં ધૂળ હવે બની રહૂં;
ને શાન્ત વાયુવહને ઉડ્યા વિના
તારા પથે નિશ્ચલ હું પડી રહું:

જ્યાં તું ધરે કોમલ પાય તારા
થાકેલ વા હો સુખસ્વપ્નઘેલા
ને સ્પષ્ટ સંપૂર્ણિત હાર્દની કથા
ઉકેલનારાં પગલાં પડી જતાં.

મુકુન્દ વિ. વિજય પારાશર્ય

અગાઉ ક્યાંક પ્રગટ થઇ ગએલું આ કાવ્ય અહીં ફરી તો એટલા માટે ઉતાર્યું છે કે એના પ્રતિકાવ્ય સરખું એક કાવ્ય અમારી પાસે આવ્યું છે. એનો આનંદ લેવા માટે પહેલું આ જોઇએ. અને આમાં પણ ઘણું સત્ત્વ છે:

દીપક

દીવો ધરો હો! દીવો ધરો!
ભૂલ્યાંને પંથ સંત દીવો ધરો હો!
દીવો ધરો હો! દીવો ધરો!
આત્માનાં અમૃતનો દીવો ધરો હો!

જગતની ઝાડી ઘોર ભીષણ ભૂલામણી
અંધારાં કારમાં એનાં હરો!—ભૂલ્યાંને૦

કોટિકોટિ હૈયાંને નિત્યે અજવાળતો
કુહોને હશે ક્યાં એ ચેતનઝરો!—ભૂલ્યાંને૦

નીલમ, માણેક ને મોતીનાં તેજે
અંજાયાંનો ક્યાં તે હારો ખરો?—ભૂલ્યાંને૦

ચોધાર દાઝ્યાં ઉરને જગાડી
આશાનાં તેમાં કિરણો ભરો!—ભૂલ્યાંને૦

'નિજનાં' 'પરાયાં'ના ભેદો ભૂલાવતા
જગને ચોકે કોટિ દીવા કરો!—ભૂલ્યાંને૦

દીવો ધરો! હો દીવો ધરો!
આત્માનાં અમૃતનો દીવો ધરો હો!

'સ્નેહરશ્મિ'

અને હવે આ નીચેનું કાવ્ય—

ॐ

દીવો કરો

દીવો કરો રે દીવો કરો.
દેવની આગળ દીવો કરો

ત્રણે ભુવનમાં અંધારૂં હાલતું
સાચું ખોટું કંઇક જુએ ખરો—દેવ૦

દુનિયાનું ગાડું ગબડાવ્યે રાખતો
અંધારે આડબીડ ઊંડો ધરો—દેવ૦

લાખોપતિને લાખો અપાવતો
ભૂખ્યાંનો પેટનો થાતો મરો—દેવ૦

માળામાં મુળગો ઘેર મળે નહિ
  શાને પરોઢ્યે જાતો સરો—દેવ૦
ઊંચે આકાશ ને નીચે આધાર નહિ
  ફોગટના શાદને ફેરા ફરો—દેવ૦
અંધારે એકલો સૂતેલો સાગરે
  દેખ નહિ તો દીપમાળા ધરો—દેવ૦

'પ્રબોધ'

ૐ

જગતમાં નજરે પડતા વિરોધાભાસનો મર્મ ઉકેલવા મથતું અંતર પ્રશ્નો પૂછે છે:

આજ પૂછું

વસંતતિલકા

આકાશમાં હસી રહ્યો વિધુ! આજ પૂછું
તું તેજરશ્મિ પ્રસરે સહુ વિશ્વમાં આ,
આકાશ આ નીલમ શું અમ શિરછાયું
તો શેં જુદાઈ ભરતું અમ નેત્ર ન્યારું?

ઝૂગી રહેલ કુમળાં ફળપાન ઝાડે
ખાઇ રમે વિવિધ પક્ષી અનેક તો યે
છાયે ઉભેલ મનુબાલ રડી રહે છે;
શા ન્યાયની રમત આ વિધિ તું રમે છે?

આકાશમાં હસી રહ્યો વિધુ! આજ પૂછું
તારા હસિત વદને ભરતી ચડેલી
તુફાનમાં કંઇક નાવ ડુબી નિહાળી
આંસુભર્યાં જગત માનવીને હસીશ?

શશિવદના યાજ્ઞિક

ૐ

જગતના અંધારને આત્મવિલોપનથી ઉજાળવાની ઉદાત્ત ભાવના આંકતું સૉનેટ.

જીવનદીપ

પૃથ્વી

પ્રગાઢ દળનાં દળો તિમિરનાં દશે દિશથી
ભીંસે, અસહ્ય ભીંસથી દૂર ક્યહીં કહું નાસવા;
કરૂં નજર તીણી, ઝીણી પગદંડી માટે ત્યહીં
પણે થઇ રહી શી ઝાંખી હિલચાલ ઊડીઊડી!
અગમ્ય હિલચાલમાં કહું હજુ ય દષ્ટિ તીણી;
નિહાળું: નિજ હસ્તથી પથભૂલેલ ફંફોળતાં
જનો કંઇક; કૈંક ચોગમ દિવાલ દુર્ગમ અરે
વીંટાયલ; વિનાશની ખીણ ઊંડી આવી ય જતાં
કંઇ; કંઇ સુઝે ન પંથ અવશેષતણો ઈંખનાં.

ઘસું તિમિર ગાઢમાં: જીવનદીપજ્યોતિ ધરી
બધું કરી મૂકું જળુંદળું. ખુટે ત્યહીં તેલ, તો
બુઝાતી મમ જ્યોતિમાં, જરીક વાટ ઓરીને,
પૂરી બધું ય તેજ આત્મતણું છેલ્લું, તેવા મહા–
પ્રકાશથી ભરી દઉં જગતની બધા યે ખીણો.

અજીતરામ નરોત્તમ રાવળ

ૐ

એક વાર શૂન્ય રાત્રિમાં બપૈયો સાંભળેલો તે વેળા ઊઠેલી વિચિત્ર દુર્બોધ લાગણી ચીતરવાનો પ્રયત્ન.

મધરાતે

સૂના સાયર સૂતાં સરવર
  સૂતાં તરુવર ને ધૂના,
અધરાતે મધરાતે જાગ્યા
  સૂર બપૈયાના સૂના:
છાનો હું ય બિછાને કહું
  બોલ બપૈયા ટિહૂ ટિહૂ!

સૂતાં કોકિલ મેના પોપટ
  સૂતાં દાદુર સૂતા મોર,
અધરાતે મધરાતે જાગ્યા
  સૂર–બપૈયા હૈયાચોર:
બીડેલાં ઉઘડ્યાં મમ નેન
  ટિહૂ ટિહૂનાં વાગ્યાં વેન!

સૂતા પ્રાણો સૂતા ભાવો
  સૂતાં સંવેદન અંતર,
અધરાતે મધરાતે જાગ્યાં
  મધગળાતે મીઠે મંતર:
ચાતક ટહુક્યો: ટિહૂ ટિહૂ
  પ્રાણો ટહુક્યા: કહું! કહું!

તનસુખ ભટ્ટ

નેપથ્યમાંથી

નિયમિત ચાલુ રાખવાના ઉમંગથી આ નાનકડો વિભાગ ફરીથી શરૂ તો કરૂં છું.

'કુમાર'ના પહેલા અંકના પૂઠા તરીકે જે આલેખન પ્રકટ થયું હતું તે જ પાછું આ અંકના પૂઠા ઉપર છપાએલું જોઇ જૂના વાચકોને અચંબો થશે—કદાચ નિરાશા સાથે. પણ એ તો એક તપ (બાર વર્ષ)ની અવધ પૂરી કરીને બીજામાં પ્રવેશ કરવાના આ અવસર પૂરતું જ, પૂર્વના પુનિત સ્મરણ તરીકે ફરી અવતાર્યું છે. આવતા અંકથી ફરી એની વિવિધતાઓ શરૂ થશે.

એ પૂઠા ઉપર ચાલુ ક્રમાંક તરીકે ૧૪૫નો આંક મૂકવાનો આવ્યો ત્યારે બાર વરસ પહેલાંનો 'કુમાર'ના તંત્રના નેપથ્યમાં બનેલો એક નાનકડો પ્રસંગ યાદ આવ્યો. 'કુમાર'ના વાચકોને કદાચ એમાં રસ પડશે.

'કુમાર'નો પહેલો અંક પ્રકટ કરવા માટે છપાઇને તૈયાર થઈ આવ્યો હતો, અને તેના બેએક શુભેચ્છક મિત્રો આગળ તે અવલોકાતો હતો. પૂઠાના ડિઝાઇનના અર્થની વાતચીત થઇ રહ્યા પછી સ્વામી આનંદે પૂછ્યું, '"કુમાર" અક્ષરોના 'કુ'ના હ્રસ્વના ગોળાકારમાં આ વર્ષ અને અંકના આંક આપ્યા પછી ફરી પાછો અહીં પડખે અંક ૧ શા માટે?' આ લખનારે સમજણ પાડી: 'ગુજરાતી માસિકોમાં અમે એ નવી પદ્ધતિ શરૂ કરવા માગીએ છીએ. વર્ષના અંકોનો ક્રમ તો ૧ થી ૧૨ દર વર્ષે બદલાતો રહેશે, પણ અહીં માસિકના અંકોનો ચાલુ ક્રમાંક આવશે: ૧, ૫૧, ૧૪૫ વગેરે!' એ અંકસંખ્યા તો એ વેળા આશાવાદના વેગમાં બોલાયે જતી હતી, પણ એની પાછળ કેટલી જહેમત લેવી પડશે તેની એ અનુભવી મુરબ્બીને ખબર હતી; એટલે ઉત્સાહની એ ધૃષ્ટતા તરફ તેઓ પોતાની લાક્ષણિક રીતે એકીટશે જોઇ રહ્યા અને પછી મલકાતે મોંએ, એ ખુલાસો સ્વીકારતા, કાંઇક ચેતવણી આપતા હોય એમ, આટલું જ બોલ્યા: 'એમ ? એમ ? . . .'

એ શબ્દોનો રણકાર આજે પણ બરોબર યાદ છે. એ પણ બરોબર યાદ છે કે '૧૪૫'નો અંક એ વેળા તો કેવળ નિરુદ્દેશપણે બોલાયો હતો. ખ્યાલ સરખો પણ ન હતો કે એ ક્રમાંક તે બાર વર્ષની—એક તપની મુદત પછીના પહેલા અંકનો ક્રમાંક થાય. અને એવી કલ્પના પણ નહોતી કે બાર વરસ પછી, 'કુમાર'ને વધુ સમૃદ્ધ, સુંદર ને સંગીન કરવાના પ્રયત્ન સાથે નવા તપમાં પ્રવેશ કરવાના અવસરે એ મૂકવાનો આવશે; હતી માત્ર બધાં યુવાન હૃદયોમાં હોય છે તેવી આશાનાં અમીથી છંટાએલી, કામ કરી છૂટવાની ધગશ. ૧૪૫નો અંક મોંમાંથી નીકળી ગયો તે એ ઉત્સાહના વેગમાં અકસ્માતે જ. એ અકસ્માત આજ સાચો પડે છે તે, એવા અકસ્માતો વડે આ જગતના નિયંત્રણને વિભૂષિત કરનારી અને બધી શુભ ભાવનાવાળી પ્રવૃત્તિઓ પર પોતાનો અનુગ્રહ ઉતારનારી પરમ સત્તાના એવા એક અનુગ્રહનો જ પ્રસાદ છે.

આ અંકના પૂઠા ઉપર ફરી ઉતારતાં એ ચિત્ર તરફ નજર કરૂં છું ને એના પ્રારંભકાળની એની પાછળની બધી ભાવનાઓ હજી તાજી લાગે છે. ઉત્સાહના થનગનતા અશ્વ પર આરૂઢ થઇ ભાવિના માર્ગ પર આશાભરી મીટ માંડતો, ગભરૂ ચહેરાનો કુમાર જીવનપ્રસ્થાન કરે છે,—ઉત્સાહ પર અંકુશ રાખતી સંયમની લગામ અને લક્ષ્યવેધી ભાલો હાથ ધરીને. બાર વરસનો, અનેક અનુભવોથી ખીચોખીચ ભરેલો, ભરતી-ઓટથી ઊછળતો લાંબો ગાળો વીતી ગયો છે છતાં આજે પણ એ કુમારના ચહેરા સામે જોતાં એ કૃતનિશ્ચય માર્દવ, એ સંયમિત ઉત્સાહ, એ અમોઘ મીટ પ્રેરણામાં જૂનાં થયાં નથી લાગતાં.

પણ આ તો મને લાગે છે તે. તમારો સૌનો અભિપ્રાય પણ એને વિષે જાણવા ઇંતેજાર છું. જેઓનો અમને શરૂઆતથી જ સાથ છે એ જૂના ગ્રાહકોને પૂછું છું કે તમને આજ એ કેવું લાગ્યું? અને નવા ગ્રાહકો જેમણે એ કદી નથી જોયું તેમને પણ પૂછું છું કે 'કુમાર'ની બધી પ્રવૃત્તિઓની ધ્યાન-મુદ્રા રૂપ એ ઘોડેસવારના સંજ્ઞાચિત્રનો એ આદિ પુરુષ તમને કેવો લાગ્યો? તમારા અભિપ્રાયો હું કીમતી ગણીશ અને આભાર તથા આતુરતાથી વાંચીશ.

થોડાં વરસ પહેલાં ટિકિટો સંઘરવાના શોખ વિષે વિસ્તૃત સમજણ આપતો લેખ 'કુમાર'માં આપ્યા પછી, તથા ત્યારબાદ લાંબે ગાળે એની એક માળા થોડો વખત ચલાવ્યા પછી એ વિભાગ બંધ કરવા માટે વાચકો તરફથી પૂછપરછ થયા કરી છે, અને ફરી શરૂ કરવાની માગણી પણ આવી છે. એ વિષયનું પણ એક નિરાળું શાસ્ત્ર છે; અને તેના ખરા ઊંડાણમાં ઊતરેલો, તેનો અભ્યાસી, તેની મહત્તા સમજાવનારો તથા તેની છેલ્લામાં છેલ્લી માહિતી આપનારો કોઇ યોગ્ય લેખક એ માથે ન લે ત્યાં સુધી એને પૂરતો ન્યાય ન મળે. વળી, ઘણા શાસ્ત્રીય વિષયોની બાબતમાં બન્યા કરે છે તેમ એમાંથી નવીનતાનું કુતૂહલ અને જ્ઞાનનો રસ ઊડી જઇને માત્ર શાસ્ત્રની જ સૂકી ચર્ચા થયા કરે એ ઉચિત નથી લાગતું. એટલે યોગ્ય રીતે એના સાચા રૂપમાં નિયમિત એ શરૂ કરવાની મુસીબત ટળે ત્યાં સુધી અવારનવાર એકાદી નવીનતા આ વિભાગમાં રજુ કરતા રહેવાની ઉમેદ છે.

એ શોખનો નાદ એવો ચેપીલો છે અને એનો પ્રવાહ એવો સજીવ રહે છે કે સૌકોઈ ધારે તો પોતપોતાની રીતે પોતા પૂરતો એ ચાલુ રાખી શકે. ઉપરાંત તમારા ગામમાં એવો નાદ ધરાવતા તમારા સમાનધર્મી મિત્રો, ઓળખીતાઓ કે અજાણ્યાઓ જે કોઇ હોય તેમનું મિલન દર પખવાડિયે કે

મહીને ગોઠવવાથી ઘણો લાભ થાય. એવાં મિલનો વખતે પરસ્પરના સંગ્રહો જોવા મળે એ લાભ તો ખરો જ; ઉપરાંત પોતપોતાની પાસે વધારાની ટિકિટો હોય તેનો સૌ અદલો-બદલો કરે; વળી ટિકિટોનાં નાનાં પ્રદર્શનો પણ ભરી શકાય—કોઇવાર બ્રિટિશ સામ્રાજ્યનું, કોઇવાર અમેરિકાનું, ઇજિપ્તનું, આબીસીનિયાનું, એમ દેશવાર; તો કોઈવાર વિષયો વાર—હવાઇ ટપાલની ટિકિટોનું, કોઇની જયંતીઓ કે શુભ પ્રસંગોને સ્મરણાંકિત કરતી ટિકિટોનું; અથવા 'કુમાર'માં અગાઉ આવી ગયાં છે તેવાં, સ્થાપત્યનાં, રમતગમતનાં, જંગલી પ્રાણીઓનાં વગેરે ચિત્રો જેના ઉપર હોય એવી ટિકિટોનાં પણ પ્રદર્શન કોઇકોઇ વાર ભરી શકાય. આ વિનિમય-પ્રયોગ ઘણો રસદાયી (અને ફળદાયી પણ) નીવડે.

કોઇ અનુભવી મોટેરું મળી આવે તો ઊગતા શોખીનોને માર્ગદર્શન પણ ઘણું મળે. કેટલાક શિખાઉઓ તો મુખ્ય મુદ્દાથી જ અણજાણ હોય છે. દાખલા તરીકે ચોખ્ખી, સ્પષ્ટ આલેખન અને અક્ષરોવાળી તેમજ રજમાત્ર ખંડિત ન થએલી ટિકિટો જ મૂલ્યવાન છે. કાપ કે છેકો મૂકેલી ટિકિટો કે કોરી ટિકિટો કરતાં ટપાલની છાપવાળી ટિકિટોની મહત્તા વધારે છે, વગેરે. આવાં સંમેલનો કોઇ સ્થાને ગોઠવાય તો તેની માહિતી બીજા ઇચ્છુકોને પહોંચાડવા માટે આ વિભાગ ખુલ્લો છે. —ઈત.

માઈક ડૉરિઝાસ . . .

(અનુસંધાન પાછળ પાન ૧૬ થી)

'મંગોલિયામાં.' તેણે હસતાં હસતાં જવાબ આપ્યો: 'ગોબીના રણનો અને મંગોલ પ્રજાનો અભ્યાસ કરવાનો મારો એ પ્રયત્ન હતો. તે અતિ પ્રાચીન પ્રજા છે. એક વખત આલમનું આધિપત્ય તેણે ભોગવ્યું છે. તેમની સ્ત્રીઓને બેથી પાંચ પતિઓ હોય છે. ખરું કારણ એ છે કે ત્યાં સ્ત્રીઓની અછત રહે છે.'

એક ચીના ડ્રાઇવર જોડે સંતલસ કરી અને અમે ઉર્ગા સુધી પહોંચ્યા. મને મંગોલ લૂટારાઓ માટે ચેતવણીઓ તો અનેક મળેલી, પણ મારી પાસે લૂંટાવા જેવું કશું ન હોઇ હું તદ્દન નચિંત હતો.

દુનિયાનો એ વેરાન અને એકાકી ભાગ છે. મેં સૂવાનું હમેશાં ખુલ્લામાં જ રાખેલું, કારણ મંગોલોના યુરટ (કુબા)માં સૂવું એ મોતને ચોકખું આમંત્રણ જ થાય. મેં મારા પૈસા જોડાના તળિયામાં સંતાડેલા. હું ઘણી વખત ઘોડા પર મંગોલ ગામડાંઓ જોવા નીકળતો, પણ ત્યારે મને સાથ આપવા ચીનો શૉફર ધ્રસીને ના જ પાડી દેતો.

છેવટે મારી રખડપાટમાં એક મંગોલ ટોળીના પંજામાં હું સપડાયો. મારી દરેક પ્રકારની જડતી લીધા બાદ મારા અંજામની વિચારણા ચાલતી હતી. કેટલાકો ત્યારે ખૂબ ગરમ થઇ ગએલા જણાયા. એકાએક મને એક વિચાર સ્ફૂર્યો. એવા રખડુ લોકો શારીરિક બળના સારા પૂજારીઓ હોય છે. તરતજ તેમના નાયકની ઘૂંટીઓ પકડી તેને મેં હવામાં અદ્ધર તોળ્યો અને થોડી વાર એમ જ ધરી રાખી પાછો જેમનો તેમ આસ્તેથી જમીન પર ઉતારી ભાંગીતૂટી રશિયન ભાષામાં મેં તેને સમજાવ્યું. તે કંઇક સમજ્યો અને તરત જ બે દિવસનું ભથું આપી માન સહિત તેણે મને વિદાય કર્યો.'

ડૉરિઝાસનો ફોટોગ્રાફોનો સંગ્રહ જોતાંજોતાં એક ગોળીના ઘા વાળો મળી આવ્યો. એ જોઇ તે બોલ્યો: 'હો, હો!' 'એ દક્ષિણ અમેરિકાનો છે. ૧૯૨૨ની સાલમાં ત્યાં ક્રાન્તિ હતી અને હું સ્થાપત્યની દૃષ્ટિએ દક્ષિણ અમેરિકામાં અજોડ એવી પેરૂમાંની પ્રાચીન ઈંકા રાજધાની કુઝકોમાં હિંદની પ્રાચીન સંસ્કૃતિના અવશેષો ખોળવા ભટકતો હતો.

ત્યાં એક સારી જેવી હૉટેલમાં દરમાયો ઠરાવી હું મારું કામ ચલાવતો હતો. એક સવારે હું જાગ્યો તો ગોળીઓનો વરસાદ મારા ઓરડામાં વરસી રહ્યો હતો. મેં તરત જ સલામત સ્થાન શોધી લીધું અને ત્યાંથી જેમતેમ કરી હૉટેલ બહાર નીકળી ગયો. બહાર જઇને મેં જોયું તો ક્રાન્તિકારીઓ એ હૉટેલના છાપરા પર એકઠા થયા હતા અને ત્યાંથી ગવર્નરના બંગલાને આગ લગાડી હતી. એની આ યાદગીરી આજ સુધી આ ફોટોગ્રાફ સાચવી રહ્યો છે.'

મારે હજુ તેના જીવનમાં ઊંડા ઉતરવું હતું, તેના જીવનના ઘડતરથી અવ્વલથી માહિતગાર બની તેની ભાવિ મુરાદોની કંઇક રૂપરેખા અંકાવવી હતી. પણ તે હિટલરનું જર્મની જોવા એટલો અધીરો બન્યો હતો કે મેં શ્વાસ ખાવા માંડ્યો ત્યાં તો તરત જ શેક-હૅન્ડ કરી તેણે મારી રજા માગી લીધી.

તે ગયો અને તેનાં ધમધમતાં પગલાં સાંભળતો હું ઊભો રહ્યો. કેમ જાણે આજના યુવાનના રીઢા માનસ પર તેમાંથી ફિટકાર વર્ષતો ન હોય!

(અંગ્રેજી ઉપરથી) અશોક હર્ષ

(૧) એક માણસને તેની પાસે કેટલાં પશુઓ તથા પક્ષીઓ છે એમ પૂછવામાં આવતાં તેણે કહ્યું કે તેમનાં માથાં ગણું તો ૩૬ થાય છે અને પગ ૧૦૦ થાય છે તો તેની પાસે પશુઓ કેટલાં ને પક્ષીઓ કેટલાં?

(૨) મદનમોહન માલવીયા એ નામમાંથી ઓછામાં ઓછા ચાળીસ શબ્દો બને છે. તમો તે બનાવી શકશો?


(૩) બે સ્ત્રીઓ પાણી ભરીને આવતી હતી. રસ્તામાં ત્રીજી એક સ્ત્રીએ પૂછ્યું, તમારૂં સગપણ શું છે? એકે જવાબ આપ્યો, મારી સાસુની સાસુ તે આ બાઇની સાસુ થાય!' તમે કહેશો એ બંનેની શી સગાઈ હતી?

(૪) મારી પાસે આઠ શેર વજનનું એક લાકડું હતું. એક દિવસે મેં આઠ સરખા ભાગોમાં તે વહેરી નાખ્યું આમ વહેરાએલા દરેક ટુકડાઓનું વજન શું થયું હશે?

(૫) છ આંકડાવાળી એક સંખ્યા એવી છે કે જો તેના પહેલા બે આંકડાને છેલ્લાં મૂકી દો તો તે પહેલાં કરતાં બમણી થઇ જાય છે. તમો તે શોધી શકશો?

(૬) ખાલી પેટે વધુમાં વધુ કેટલાં કેળાં ખાઇ શકાય?

(૭) એક પટેલ પાસે ચિત્રમાં બતાવ્યા પ્રમાણેનું એક ખેતર હતું જેમાં બાર આંબાના ઝાડ હતા. તે મરવા પડ્યો ત્યારે પોતાના ચારે છોકરાઓને એ ખેતર સરખે ભાગે વહેંચી લેવાનું કહ્યું અને તે મુજબ જ એના છોકરાઓએ ખેતર એવી રીતે વહેંચી લીધું કે દરેકને ભાગે સરખા જ ઝાડ ને જમીનનો પટ પણ સરખો જ આવ્યો. સાથેના ચિત્ર પરથી તમો તેમ કરી શકશો?



(૮) ૦ થી ૯ સુધીના બધા આંકડાઓનો સરવાળો ૧ કરી શકશો?

(૯) 'ખોખે નટ જાણ શીતળાં પય સમૂળ મૂખાય': જિદ્દી માણસને લગતી એક કહેવત આ વિચિત્ર શબ્દોમાં ગૂંચવાઇ ગઇ છે. તમારાથી તે છૂટી થશે?

(૧૦) ૧૫ એ અંકની ચાર સંખ્યાઓ એવી રીતે ગોઠવો કે જવાબ ૧૯૬૬૫ આવે.

નવેસરથી શરૂ થતા આ જૂના વિભાગના નિયમો તો ખ્યાલમાં છે ને?

નવા સવાલો મોકલવાનું અમારૂં આમંત્રણ પણ નહિ જ ભૂલ્યા હો!



મા (કંદોઇને ઠપકો આપતી): મારા મગનને તમારે ત્યાં બશેર ગાંઠિયા લેવા મેં મોકલ્યો હતો; અને ઘેર જોખી જોયા તો દોઢ શેર થયા.

કંદોઇ: મારાં ત્રાજવાં તો બરોબર છે; પણ તમે તમારા છોકરાને જોખી જોયો?!

ભત્રીજો: કાકા, તમારા માથે વાળ કેમ નથી ઊગતા?

કાકા: કેવો વિચિત્ર સવાલ? હું તને પૂછું છું કે સામેના રસ્તા પર વાળ કેમ નથી ઊગતા?

ભત્રીજો: સમજ્યો, પથ્થરમાં કાંઇ ઊગી શકે નહિ.

પંડિત મોતીલાલ નહેરૂ શાળામાં બહુ તોફાની ગણાતા. એક વખત તેઓ બોર લાવ્યા ને બધાં છોકરાઓમાં તે વહેંચી શિક્ષક આવે ત્યારે જ તે ખાવાની સૂચના કરી.

શિક્ષક આવ્યા એટલે મોતીલાલે બોર કાઢી મોંઢે લગાડયું. તરતજ બધા છોકરા બોર ખાવા લાગી ગયા. શિક્ષકે તરત મોતીલાલને પકડયા અને મોંઢું ખોલવાનો હુકમ કર્યો પણ બોર તો હતું જ નહિ.

બોર મોંઢે લગાડીને જ તેમણે પાછું ખિસ્સામાં સેરવી દીધેલું!

બાબુ: બાપા, તમો હજુ ઊંચા વધતા જાઓ છો?

બાપા: ના, ના કેમ?

બ.બુ: ત્યારે તમારા વાળમાંથી માથું બહાર કેમ નીકળી આવ્યું છે?

પ્રોફેસર: મને થોડું ફેનીલીસોથીયોસાઇનેટ (Fhenylisothiocyanate) જોઈએ છે.

કેમીસ્ટ: કહોને કે એરંડિયું જોઇએ છે.

પ્રોફેસર: હા, હા. મને એ નામ જ યાદ આવતું નહોતું.

સ્વયંસેવક: તમે નસીબદાર કે ડાકટરના મકાન આગળ જ તમને અકસ્માત નડયો.

ઇજા પામેલો: એ જ ડાકટર હું પોતે છું ભાઇ.


૧ છોકરો: આ મલમ ચોપડવાથી મારા હાથમાં ચપળતા આવી જણાય છે.

૨ છોકરો: તો પછી હવે તારા ભેજા ઉપર થોડો લગાવતો જા.

પહેલો: પણ તને પગ પ્રવાસમાં વાંધો શું છે?

બીજો: વાંધો એ જ કે માઇલના પથરા બહુ દૂર દૂર મૂક્યા છે.

શાહુડી



મધરાતનાં મહાજન

[૨]

શાહુડી શેળો અને છછુંદર

વ ન વ ગ ડા નાં વા સી

એ નામની જંગલવાસી જીવસૃષ્ટિની ચાલુ પરિચયમાળાનો આગળ હપતો

'Round about and round about
And round about . . . .' *

કરોળિયાના અદમ્ય ઉત્સાહ વિષે આ કાવ્ય લખનારે શાહુડી નહિ જોઇ હોય. જોઇ હત તો કરોળિયાનાં ગુણગાન એ ન ગાત. એણે તો શાહુડીના અપ્રતિબદ્ધ પરિશ્રમની પ્રશસ્તિ લખવી જોઇતી હતી. કરોળીઓ તો બેચાર વખત પ્રયત્ન કરે; આઠ દસ વખત કરે; પણ પછી થાકીને માંડે ચાલવા. પણ શાહુડી? એના મનથી પાંચ પચીસ પ્રયત્નોનો હિસાબ નથી—અરે, વરસોનો બાધ પણ એને નાહિંમત નથી કરી શકતો. આની એક વાત કરૂં. ત્યારે તમે માનશો.

મારા ખેતરમાં કૂવાના ઢાળિયાની ઓથે મોટો ભૂવો છે. તાગ ન આવે એટલો ઊંડો. એ ખોદનાર શાહુડી. મારા કાકા દર વરસે એ પૂરી કાઢે. રેલવેના કોલસા, બાવળનાં મૂળાડિયાં,બોરડી,કેરડા,થુવર અને પાપડિયાના કાંટા—જે મળે તેનાથી એનું મોં ભરી કાઢે. એ ઉપર નાખે ઠાંઠુએક માટી. તેના ઉપર સળગાવે દેવતા. પણ એ બધું મિથ્યા! એથી કંઈ શાહુડી થોડી અકળાય? એ કાંઇ ત્યાંથી ખસે નહિ, ને આડી રાતમાં કાંટા કોલસા ફેંકી દઇ દર ઉઘાડ્યા વિના રહે પણ નહિ. આવું દ્વંદ્વ યુદ્ધ છેલ્લાં ચાળીસ વરસથી ચાલતું આવે છે! અમારા કુટુંબને અને આ શાહુડીને પૂર્વ જન્મની પ્રીત (!) જ હશેને? નહિ તો આજુબાજુનાં લીલાં કુંજાર ખેતરો મૂકી, અમારા સૂકા ઢાળિયામાં, આટઆટલો રંજાડ છતાં, શું ખાવા એ ભરાઇ રહે? કાલની તો કોણ જાણે. પણ આજ લગી તો એની જીત થઇ છે. એકની એક જ શાહુડી આટલાં વરસ જીવતી હશે કે એનો વંશવેલો એ દરમાં વડિલોપાર્જિત મિલકતનો ભોગવટો કરતો હશે એ કેમ કહી શકાય? પણ અમારા ખેતરમાંથી શાહુડી કોઇ વરસ ગઇ નથી, એ વાત તો સાચી જ. દિલગીરી એટલી જ કે હું કવિ નથી એટલે એના વિષે કાવ્ય લખી એનાં ગુણગાન નથી કરી શકતો. અમારા ખેતરનો રાફડો કરવા કરતાં, અમદાવાદ મ્યુનિસિપાલિટીની ગટર ખોદવામાં એ પડી હત તો એની મહેનત લેખે ય લાગત.

કરોળિયાના કરતાં શતગુણ પ્રબળ પુરુષાર્થવાળી શાહુડી પણ મધરાતનું મહાજન જ. આટલાં વરસથી અમારા ખેતરમાં રહે છે, છતાં દિવસે તો અમે એને ભાગ્યે જ જોઇ હશે. દિવસે એ નીકળતી નથી એમ નહિ: એકાદ વખત મેં ભરઉનાળે ખરા બપોરે પણ એને ભાળી છે. પણ સ્વભાવે તો એ નિશાચર. એનો આહાર કંદમૂળ, ઝાડનાં છાલપાંદડાં ને ફળફૂલ. એટલે ખેતીનો ભારે રંજાડ કરનારૂં પ્રાણી હોવાથી જ કોઇ જાણીબુઝીને તો એને ખેતરમાં ઊભું રહેવા ન દે. Rodentia વર્ગનો એ પશુ. ખીસકોલી, ઊંદર, કોળ, સસલાં વગેરે એનાં પીતરાઇ.

આ–Rodents–વર્ગની એક ખાસિયત છે:આખો દિવસ કરડ કરડ કરવાની. ખીસકોલી જુઓ, ઊંદર જુઓ. કોઈ વખત તમે એમનું મોં બંધ જોયું છે? અને આમ નિરર્થક મોં હલાવવાનું કારણ? * એમના

* 'કરતાં જાળ કરોળીઓ . . .' એ ગુજરાતી કવિતાનું મૂળ અંગ્રેજી કાવ્ય.

* સ્તનપાયિ વર્ગનું એક વિભૂષણ એમના દાંત. આ દાંત ત્રણ જાતના છે:

૧ કંઇ પણ ચીજ કરડવા—બચકું ભરવાના, ફરસી જેવા ચપટા, આગળના દાંત Incisors. એનો સર્વોત્કૃષ્ટ વિકાસ ઊંદર, વગેરે Rodentsમાં જોઇએ છીએ.

૨. વખતે કઠણ વસ્તુ હોય તો તેને કાપવા ચીરવા માટે, ભાલા જેવા અણીદાર–આગળના દાંતની બંને બાજુના–દાંત Canines. વાઘ, સિંહ, કૂતરાં વગેરે માંસભક્ષક પશુઓના આહારોપાદાનની અનુકૂળતા અર્થે આ જ દંષ્ટ્રાઓનો વિકાસ થએલો છે.



દાંતની વિશિષ્ટ રચના. આપણે શેરડી, રોટલો, કાકડી, મૂળો વગેરે કરડીએ છીએ, તે, મોંના આગળના ચપટા–gnawing–દાંત વડે. આપણા આ દાંત જડબાનાં હાડકાંમાં ચોંટેલા હોય છે. એ ભાંગે કે મૂળમાંથી ઉખડી જાય તો નવા આવતા નથી. પણ ઉંદર વગેરેમાં આ દાંત સળંગ જડબાંમાંથી ઊગે છે. એટલે એ ચોવીસે કલાક ઊગ્યા જ કરવાના. એવા ઊગે કે જો કોઇ કારણસર (માંદગી વગેરેને લીધે), ઉંદર, ખીસકોલી કરડવાનું બંધ કરે તો આ દાંત ઊગતા ઊગતા એમનાં તાળવાં ચીરીને બહાર નીકળે! આથી એમનું મોત જ થાય. એટલે આવા અકાલ મરણથી બચવાને આ પશુઓને પ્રત્યેક ક્ષણ કંઇ ને કંઇ કરડવા જોઇએ જ, જેથી એ દાંત ઘસાઇ જાય અને લાંબા વધતા અટકે. એમના આ દાંત દરેક જડબામાં બે બે, ચપટી ફરસી જેવા તીક્ષ્ણ અને વાંકા વળેલા હોય છે.

પશુઓમાં સૌથી વધારે મોટી નાત આમની જ હોય છે. બધાંનાં મોં સસલાંનાં જેવાં. ચારે પગે પાંચ આંગળાં. આંગળીને છેડે તીણા નહોર. આગલા પગ હાથની ગરજ સારેઃ ખાવાનું પકડીને પાછલા પગ પર બેસીને મઝાથી ખાય. મોં પર લાંબી મૂછો.

શાહુડી

એને નામથી તો કોણ નથી ઓળખતું? 'શાહુડી' શબ્દ પરંપરાથી સ્ત્રીલિંગમાં વપરાતો છતાં, નર-માદા ઉભયનો જાતિવાચક છે. શરીરે એ એકેક ફૂટ લાંબી, ટૂંકી પૂછડીવાળી, ડીલે ઘેરા બદામી કે કાળા રંગની. ગળા પર આછો સફેદ પટો. શરીર પર શીશોળિયાં (શલલી). લાંબાં અણીદાર ધોળા રંગનાં. ક્વચિત્ વચ્ચે વચ્ચે કાળા પટાવાળાં. કોઈનાં ધુમાડાના રંગનાં.

આખા ભારતવર્ષમાં એનો વાસ છે. ગુજરાતી શાહુડી Common Indian Porcupineને નામે જાણીતી છે.* સંસ્કૃતજ્ઞો એને शल्लकी–शल्य કે शलल નામે ઓળખે છે.

ટેકરાની ઓથે ભોંયમાં દર કરીને રહેનારૂં (बिलेशय) એ પ્રાણી. એને બેચાર બચ્ચાં આવે. જન્મે ત્યારથી જ દેખતાંઃ ઊંદર પેઠે આંધળાં નહિ.

એ ચાલે ત્યારે, પગે ઘુઘરા ખખડે એમ એના ડીલ પરનાં શીશોળિયાં ખખડે. એને છુપાવાની દરકાર નથી. ભોગ લાગ્યા હોય એ એની આડે ઊતરે; કારણ એ ચીડાય ત્યારે સામે મોંએ નથી લડતી, પણ પાછા પગે દોડતી દોડતી માણસ કે જનાવરના પગ વચ્ચે, આવીને પેસી જાય છે. આથી એનાં તીક્ષ્ણ શીશોળિયાં શરીરમાં પેસે છે. એ પેઠાં કે તરત શાહુડીના ડીલ પરથી છૂટાં પડે છે. જો તરત વીણી ન લીધાં તો ભોગ મળ્યા. જેમ ચાલીએ તેમ ઊંડાં જ ઊતરતાં જાય. એથી જ એના બરડાના પાછલા ભાગનાં અને થાપા પરનાં શીશોળિયાં જાડાં અને મોટાં હોય છે.

શેળો

આપણા પૂર્વજોના હિસાબે તો શેળો (સં. शल्य, श्वाविद्) શાહુડીનું વામન સ્વરૂપ જ. પંજાબીઓને પડખે મદ્રાસી કે ચીના જાપાની શોભે તેમ. બંને દેખાય છે પણ એવાં જ. બંનેનો આકાર પણ સરખો. બંનેને ડીલે કાંટા. સ્વભાવે પણ બંને નિશાચર. બંને જમીન પર રહેનારાં. છતાં ધર્મ જુદા. શાહુડી વનસ્પતિભક્ષક; જ્યારે શેળો માંસાહારી, જીવડાં ખાનારોઃ એથી જ એનો વર્ગ insectivora. છછુંદર એનાં સગોત્રી.

આપણે જોઇએ છીએ કે વનસ્પતિ ગમે ત્યાં ફૂટી નીકળે છે. પૃથ્વીનો પટ આ ઝાડપાન વેલાથી ભરાઇ




શેળો

૩. ખોરાક કાપીને મોંમાં તો નાખ્યો, પણ પાચનક્રિયાને યોગ્ય રસ માટે એને ચાવવો પડે. આ ચાવવાના દાંત ચપટા, બેઠા ઘાટના, ઘંટીનાં પડ જેવા molars, pre-molars સાથે.

માંસાહારી પશુઓને ખોરાક ઝાઝો ચાવવાનો ન હોવાથી તેમને ચાવવાના દાંત ઝાઝા નથી હોતા. માણસમાં સાધારણ વિકસેલા, ઉભય-ભોજી હોવાથી; પણ જેમને આહાર ચાવી-ચાવીને મેંદા જેવો કરવાનો હોય છે તેવાં, ગાય, ભેંસ વગેરે Ruminants–રોમન્થકર પશુઓમાં ખૂબ ખીલેલા.

* વૈજ્ઞાનિકોમાં Hystrix Leucura.



છછુંદર

ન જાય એ અર્થે—એમના વિસ્તારને રોકવા જીવડાં સરજાયાં. આ જીવડાંથી પૃથ્વી ન ઉભરાય તેથી તેમનો નાશ કરનારાં પંખી, ચામાચીડિયાં, જીવાત ખાનારાં ચોપગાં થયાં. ઊંચે ઊડતી જીવાતને પાંખોવાળાં પકડી ખાય; ઝાડની છાલમાં, મૂળમાં કે જમીનના પડમાં ભરાઇ રહેનારાં જીવડાંનો વિનાશ Insectivora પશુઓ કરે. આવાં તથા વનસ્પતિભક્ષક પશુઓના વંશને અણઘટતો વધતો અટકાવવાનો ભાર હિંસ્ર-શિકારી પશુઓને માથે આવ્યો. અને આ બધાંયનું નિયંત્રણ માણસના હાથમાં આવ્યું. સજીવ અને નિર્જીવ સૃષ્ટિનો મેળ સાચવવાની કુદરતની કેવી સરસ વ્યવસ્થા!

આ વ્યવસ્થામાં યથાશક્તિ ફાળો આપતો શેળો, ખેતર-પાદર, જંગલ-ઝાડી, વાડ-બીડ, જાળાં-ઝાંખરાં—ગમે ત્યાં ભરાઇ રહી એની ફરજ બજાવે છે. જીવડાં એનો આહાર. મુખ્યત્વે ગોકળગાય, તમરાં વગેરે. વખતે દેડકાં, ઊંદર કે સાપને પણ એ મારી ખાય. પાળીએ તો દૂધ, ભાત, ખીચડી ખાઇને પણ જીવે.

બીએ ત્યારે કાચબા પેઠે દડો વળીને અંગ સંતાડવાની એની ટેવ જાણીતી છે. છતાં એને ઉઘાડવો હોય તો એના ઉપર પાણી રેડવાથી સ્હેજે ઉઘડે છે. આથી જ શિયાળ, કૂતરાં વગેરે એના પર પેશાબ કરીને એને મારી શકે છે.

એ રડે છે, એ તો જાણો છો ને? જાણે છ મહિનાનું છોકરું. એનું અંગ્રેજી નામ Hedgehog.[1]

છછુંદર

શેળાનું એ પીતરાઇ. ઊંદર જેવા દેખાવનું અને 'છું' 'છું' કરતું, એને રાતે આંગણામાં, ખાળમાં, ઘરની ભીંતે ભટકતું દેખીએ છીએ. મોં ઊંદર કરતાં લાંબું, આંખો ઝીણી, કાન નાના, પૂંછડી ટૂંકી; શરીરનો રંગ આછો આસમાની ભૂખરો.

આપણામાં એક કહેવત છે કે 'છછુંદરીનાં છ યે સરખાં.' સરખાં તો ખરાં જ. આગળ માદા અને પાછળ એકબીજાની પૂંછડીએ હીંડતાં બચ્ચાંની લંગાર જેણે જોઇ હશે તેમને જ આ કહેવત સમજાશે. પણ એ હમેશાં છ જ જણની નથી: ઓછાં યે જણે.

એ ગંધાય ભારે: એના શરીરમાં એક રસગ્રન્થી છે, તેમાંથી નીકળતી ઉત્કટ ગંધને લીધે. ખાસ કરીને એ 'આરે' આવે તે દિવસોમાં.

સ્વભાવે પૂરેપૂરૂં નિશાચર અને અલ્પદર્શી હોવાથી કોઇ એને આંધળું પણ ગણે છે. જીવડાં એનો આહાર. વંદાં, કંસારી ને તમરાં ખાઇને ઘર ચોખ્ખું રાખે એવું ઉપકારક નિરૂપદ્રવી પશુ. અંગ્રેજીમાં એનું સામાન્ય નામ Shrew કે Musk-rat છે.[2]

મધરાતના મહાજનોની આ નાનકડી કથા. તે ય અધૂરી છે. ઘૂવડ, ચીબરી, રાતબગલું, વીંછી, કરોળિયો ને વંદા—એવાં થોડાંક હજુ રહી ગયાં.

પ્રસંગે એમનો યે પરિચય કરીશું.

૧ ગુજરાતી શેળાને પશુવંશવિશારદો Erinaceus micropus કહે છે.

૨ ગુજરાતમાં રહેનારા છછુંદરની વૈજ્ઞાનિક સંજ્ઞા Pachyura Sub fulva (સંસ્કૃત छुछुन्दरी) છે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

વસ્તુઓને નિહાળવાની નવી જ દૃષ્ટિ ફોટોગ્રાફી આપે છે. ચિત્રની શોધ પાછળ ભટકવાની તે તાલાવેલી લગાડે છે. પરંતુ ફોટોગ્રાફીના શોખીનને કેટલીકવાર ચિત્ર-સર્જનમાં સમયનો અભાવ આડે આવે છે. તેઓ ધારે તો ઘેર બેઠાં થોડા કલાકમાં 'સ્ટિલ લાઇફ' (પદાર્થરચનાના)નાં કલામય ફોટો-ચિત્રો ઉપજાવી શકે. નાનામાં નાની ને નજીવી વસ્તુઓ, એક બે અથવા વધુ સંખ્યામાં ગોઠવી, તે પર વિવિધરીતે છાયા-પ્રકાશ નાખી એમાંથી આકર્ષક કલાકૃતિ ઉપજાવી શકાય. એકજ વસ્તુને નિશાન બનાવી તેની છાયાને ચિત્રની સીમામાં ભેળવી પુનરાવૃત્તિ પ્રયોગ વડે પણ સુંદર ચિત્ર બને છે. 'સ્ટિલ લાઇફ' ફોટોગ્રાફીના આવા વિધાનમાં ઉજાસ-અંધાર, આડીઅવળી ઊભી રેખાના આવેગો, સૂચનો અને વિષયના અંગોનો પરસ્પર સંબંધ વગેરે તત્ત્વો પર પૂરતું ધ્યાન આપવાની જરૂર છે.

આ વખતે પહેલું ઇનામ મેળવનાર ભાઇ નૃસિંહ પરમાર



'પ્રકૃતિ'—ત્ર્યંબક પટેલ (વાંકાનેર) બીજું ઇનામ

(મુંબાઇ)નું (આ અંકના મુખચિત્રની પીઠ પર છાપેલું) ફોટો-ચિત્ર 'કુટુંબીઓ' જુઓ. એ ચિત્રમાં ચ્હાના આસ્વાદનાં સ્મરણો જગાવતા ચિનાઈ પ્યાલા-રકાબી, તેમની ગાશી તપેલી અને ગામો કાચનો ગ્લાસ એ સર્વ વસ્તુઓ એક જ ધ્યેય સિદ્ધ કરનારાં હોવાથી અંદરના વિવિધ પદાર્થોની એકવર્ગીયતા જળવાય છે. ચિત્ર સારી ફોટોક્રિયાને લીધે જ શાંત પ્રકાશમાં બચી શક્યું છે. કેટલોક રચનાદોષ થયો છે તે પણ ધ્યાનમાં લેવાનું છે. તપેલી અને રકાબીને ગ્લાસના આધારે ટેકવેલાં હોવાથી પર્સ્પેક્ટિવ અરૂચીકર છે. વળી વસ્તુઓ બહાર તરી આવે તેવી છાયાની ઉણપથી મુખ્ય લક્ષ્ય અકથ્ય રહે છે. પ્યાલાને ગ્લાસની ડાબી કિનારને ઢાંકતો તેની આગળ ગોઠવ્યો હોત તો સારૂં ચિત્ર-સંયોજન થાત.

રૂના પોલ સમાં ધોળાં વાદળાંના ગોટેગોટાથી છવાએલા ભાદરવાના આથમણા આકાશ તરફ દૃષ્ટિફેંકતા પ્રકૃતિના પ્રેમીઓ દર્શાવતું ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું ફોટોચિત્ર 'પ્રકૃતિ' બીજા ઇનામને પાત્ર ઠર્યું છે. પહેલી નજરે આકર્ષતા આ ચિત્ર



'ઇંટવાડે'—પ્રાણલાલ પટેલ (અમદાવાદ) ત્રીજું ઇનામ

'પ્રકૃતિ'માં, સિલ્હૂટ (છાયાલેખન) ફોટોગ્રાફીનું મુખ્ય તત્ત્વ જે ડિઝાઇન (સુરમ્ય રચના) તેની જરૂર રહી છે. ચિત્રમાં પ્રકાશ કરતાં છાયાનો ભાર વધી ગયો છે ઝાડનો ભાગ કમી કરીને માત્ર વાદળાંની કેંદ્રિત ઘટના સાથે માનવપાત્રો જ લેવાયાં હોત તો ઠીક થાત. ત્રીજું ઇનામ લેનાર ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નું 'ઇંટવાડે' હિંદના ગ્રામઉદ્યોગનું સુસ્પષ્ટ ચિત્ર છે. તેમાં વિશાળતા સાથે ધંધાનું ક્ષેત્ર સંપૂર્ણ રજૂ કરતી ઇંટોનો સમુદાય સાર્થક બને છે. પાત્રોની કાર્યપરાયણતા અને કૅમેરાનું અભાન ચિત્રના ખાસ ગુણો છે. માત્ર ઊભા પાત્રને ગુરુત્વાકર્ષણની સીધી રેખા પ્રમાણે લેવામાં આવ્યું નથી તે એકદમ ધ્યાન ખેંચે છે.

નીચેનાં ફોટો-ચિત્રો ગુણ પ્રમાણે અનુક્રમે નોંધપાત્ર ઠર્યાં છે: ભાઇ ગોપટલાલ વીરજી (લુગાસ્ટ-યુગાન્ડા)નું 'સ્નાનગમ્મત'; ભાઈ નૃસિંહ પરમાર (મુંબાઇ)નું 'આજન્મ સેવક'; ભાઈ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'માડીજાયા'; ભાઇ હીરાલાલ મોદી (પૂના)નું 'સરિતા તટે'.

તમારા કૅમેરાને પિછાની લો

લેન્સ

એકી વખતે જુદાજુદા અંતરેથી આવતાં કિરણોને લેન્સ એક જ સપાટીપર એકત્રિત કરી શકતો નથી. દાખલા તરીકે સો ફીટ દૂરના વિષયની પૂરેપૂરી વિગત દેખાડતી આકૃતિ ઉપજાવવા લેન્સ અને પ્લેટનું અમુક જ અંતર રાખવું પડે. ધારો કે તે પાંચ ઇંચ છે. એ જ રીતે હવે દસ ફૂટ દૂર ઊભેલા માણસની આકૃતિ વિગતવાર આણવી હોય તો લેન્સ અને પ્લેટ વચ્ચેનું અંતર વધારવું પડે. માની લો કે તે છ ઇંચ થયું.

આવી રીતે જુદાંજુદાં અંતરના વિષયોની છબી પાડવા માટે લેન્સ અને ફિલ્મ વચ્ચેના અંતરની વધઘટ કરવાની યોજના દરેક કૅમેરામાં કરેલી હોય છે. ધારેલી આકૃતિને સ્પષ્ટરેખાંકનમાં લેવા માટે લેન્સને ફિલ્મથી અમુક અનુકૂળ અને જરૂરી અંતરે ગોઠવવાની આ ક્રિયાને ફોકસિંગ કહે છે. આ ક્રિયા જેમાં આંખથી જોઇ ન શકાય એવા કૅમેરામાં તેનાં વિવિધ માપ પ્રમાણે આંક મૂકેલા હોય છે, જેને ફોકસિંગ સ્કેઇલ કહે છે. એ સ્કેઇલ પ્રમાણે વધઘટ કરવા, કૅમેરાનો લેન્સ અને શટર આગળ પાછળ ખસે તેવી રીતે તેના ફ્રેમને ખ્રીસીદાર પાટાપર ચડાવેલી હોય છે. કેટલાક કૅમેરામાં લેન્સને ગોળ આંટામાં ફેરવવાથી ફિલ્મ સુધીના અંતરની વધઘટ થાય તેવી ગોઠવણ હોય છે. આ બંને પ્રકારનો હેતુ એક જ છે કે આકૃતિ સ્પષ્ટ થાય તે પ્રમાણે કિરણોને કેન્દ્રિત કરવાં. તેથી આ રચના બરોબર સમજી લેવાની જરૂર છે.

પેટીઘાટના કૅમેરાઓમાં એફ-૧૬ એપર્ચર (ગોળ બારી)નો લેન્સ ગોઠવેલો હોવાથી ફિલ્મ અને લેન્સ વચ્ચેનું નક્કી કરેલું અંતર કાયમ રાખીને ૬ ફૂટથી બહારના તમામ વિષયોની છબી તે વડે લઇ શકાય છે. તેથી એ કૅમેરાઓમાં ફોકસિંગ ફેરવવાનું હોતું નથી. પરંતુ છ ફૂટ કરતાં નજીકથી પોર્ટ્રેટ લેતી વેળા

વધારાનો પોર્ટ્રેટ લેન્સ વાપરવાથી લેન્સની ફૉકલ લંબાઇ બદલીને સુતીક્ષ્ણ આકારમાં ફોટોગ્રાફ લેવાય છે.

ઘણાખરા રોલ-ફિલ્મ ફોલ્ડીંગ કૅમેરામાં બેઠકના બહારના છેડાના અન્તે I, (ઇન્ફીનીટી) ૧૦૦, ૨૫, ૧૫, ૮, ૬ એ પ્રમાણેના આંકડા લખેલા હોય છે. કૅમેરા ઉઘાડતાં બેઠકની ધરી પર ચાલતા લેન્સના આધાર પર માપસૂચક ચિહ્ન હોય છે. તેને I નિશાન પર રાખવાથી સો ફૂટ બહારની તમામ વસ્તુઓ ફોકસમાં આવે છે. જ્યારે તેની નજદીકની વસ્તુઓ આળપંપાળ દેખાય છે. તેવી જ રીતે ૧૦૦, ૨૫, ૧૫, ૮, અને ૬ તે તે અંતરે રહેલી સપાટી પરના વિષયો પૂર્ણ ફોકસમાં હોવાનું સૂચવે છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ કેટલાક નવા પ્રકારના કૅમેરામાં લેન્સ માઉન્ટની ધાર પર અગર તો લેન્સની આજુબાજુના ગોળાકાર પર તેવા આંકડાઓ મૂકેલા હોય છે અને ચિત્રમાં લેવાનું નિશાન તેને જોઇતા અંતરના આંક પર કાંટો રાખવાથી જોઈતું ફોકસિંગ (કેંદ્રીકરણ) આપોઆપ આવી જાય છે.

ઘણીવાર ખુલ્લા ચોગાનમાં કોઇ મિત્રની છબી પાડતાં તેના આંખ નાક કે ભમરો અસ્પષ્ટ રહે છે અને પાછળનો દેખાવ બધી ઝીણવટ સાથે પડે છે! પાત્રના ફોકસિંગમાં ભૂલ કરવાથી એવું બની જાય છે. ચિત્ર પાડવાની વસ્તુ અને કૅમેરા વચ્ચેના અંતરને બરાબર હિસાબમાં લઇ તે પ્રમાણે ફોકસિંગ સ્કેલ ગોઠવ્યા પછી જ કૅમેરાની ચાંપ દાબો. જ્યારેજ્યારે બની શકે ત્યારે ત્યારે અટકળ અને અનુભવ પાકાં કરવાને બરોબર માપ લઇને જ ફોકસિંગ નક્કી કરવું અને પૂરી ખાત્રી કર્યા પછી જ ચાંપ દાબવી.

બલવન્ત ભટ્ટ

વ્હેલના પેટમાં પેસી જીવતા બહાર આવેલા માણસની

કોઈ નવલકથાકારને સ્વપ્ને પણ ન સૂઝે એવી રોમાંચક કથની

૧૮૯૧ની સાલની આ વાત છે. સર ફ્રાન્સિસ ફૉકસ બે હોડીઓ લઇ વ્હેલના શિકારે નીકળેલો. એક વ્હેલ નજરે પડી એટલે પહેલી હોડી તેને પૂરી કરવા ત્યાં પહોંચી. પણ તેની પૂછડીનો એક સપાટો લાગતાં જ તે ઊંધી વળી ગઇ. બધા ઉતારૂઓ બીજી હોડીમાં ચડી ગયા, પણ એક જેમ્સ બાર્ટલેનો પત્તો ન લાગ્યો.

પછી તો એ વ્હેલનો શિકાર કરી હોડી ઉપર ખેંચી લેવામાં આવી ને કુહાડીઓથી તેનું ચામડું ઉતારવા ખલાસીઓ મંડી પડ્યા.

ચામડું ઉતારી લેતાં વ્હેલના પેટમાં તેમને કશાક પ્રાણી જેવું લાગ્યું. તેમણે પેટ ફાડી નાખ્યું ને જોયું તો અંદર પેસેલો ગુમ થએલો બાર્ટલે જ સુઝી ગએલો ને બેભાન થએલો પડ્યો હતો!

તેને ડેક પર લાવી દરિયાના પાણીથી નવડાવવામાં આવતાં તે પાછો ચેતનમાં આવ્યો; પણ તેનું મગજ ભમતું હતું એટલે કપ્તાનના ખંડમાં તેને પૂરી દેવામાં આવ્યો. બે અઠવાડિયાં તે તદ્દન ગાંડા જેવો જ રહ્યો. તેના પ્રત્યે બધા સહાનુભૂતિ અને માયાળુપણે વર્તતા એટલે થોડા વખતમાં તે પોતાના મૂળ હોશકોશમાં આવી ગયો, અને ત્રીજા અઠવાડિયે તો પોતાના કામ પર પણ લાગી ગયો.

પણ વ્હેલના પેટની અંદરની થોડા વખતની ગોંધણીએ તેની ચામડી એવી તો બનાવી મૂકી કે જાણે ફૂલ્સકૅપ કાગળ.

બાર્ટલે જણાવે છે કે તે વ્હેલના પેટમાં ઘણો વખત જીવતો રહી શકત. તે બેભાન તો બીકનો માર્યો જ થઇ ગયો હતો; બાકી હવા તો તેને મળતી હતી. માત્ર તેનો અંત આવત તો ભૂખમરાથી જ.

દરિયામાં પડતાં જ તેણે વ્હેલની પૂછડીનો ઝપાટો સાંભળ્યો હતો. પણ બીજી જ પળે પાણીની ઉપર આવવાને બદલે કોઇ અંધારા ખંડમાં પોતે ગોંધાઇ ગયો હોય એમ તેને લાગ્યું, અને એ અંધારામાં કોઇ લીસા પદાર્થ પરથી તે લપસ્યો જતો હતો. કોઇ નવલકથાકારને સ્વપ્નમાં પણ ન સૂઝે એવી રોમાંચક સ્થિતિમાં તે મૂકાયો હતો.

લપસતો લપસતો તે અટકી ગયો. અંદર ચીકણી જમીન ઉપર હરવા ફરવાં જેટલી જગ્યા પણ હતી. પછી તેને ઓચિંતો ખ્યાલ આવી ગયો કે તેને તો વ્હેલે ગળી લીધો છે. એ ખ્યાલ આવતાં જ તે ભયથી બેબાકળો બની ગયો. તે શ્વાસોચ્છ્વાસ તો સહેલાઇથી લઇ શકતો હતો, પણ અંદર ગરમી હદ ઉપરાંતની લાગતી હતી. ભય અને મૂંઝવણથી થોડી વારમાં તે માંદો બની ગયો.

આ આપત્તિમાંથી ઊગરી શકવાની અશકયતા, મોતની પ્રત્યક્ષતા, ભયંકર અંધારૂં ને અસહ્ય ગરમીથી તે બેભાન બની ગયો. અને ફરી તેની આંખ ખુલી ત્યારે કપ્તાનના ખંડમાં તેણે પોતાને જોયો. (અંગ્રેજી ઉપરથી)

અખાડો

શરીરવિકાસનું વિજ્ઞાન ચર્ચતો વિભાગ : જેમાં તેના નિરીક્ષક **શ્રીયુત હરિનારાયણ આચાર્ય** આ મહીને વિસરાએલો ગણાતો એક જરૂરી મુદ્દો ચર્ચે છે:

સ્ત્રીઓ અને વ્યાયામ

માંડલથી ભાઈ રતિલાલ શાહ પૂછે છે : તમે કસરતો માટે સૂચના આપો છો, પણ સ્ત્રીજાતિ માટેની કસરતો વિષે કંઇ સૂચવતા નથી.

સાચી વાત. હું સ્ત્રીઓ વિષે કશું જ લખતો નથી: કારણ શરીરના ઘડતરમાં સ્ત્રી અને પુરુષ એવા ભેદ હું સ્વીકારતો નથી. ચામડીનો રંગ કે મોંનાં હાડકાંની રચના સાથે મને લેવાદેવા નથી. પૂર્ણ સ્વાસ્થ્યવાળો, સંપૂર્ણ ખીલેલાં અંગભૂષિત બળવાન મનુષ્યદેહ કેમ ઘડાય એ દર્શાવવાનો હું પ્રયત્ન કરૂં છું. સ્ત્રી અને પુરુષ બંને મનુષ્ય છે. મનુષ્ય પશુ તરીકે બંનેના દેહની બાહ્ય માંસપેશીઓ સમાનધર્મી છે. માત્ર પ્રજનન પૂરતાં જ બંનેના દેહનાં બંધારણ જુદાં છે. એટલે જે વ્યાયામથી પુરુષનાં શરીર સુરેખ અને સુસંહત ઘડી શકાય તે જ વ્યાયામથી સ્ત્રીનું શરીરપણ અપ્રતિમ રચનાવાળુંથઇશકે.

કુદરતને ખોળે પણ સ્ત્રી અને પુરુષ—નર અને માદા એવા ભેદ માત્ર પ્રજાતન્તુ નભાવવા પૂરતા જ છે. આહાર શોધવામાં નરમાદા ઉભય નિપુણ અને સ્વતંત્ર હોય છે: માત્ર બચ્ચાં નિરાધાર હોય તેટલા સમય પૂરતી જ આહાર મેળવી લાવવાની ફરજ નર બજાવે છે. અને આવો જીવનવ્યવહાર નભાવવા નર અને માદા ઉભયને સંપૂર્ણ બળવાન શરીર ઘડેલું રાખવું પડે છે. એમાં જરા પણ ઊણપ આવી કે એ પશુ, પંખી, જીવાત વગેરે પ્રાણિસૃષ્ટિનો સમૂળ ઉચ્છેદ જ સમજવો. દુર્ભાગ્ય મનુષ્યજાતિનું કે શારીરિક નિર્બળતાને જાતિધ્વંસનું કારણ ન માનતાં, સૌન્દર્ય–માર્દવ-સુકોમળતા વગેરેના ઓઠા હેઠળ ભૂષણ માનવામાં આવે છે.

સ્ત્રીઓ વ્યાયામ કરે ત્યારે કુરૂપ બને, એમની પ્રજોત્પાદનની શક્તિનો હ્રાસ થાય એવી જેમની ભ્રાન્તિ છે તેમને વસ્તુસ્થિતિનું કશું જ જ્ઞાન નથી. સરડા પેઠે વારેઘડીએ રંગ ફેરવતી, શારીરિક નિર્બળતાને સુકોમળતામાં ખપાવતી અનેકેવળ પુરુષને માથે કુટુંબના ભરણપોષણનો ભાર નાખી આખો દિવસ નિરુદ્યમી રહેતી, એશઆરામમાં મશગૂલ શહેરી જીવન ગાળતી સ્ત્રીઓને સુંદરતાનો આદર્શ માનનારને ઉપરની વાત નહિ સમજાય. પણ જેમણે પુરુષની હારોહાર કુટુંબના ભરણપોષણનો ભાર ઉપાડતી શ્રમજીવી સ્ત્રીઓને જોઇ છે તેમને વ્યાયામની મેં બાંધેલી વ્યાખ્યા સરળતાથી સમજાશે. સ્ત્રીઓ કોસ હાંકે; હળ અને ગાડાં ફેરવે; જમીન ખોદે; ઝાડ પાડે; લાકડાં ફાડે; ઝાડ પર ચડે; તળાવમાં તરે; લારી ખેંચે; માથે ત્રણ ચાર મણ બોજો ગાઉના ગાઉ ઉપાડી જાય; બળદનો અભાવ હોય તો એક બળદને પડખે હળે પણ જોતરાય; મણ દોઢ મણ જુવાર સપાટામાં દળી નાખે;—આ બધા વ્યાયામના—શરીરને શ્રમ વડે કેળવવાના પ્રકાર નથી ? છતાં એમાંનાં એક પણ વ્યાયામ કરનારી સ્ત્રીના શરીરમાં નિર્બળતા, કુરૂપતા કે સ્ત્રીત્વહીનતા કહીં દેખાય છે? મારૂં એમ કહેવું નથી કે શરીરને કેળવવા માટે સ્ત્રીએ આવાં જ કામ કરવાં જોઇએ. કોઇ પણ અનુકૂળ વ્યાયામ કરે. પણ હું એ દર્શાવવા માગુંછું કે કોઇપણ પ્રકારનો શારીરિક શ્રમ કરવામાં સ્ત્રી, પુરુષને પડખે, ઊભી રહે છે છતાં એની શારીરિક શોભા રજ પણ ખંડિત થતી નથી. વ્યાયામમંદિરમાં જઇને વ્યાયામશીલ પુરુષ વજન ઉપાડે, કૂદે, દોડે, કુસ્તી કરે છે. શ્રમજીવી સ્ત્રી જમીન પરથી બેત્રણ મણનો ભાર—ઘાસનો ભારો, માછલાં ભરેલો ટોપલો, વગેરે—ઉપાડે છે; માથે બેચાર મણનો કોથળો લટકાવી બેત્રણ દાદરો ચડી જાય છે; ગરબે રમતી કે રાસડા ઝીલતી હોય ત્યારે આખી રાતની રાત વણ થાકયે ફર્યાં કરે છે. આ બધા પુરુષોના વ્યાયામના પ્રકાર જ છે. છતાં એમની સંતાનોત્પત્તિ અવિચ્છિન્ન ધારાએ વહેતી દેખાય છે. સંતાનોત્પત્તિના એકાદ દોઢ મહિના સિવાય એમનો જીવનવ્યવસાયકદી પણ શ્રમહીન નથી હોતો.

એટલે જે સ્ત્રીને શરીર સુંદર બનાવવું છે એને કોઇપણ પ્રકારનો વ્યાયામ અનુકૂળ છે. માત્ર પ્રજોત્પત્તિનાં અંગો પર અસહ્ય બોજો કે દબાણ ન આવે એટલી સાવધાની રાખવી.

સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જ



સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જ

૧૮૬૫ના જુનની ત્રીજી તારીખે શહેનશાહ સાતમા એડવર્ડને ત્યાં એક ફટાયો કુમાર જનમ્યો. તેનું નામ જ્યૉર્જ ફ્રેડરિક અર્નેસ્ટ આલ્બર્ટ પાડવામાં આવ્યું. પાછળથી ઇંગ્લંડના રાજા અને હિંદના શહેનશાહ પદે આવનાર પાંચમા જ્યૉર્જ તે એ જ.

છ વર્ષની ઉંમરે તેમને કેળવણી આપવા મિ. ડૉલ્ટનની નીમણુક કરવામાં આવી. બાર વર્ષની વય થતાં તેમના મોટા ભાઇ ગાદીવારસ ડ્યૂક ઑફ ક્લૅરેન્સ સાથે નૌકાશાસ્ત્રની તાલીમ લેવા તેમને 'બ્રિટાનિયા' જહાજ પર મૂકવામાં આવ્યા.

'બ્રિટાનિયા' પરની બે વર્ષની તાલીમ બાદ તેઓ 'બેચાન્ટે' જહાજમાં જોડાયા. એ દરમ્યાન તેમણે અનેક પ્રદેશો ને સ્થળોની મુલાકાત લીધી. પછી તેઓ કૅનેડાના નૌકાધિકારી નીમાયા. ૧૮૫૫માં લેફ્ટેનન્ટ બન્યા.

ત્યારબાદ ચાર વર્ષ સુધી તેમણે બીજી ચાર નૌકાઓમાં કામ કર્યું. કેટલા યે નૌકાસમારંભોમાં કમાન્ડર તરીકે ભાગ ભજવ્યો.

સત્તાવીશ વર્ષની વયે તેમનું નૌકાજીવન પૂરૂં થયું. ગાદીવારસ ડ્યૂક ઑફ ક્લૅરેન્સ મૃત્યુ પામતાં ગાદીનો સીધો હક્ક તેમને મળ્યો. તેમને ડ્યૂક ઑફ યૉર્ક બનાવવામાં આવ્યા અને તેમના મોટા ભાઇ સાથે પરણનાર પ્રિન્સેસ મેરી સાથે તેમનાં લગ્ન કરવામાં આવ્યાં. ૧૮૯૪ના જૂનમાં એમને ત્યાં હાલના શહેનશાહ આઠમા એડવર્ડનો જન્મ થયો.

૧૮૯૯ની સાલથી પત્ની સહિત તેમણે અનેક દેશોની મુસાફરી કરી. ઑસ્ટ્રેલિયાની સ્ટેટ પાર્લામેન્ટ પ્રથમ તેમને હાથે ખુલ્લી મુકાઇ. ૧૯૦૫માં હિંદમાં આવી આખો દેશ ફર્યા અને ૧૯૦૬ના માર્ચમાં તેમણે હિંદનો કિનારો છોડ્યો.

૧૯૧૦ના મેની છઠ્ઠી તારીખે શહેનશાહ સાતમા એડવર્ડનું અવસાન થતાં રાજ્યની લગામ તેમના હાથમાં આવી. ૧૯૧૧માં ૪૫ વર્ષની વયે તેમનો વિધિસર રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

૧૯૧૧ના નવેમ્બરની ૧૧મીએ તેઓ હિંદમાં આવ્યા ને ૧૨મી ડિસેમ્બરે દિલ્હીમાં દરબાર ભરાઇ તેમનો શહેનશાહ તરીકેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડવાથી દેશમાં બહુ અસંતોષ વર્તી રહ્યો હતો તે ભાગલા રદ કરવાનું તેમણે જાહેરનામું કર્યું. પચાસ લાખ રૂપિયા હિન્દી કેળવણીના વિકાસ માટે તેમણે આપ્યા અને દેશી અમલદારોને પણ વિક્ટોરિયા ક્રૉસ આપવાનું જાહેર કર્યું. વળી એ દરબાર વેળા દિલ્હીને પાયતખ્ત બનાવવામાં આવ્યું.

૧૯૧૩માં તેમણે જર્મનીની મુલાકાત લીધેલી. આયર્લૅન્ડના સ્વાતંત્ર્યનો પ્રશ્ન તે વખતમાં બહુ ઉગ્ર બન્યો ને તેનો કંઈ ઉકેલ આવે તે પહેલાં તો મહાયુદ્ધ ફાટી નીકળ્યું. બ્રિટને યુદ્ધમાં ઊતરવાનું જાહેર કર્યા બાદ તેઓ વારંવાર સૈન્યની મુલાકાત લેતા ને પ્રેરણા આપતા.

૧૯૩૦માં હિંદ માટે પહેલી ગોળમેજી પરિષદ ભરાઇ. ૧૯૩૨માં તે ફરીથી ભરાઇ. હિંદના એકલા રાષ્ટ્રીય પ્રતિનિધિ તરીકે તેમાં હાજરી આપવા ગએલા ગાંધીજીને ત્યારે તેમણે મુલાકાત આપેલી.


તેમને ઘોડદોડનો શોખ હતો. યાચ જહાજની શરતનો તેમજ નાટકો જોવાનો પણ તેમનો શોખ જાણીતો છે. પણ સૌથી મોટો શોખ તો તેમને ટિકિટો સંઘરવાનો હતો. બકિંગહામ રાજમહેલના કમરામાં મોટી કિંમતની ટિકિટોનો ખજાનો તેમણે સંઘર્યો છે.

રાજ્યકારભારને અંગેની બધી કાર્યવાહી પાર્લામેન્ટ જ ચલાવતી હોઈ, બધા ખરડાઓમાં શહેનશાહની તો માત્ર સંમતિ જ લેવાની રહે છે. આથી શહેનશાહ પક્ષભેદોથી હમેશાં પર રહે છે. એમની આખી કારકીર્દિ આવા નિષ્પક્ષ ન્યાયથી જ ઉજ્જ્વળ છે.

સર્વ પક્ષોનું સરખું સન્માન પામેલા, જગત-શાંતિના વાંછક એ શહેનશાહનું ગયા જાન્યુઆરીની ૨૦મીએ અવસાન થયું છે અને પ્રિન્સ ઑફ વેલ્સ શહેનશાહ આઠમા એડવર્ડ તરીકે રાજગાદીએ આવ્યા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ બક્ષો !

લોકવાણી

(રાજસ્થાનરા દૂહા ભાગ પહલડૌ)



સાજન આયા હે સખી કાંઇ ભેટ કરાંહ
ગજમોતિયનકી થાળ લે ઉપર નૈણ ધરાહ.

છાપખાનાના પ્રતાપથી વંચિત રહેલા જમાનામાં લોક-હૃદયને વિકસાવનારી અને ભાષા-સાહિત્યની વાડીઓ ભરી દેનારી જે મૌલિક રસધારાઓ વહેતી હતી તેમનો સંગ્રહ પિલાણી રાજસ્થાની ગ્રંથમાળાના બીજા મણકારૂપે, બિરલા કૉલેજના પ્રોફેસર નરોત્તમસ્વામી એમ.એ. એ સંપાદિત કરી બહાર પાડયો છે. તેમાંનાં કેટલાં યે રત્નકણો ગુજરાત-કચ્છ-કાઠિયાવાડે પોતાની ભાષાસમૃદ્ધિમાં કેટલી યે પેઢીઓથી ભેળવી દીધાં છે;અથવા તો એક કાળે પ્રાચીન ગુજરાતી,મારવાડી કે રાજ-સ્થાની સૌ એક જ ભાષા હશે તે કાળના એ સ્મૃતિઅવશેષો છે.

ચારણી ભાષા તો રાજસ્થાની ભાષાનો જ સીધો વારસો છે. આ ચારણોએ જ સરસ્વતીની ઉપાસના સજીવ રાખી મારવાડથી દ્વારકા સુધી ધૂમીધૂમી રાજાઓ અને લોકહૃદયને વીરતા, સતીત્વ, નીતિ, ત્યાગ, દાન અને વૈરાગ્યભક્તિનાં કાર્યો કરવા પ્રેરણા આપ્યા કરી છે અને માનવવિભૂતિની દીપિકાઓ પ્રકાશવંતી રાખી છે.

આ ગૌરવશાળી રાજસ્થાનનું આજે જે મહા અધ:પતન થયું છે તેથી કોનું હૃદય દુ:ખી ન થાય? પોતાના ભીષણ લલકારથી સંસારને કંપાયમાન કરી દેનારી એ વીર રાજપૂત જાતિ આજે ઘોર વિલાસ, વિનાશકારી શરાબી તથા અફીણના નશામાં શુધ-બુધ ખોઇ કુત્સિત જીવનવ્યવહાર કરી રહી છે. પણ રાજપૂત બાળાનું એ તેજ આજે કંઇક અંશે બચ્યું છે. એવી એક આધુનિક રમણી માતૃભૂમિની દુર્દશા જોઇ કાયર પતિને આ રીતે ફિટકારે છે:

પરાધીન ભારત હુવો પ્યાલાંરી મનવાર
માતૃભૂમિ પરતંત્ર હો, વારવાર ધિક્કાર

રાજસ્થાની જીવનની સર્વથી મોટી બે વિશેષતાઓ તેનું વીરત્વ અને તેનો સ્વાતંત્ર્યપ્રેમ છે. રાજસ્થાની સાહિત્યમાં એ ઓતપ્રોત ભર્યાં છે. આ પુસ્તકમાં લખેલી શ્રી ગૌરીશંકર ઓઝાની વિદ્વત્તાભરી પ્રસ્તાવના અને લેખકનો વિસ્તૃત આ-મુખ વાંચનારને રસભર્યો આસ્વાદ કરાવે છે. સંપાદકે આજના જમાના સુધી આ દૂહાસાહિત્યનાં ઝરણાં તાર્યાં છે. કવિ લોકોની સ્વતંત્ર પ્રકૃતિનું એક તાજું દૃષ્ટાંત તેમાંથી લઇએ.

મેવાડના મહારાણા સજનસિંહને સરકાર તરફથી G.C.S.I. નો ખિતાબ મળ્યો તેનો મોટો ઉત્સવ થયો. તે વખતે કવિરાજ મોં બગાડી એક ખૂણે બેઠા હતા. તેનું કારણ પૂછતાં અતિ આગ્રહને વશ થઇ ચારણ બોલ્યા:

આગે આગે બાજતા હિંદ હદરા સૂર
અબ દેખો મેવાડપત તારા હુયા હજૂર.

કયાં આગળનો હિંદુઓનો સૂરજ અને કયાં આ હિંદનો સિતારો? પતનની કોઇ સીમા છે?

જનરલ સર પ્રતાપસિંહનું નામ જાણીતું છે. એ પોતે બ્રિટિશ સામ્રાજ્યના એક મહાન સિંહ હતા, પણ કવિઓએ તેમને પણ નથી છોડયા. મહારાજ દાઢીમૂછ બોડાં રાખતા અને ટોપો પહેરતા એ જોઈ એક વાર કવિ મહાશયે સંભળાવ્યું:

દાઢી મૂછ મુંડાય કે સિર પર ધરિયો ટોપ
પ્રતાપસી તખ્તેસરા થારે બાકી ઘટે લંગોટ.

(દાઢીમૂછ મૂંડાવી, ટોપી ધારણ કરી, હવે એક લંગોટી બાકી છે;—તે આવે તો બાવાજી બનવામાં શી કસર રહી?)

આ ગ્રંથની ઉપયોગિતા અને સાર્થકતા તો તે હાથમાં લઇ સંપૂર્ણ વાંચનારને જ સમજાય.

આ જ ગ્રંથના નિબંધવિભાગમાં ચારણોની કાવ્યભાષા તથા ડિંગલ છંદ ઉપર બહુ સમજણ આપી છે. આપણે ઘણીવાર કટાક્ષમાં 'આણે ડિંગલ ચલાવ્યું' એમ કહીએ છીએ તે ડિંગલ તો ચારણોનો પ્રિય છંદ છે અને મુખ્યત્વે વીરરસાત્મક હોય છે. ડિંગલનો અર્થ કેટલાક ગમાર એટલે ગામડી કરે છે; કેટલાક તેમાં 'ડ' અક્ષરનો પ્રયોગ બહુ થાય છે માટે ડિંગલ થયું છે એમ માને છે. નરોત્તમસ્વામી માને છે કે ડિંગલ શબ્દ ડિગ અને ગલનો બનેલો છે. ડિગ એટલે ડમરૂ. ડમરૂનો અવાજ જાગૃત કરનારો અને વીરરસના દેવતા મહાદેવના વાદ્ય-નો છે; એટલે ડમરૂના જેવો ધ્વનિ કરતી, ઉત્સાહવર્ધક, ગળાથી નીકળતી કવિતા ડિંગલ તરીકે જાણીતી થઇ.

આ ઉપરાંત ઐતિહાસિક ક્રમમાં અનેક કવિઓનાં કાવ્યો તથા કવિપરિચય,નીચે સુસ્પષ્ટ ટિપ્પણીઓ સાથે આપીને સંપાદકે પોતાનું કાર્ય અભ્યાસક અને રસિક વાંચનાર માટે એટલું સરળ કરી મૂક્યું છે કે તેની કદર કરવા ટૂંકો લેખ જરા પણ પૂરતો ન થાય. પ્રેમભક્તિના બે નમૂનાનો રસ જરા લઇ લઇએ.

બન્ધુ, ગીતોં કે પંખ પસાર, પ્રાણ મેરે સ્વરપે લયપાન;
હો ગયે તુમસે એકાકાર, પ્રાણમેં તુમ ઔ તુમમેં પ્રાણ.
જહાં નયનોંસે નયન મિલે, જ્યોતિ કે રૂપ સહસ્ર ખીલે;
સદા હિ વહતી નવ-રસ-ધાર, વહીં જાના, ઇસ જગ કે પાર.

માત્ર રૂ. બેમાં આ ગ્રંથ કોઈપણ પુસ્તકાલયનું સ્થાયી આકર્ષણ બનશે. પ્રકાશક-નવયુગ સાહિત્ય મંદિર, પો. બૉ. ૭૮ દિલ્હી.



સ્વર્ગમાં આજે ભારે કોલાહલ મચી રહ્યો છે. શનિ અને લક્ષ્મી વચ્ચે એક મોટો વાદ ઊભો થયો છે.

લક્ષ્મી કહે હું મોટી. શનિ કહે હું મોટો.

લક્ષ્મીએ ગંભીર થઈ કહ્યું: 'દરેક જાતનું સૌભાગ્ય, વૈભવ અને ધનધાન્ય મારે લીધે જ છે.'

શનિ ગુસ્સે થઈ બોલ્યો: 'તમે ધનધાન્ય, સંપત્તિ બધું આપો છો એ વાત સાચી, પરંતુ હું જેને ભોગવવા દઉં છું તે જ એ ભોગવી શકે છે.'

આમ બંને વચ્ચે ખૂબ બોલાચાલી થઈ. પણ એમ કાંઈ સમાધાન થાય?

આખરે, બંનેએ નક્કી કર્યું કે કોઈની પાસે જઈ એનો નિવેડો લાવીએ.

લક્ષ્મીએ સૂચના કરી: 'દેવતાઓમાંથી કોઈ પાસે એનો ન્યાય કરાવીએ તો?'

પરંતુ શનિને એ સૂચના ન રૂચી. એણે ડોકું ધુણાવ્યું: 'ના ના, દેવતાઓ તો મારો પ્રતાપ જાણે છે! એટલે એ પંચ તરીકે નહિ.'

લક્ષ્મીએ કહ્યું: 'ત્યારે તું જ એવો કોઈ બતાવ.'

શનિએ કહ્યું: 'મૃત્યુલોકમાં શ્રીવત્સ નામે રાજા છે. તે ન્યાયી છે. એ જે નિર્ણય કરશે તે મારે કબૂલ છે.'

લક્ષ્મીએ કહ્યું: 'ભલે એમ કરીએ. મારે પણ તે કબૂલ છે.' પછી બંને જણે શ્રીવત્સના રાજ્ય તરફ ચાલવા માંડ્યું.

વાદને અંતે તત્ત્વબોધ તો થાય ત્યારે; પણ વેર-ઝેર તો અવશ્ય તેમાંથી ફૂટી નીકળે છે. એટલે આમ વાત ચડસે ચડી. તેને કોણ રોકી શકે?

૨

પૃથ્વી ઉપર શ્રીવત્સ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનામાં રૂપ પ્રમાણે જ ગુણ અને ગુણ પ્રમાણે જ બુદ્ધિ હતાં. તેના જેવો બળવાન બીજો કોઈ રાજા નહોતો. હમેશાં તે ધર્મકાર્યમાં જ રચ્યોપચ્યો રહેતો.

તેની રાણીનું નામ હતું ચિંતા. એ રૂપમાં લક્ષ્મી જેવી અને ગુણમાં સતી તુલ્ય હતી. ધર્મકાર્યમાં એ પતિને સહાય કરતી અને ગરીબોની સેવામાં હમેશાં તત્પર રહેતી.

શ્રીવત્સ કોઈને માટે પ્રાણ આપતાં કદાચ ડરે, પણ ચિંતા તો તેમ કરતાં યે પાછી હઠે એવી નહોતી. રાજારાણી પ્રજા માટે પ્રાણ પાથરતાં.

શ્રીવત્સ અને ચિંતા સુખેથી રાજ્ય ચલાવતાં

'કુમાર'નો બાળવિભાગ

હિંદુસ્તાનની પ્રાચીન લોકકથાઓમાં બધા દેશોની પ્રાચીનતા જેવી જ ચમત્કારિક ઘટનાઓ, દેવતાઓના શાપ અને વરદાનો, સંસારના વિવિધ સંબંધો અને એ સમયની રૂઢિઓના તાણાવાણા છે. એ બધું આ યુગમાં બંધબેસતું થવું અશક્ય છે, છતાં તેમાંથી ફોરમતી શીલની રમણીયતા અને માનવતાનો આસ્વાદ તો જતો કરવા જેવો નથી જ.

અને પ્રજાનું પાલન કરતાં. પણ એમના આવા સુખી રાજ્યમાં હવે દુઃખે દેખા દીધી.

સ્વર્ગમાં શનિ અને લક્ષ્મી વચ્ચે ઉપલો વાદ થયો એટલે એનો ન્યાય કરાવવા તેઓ શ્રીવત્સ પાસે આવ્યાં.

રાજા તે વખતે સ્નાન કરતો હતો. એણે જલદી સ્નાનથી પરવારી લીધું અને હાથ જોડી પ્રણામ કર્યા. બેસવાને આસન આપ્યું અને આવવાનું કારણ પૂછ્યું.

શનિ અને લક્ષ્મી એકદમ સાથે બોલી ઊઠ્યાં: 'અમારા બેમાં મોટું કોણ—તેનો તમે ન્યાય કરો.'

રાજા તો આ સાંભળી વિસ્મય પામ્યો; અને પછી મનમાં મૂંઝાયો. 'આ ધર્મસંકટ મારે માથે ક્યાંથી?' એ વિચારી રહ્યો: 'સ્વર્ગના વિવાદનો અહીં ન્યાય?' પરંતુ શું કરે?

થોડી વાર વિચાર કરી નમ્રભાવે એ બોલ્યો: 'ભગવન્! ભગવતી! અત્યારે તો ન્યાય કરવાનો સમય નથી. પરંતુ કાલે સવારે વિચાર કરીને હું જવાબ દઈશ.'

આ સાંભળી શનિ અને લક્ષ્મી તરત જ સ્વર્ગમાં ગયાં. શ્રીવત્સે તેમનો ન્યાય ચૂકવવાનું કબૂલ કર્યું એટલે બંને સંતોષાયાં.

રાજા તો ચિંતાતુર મોંએ રાણી પાસે ગયો. બીજું કોઈ હોત તો બંને જણને ક્યારની યે ના પાડી હોત. અને શ્રીવત્સ હતો બોલનો સાચો; એટલે હવે ન્યાય ચૂકવવાની ફરજમાંથી પાછો પણ કેમ પડે?

ચિંતા પણ હતી તો રાજરાણી; છતાં રાજાની સેવાનો બધો ભાર તે જ ઉઠાવતી.

રાજાને ચિંતાતુર જોઈ એણે પૂછ્યું: 'દેવ! આજે આપ અસ્વસ્થ કેમ છો?'

રાજાએ કહ્યું: 'શું કહું, ચિંતા? આપણા સુખ ઉપર દેવતાનો કોપ ઊતર્યો છે. લક્ષ્મી અને શનિ વચ્ચે વાદ પડ્યો છે. બેમાં કોણ મોટું અને કોણ નાનું તેનો ન્યાય મારે કરવાનો છે. શનિને મોટો કહીશ તો લક્ષ્મી રીસાશે અને લક્ષ્મીને મોટાં કહીશ તો શનિનો કોપ સહન કરવો પડશે. તું કાંઈ એનો રસ્તો બતાવ.'

ચિંતાએ પ્રસંગ જોઈ થોડી વાર વિચાર કર્યો અને કહ્યું: 'મહારાજ! એક સોનાનું અને બીજું રૂપાનું એવાં બે સિંહાસન કરાવો અને તમારા સિંહાસનની આજુબાજુ તેને મૂકાવો. પછી તેમની સારી આગતાસ્વાગતા કરી તેમને બેસવાનું કહેજો. જે પોતાની મેળે સોનાને સિંહાસને બેસશે તે મોટું અને રૂપાને આસને બેસશે તે નાનું.'

રાજા આ યુક્તિ સાંભળી આનંદમાં આવી ગયો. એનો ચિંતાભાર હળવો થઈ ગયો.

બીજે દિવસે રાજાએ બધી વ્યવસ્થા કરી. શનિ અને લક્ષ્મી આવ્યાં એટલે તેમનું સ્વાગત કરી તેમને બેસવાનું કહ્યું. લક્ષ્મી પોતાને ઘટતા સોનાને આસને બેઠાં અને શનિ રૂપાને આસને બેઠો.

સિંહાસને બેઠા પછી બંને જણે કહ્યું: 'હવે રાજન્! અમારો ન્યાય કરો.'

રાજાએ હાથ જોડી કહ્યું: 'દેવ! દેવી! આપ આપનાં આસન તરફ સહજ જોશો તો તરત જ જણાશે કે કોણ મોટું.'

શનિએ આસન તરફ જોયું તો પોતાનું રૂપાનું આસન, ને લક્ષ્મીનું સોનાનું જોઈ, તેનું મોં ઊતરી ગયું!

લક્ષ્મીએ પણ બંનેના આસન તરફ જોયું તો પોતાની મોટાઈ સ્વીકારાયેલી જણાઈ. એટલે વિજયનું ગર્વભર્યું હાસ્ય એમણે કર્યું.

શનિ ક્રોધથી ધુંઆંપુંઆં થતો બોલ્યો: 'રાજા! તેં મારૂં અપમાન કર્યું છે, તો તેનું ફળ બાર વર્ષ સુધી ભોગવજે. મારા કોપમાંથી તને લક્ષ્મી કેવી રીતે બચાવે છે તે હવે જોઈશ.'

એમ કહી શનિ ક્રોધથી કાંપતો સ્વર્ગમાં જતો રહ્યો.

લક્ષ્મીએ રાજારાણીને આશીર્વાદ દીધો અને હસતે મોંએ વિષ્ણુલોકમાં ગયાં.

૩

શનિના શાપથી ધીમેધીમે રાજ્યમાં અમંગળનાં ચિહ્ન જણાવા લાગ્યાં. વરસાદ વરસ્યો નહિ તેથી ઘાસ સુકાઈ ગયાં. કરસણ બળી ગયાં. ગાયો વસૂકી ગઈ. નદી તળાવનાં તળિયાં દેખાયાં, અને ખાવાને અન્ન ખૂટ્યું.



શનિને પ્રસન્ન કરવા તેમણે શનિનાં મંડળ પૂરાવ્યાં, બ્રાહ્મણો સંતોષ્યા અને શનિદેવની આરા-



ક્રોધથી ધુંઆંપુંઆં થતો શનિ બોલ્યો: 'રાજા તેં મારું અપમાન કર્યું છે; તો તેનું ફળ બાર વર્ષ સુધી ભોગવજે!'

મના શરૂ કરી, પણ શનિ જેવો ક્રૂર ગ્રહ એમ ક્યાંથી પ્રસન્ન થાય?

છેવટે વખત એવો આવ્યો કે રાજારાણીને પોતાનો મહેલ પણ છોડવો પડ્યો.

એક દિવસ રાત્રે રાજારાણી પોતાની સાથે થોડું ધન લઇ છાનાંમાનાં મહેલ છોડી ચાલી નીકળ્યાં.

રાજારાણીને ધીરજ આપતાં લક્ષ્મીજીએ કહ્યું: 'હમણાં તો તમારે શનિનો કોપ સહન કરવો પડશે, પણ બાર વર્ષ પછી પહેલાં જેવું હતું તેવું થઇ જશે; અને હું તમને દરેક વખતે સહાય કરતી રહીશ.' આટલું બોલી એ અંતર્ધાન થઇ ગયાં.

લક્ષ્મીના આશ્વાસનથી રાજારાણીના પગમાં જોર આવ્યું અને ઉત્સાહભેર આગળ ચાલવા માંડ્યું.

થોડે દૂર ગયાં એટલે એક મોટી નદી આવી. નદી કેવી રીતે પાર કરવી તેનો વિચાર બંને જણ કરે છે, એટલામાં એક માછીને ઘણું નાનું હોડકું લઇને પોતાની તરફ આવતો જોયો.

રાજાએ માછીને પૂછ્યું: 'ભાઇ! અમને સામે પાર લઇ જઇશ?'

માછીએ કહ્યું: 'હા; પણ મારી હોડી નાની છે એટલે વધારે ભાર નહિ ઝીલે. માટે વારાફરતી તમને લઇ જઇશ. પહેલાં તમારી આ પોટલી આપો તે પેલે પાર મૂકી આવું.'

રાજાએ રત્નની પોટલી માછીને આપી. જેવી પોટલી આપી કે તરતજ એ માયાની નદી, હોડી, માછી અને કિનારો બધું યે અદૃશ્ય થઇ ગયું.

એ માછી તે શનિ હતો. એણે અદૃશ્ય રહી કહ્યું: 'રાજા! આ બધી મારી જ માયા હતી. તારી પાસેથી રત્ન લેવાને જ આ માયાજાળ મેં રચી હતી. હવે તારે જ્યાં જવું હોય ત્યાં જા.' પાછળથી શનિનું ક્રૂર અટ્ટહાસ્ય સંભળાયું.

રાજારાણી હતાશ થઇ બેસી ગયાં અને ત્યાં ને ત્યાં જ ઊંઘી ગયાં.

૪

બીજા દિવસનું સવાર પડતાં રાજારાણીએ આગળ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં એક સુંદર વન આવ્યું. ત્યાં એક સરોવર હતું. સરોવરકિનારે ફળફૂલનાં ઝાડ હતાં, એટલે એમણે ત્યાં જ રહેવાનું નક્કી કર્યું.

રાણી રોજ વનમાંથી ફળફૂલ વીણી લાવે છે અને બંને જણ તે ખાઇ દિવસ ગુજારે છે.

વનમાં એક દિવસ એક માછીને જાળ લઇને આવતો તેમણે જોયો. ભૂખથી વ્યાકુળ રાજાએ તેની પાસે માછલી માગી; ભૂખ્યો માણસ શું ન કરે ?

માછીએ દયા આણી થોડીક માછલીઓ રાજાને આપી. રાણીએ સૂકાં લાકડાં વીણી લાવી દેવતા પાડ્યો અને તે ઉપર માછલી શેકી.

શેકેલી માછલીઓ રાખ વાળી થઇ હતી એટલે રાણી તેને ધોવા ગઇ. પાણીમાં માછલાં મૂકીને એક પછી એક તેણે ધોવાની શરૂઆત કરી પણ એટલામાં પ્રભુનું કરવું તે પાણી અડકતાં જ શેકેલાં માછલાંમાં જીવ આવ્યો અને બધાં યે પાણીમાં જતાં રહ્યાં !

આ જોઇ રાણી તો આભી જ થઇ ગઇ ! રાજા પાસે જઇ તેણે આ વાત કરી. રાજાએ નિસાસો મૂક્યો.

એટલામાં આકાશમાંથી અવાજ થયો: 'રાજા! લે, લક્ષ્મીને મોટી કહી તેનું ફળ ભોગવ.'

રાજારાણીએ વનનાં ફળફૂલ ખાઈ, જેમતેમ કરી પાંચ વર્ષ કાઢ્યાં. આટઆટલું દુઃખ વેઠવા જેવું પાપ એમણે કશુ યે કર્યું નહોતું. છતાં આવી પડે તે વેઠ્યે જ છૂટકો.

રાજારાણી તો પોતાનો ટેક પાળે છે અને પ્રભુની શ્રદ્ધામાં દિવસ ગાળે છે.

અંતે વનનાં ફળમૂળ ખાઇખાઇ રાજારાણી કંટાળ્યાં અને એક નગર તરફ ગયાં. ત્યાં ગામ બહાર કઠિયારા રહેતા. ત્યાં ઝૂંપડું બાંધી તેઓ પણ રહેવા લાગ્યાં.

એક કઠિયારાએ દયા લાવી રાજાને કુહાડી આપી. રાજાએ વનમાંથી લાકડાં કાપી આણી, બજારમાં વેચી જે મળે તેનાથી ગુજરાન ચલાવવા માંડ્યું.

આમ રાજારાણી કઠિયારા ભેગાં રહે છે ને ખાઇ-પીને આનંદ કરે છે. એક દિવસ તો રાણીએ પોતાને હાથે રસોઇ કરી, બધાં કઠિયારા અને કઠિયારણોને જમાડ્યાં. કઠિયારાઓએ જિંદગીમાં આવી સ્વાદિષ્ટ રસોઇ કોઇ દિવસ ખાધી નહોતી. તેમને થયું કે ખરે-ખર માતા અન્નપૂર્ણાએ જ સ્વર્ગમાંથી આવી આપ-ણને જમાડ્યાં છે.

રાણી ચિંતા કઠિયારાઓના વાસની પણ જાણે રાણી માતા બની રહી છે. રાજા શ્રીવત્સ પણ બધા-ની સાથે ભળી ગયો છે. આમ રાજારાણી પાછલું દુઃખ ભૂલી જઇ આનંદમાં દિવસ ગાળે છે.

પણ શનિને આ સુખ કેમ રૂચે ? એનો સ્વભાવ જ એવો કે કોઇને પણ જંપ જોઈ, એને અજંપો થાય.

૫

એક દિવસ એક વેપારીનું વહાણ આ નગરને કિનારે આવીને લાંગર્યું. બહુબહુ પ્રયત્ન કર્યો પણ એ ત્યાંથી જરાકે ખસ્યું નહિ.

શનિએ એક જોષીનો વેશ લઇ, વેપારી પાસે આવી કહ્યું: 'આ કઠિયારાના ગામમાં એક સતી સ્ત્રી રહે છે તે આવીને તમારી નૌકાને સ્પર્શ કરશે, તો તે જરૂર આગળ ચાલશે.' મુંઝાએલા વેપારીએ તત્કાળ ત્યાં જઇ જોયું. બધી કઠિયારણોને ભેગી કરી અને તેમાંથી સતીને ઓળખવા એક યુક્તિ કરી. તેણે બુમ પાડી કહ્યું: 'તમારામાંથી જે જે સ્ત્રી મારી નૌકાને અડકીને જશે તેને બે બે મુદ્રાઓ હું આપીશ.'

આ સાંભળી બધી કઠિયારણો તો વારાફરતી નૌકાને અડકી આવી અને બે બે મુદ્રાઓ લીધી. પણ વેપારીની નૌકા તો જરાકે ખસી નહિ!

વેપારીએ પૂછી જોયું: 'તમારામાંથી હવે કોઇ બાકી રહ્યું છે ?'

એક સ્ત્રીએ કહ્યું: 'હા; એક જણ બાકી છે. પણ એ તો એના ધણીની રજા લીધા વગર નહિ આવે.'

વેપારીને થયું: 'નક્કી આ જ સતી હશે. હું જાતે જઇને તેડી લાવું તો એ આવશે.'

આમ વિચાર કરી વેપારી ચિંતા પાસે ગયો. અને બધી હકીકત કહી.

ચિંતાએ રાજાની રજા સિવાય આવવાની સાફ ના કહી. પણ વેપારીએ ખૂબ આજીજી કરી અને કહ્યું: 'મા! જલદી મને મદદ કરો; વધારે વખત જશે તો મને નુકસાન થશે.'

'મા'ના સંબોધને ચિંતા ગળગળી થઇ ગઈ. એનાથી ના કહેવાઇ નહિ. એ વેપારીની સાથે ગઇ.

એણે નૌકાની પ્રદક્ષિણા કરી અને હાથ જોડી કહ્યું: 'હું ખરેખરી સતી હોઉં તો આ નૌકા મારા સ્પર્શથી ચાલવા માંડે—'

એમ કહી એણે નૌકાને હાથ અડકાડ્યો કે તરત નૌકાને ગતિ મળી.

આ જોઇ સોદાગરને થયું કે આ સ્ત્રી નક્કી કોઇ દેવી છે. એને સાથે લઇ લઉં તો મારી નૌકા ક્યાંયે અટકે નહિ. આમ વિચારી નગુણા સોદાગરે ચિંતાનો હાથ પકડી બળજબરીથી એને નૌકામાં બેસાડી લીધી.

ચિંતાએ ઘણી યે બૂમો પાડી. કિનારે ઊભેલી કઠિયારણો તેને બચાવવા પાણીમાં કૂદી પડી, પણ નૌકા તો એટલામાં ક્યારની યે આગળ નીકળી ગઇ હતી.

ચિંતાએ પોતાના સતીત્વની રક્ષા કરવા સૂર્યદેવની પ્રાર્થના કરીઃ 'સૂર્યદેવ! દયા કરી, મને કદરૂપી બનાવો અને મારે શરીરે ગુમડાં ફૂટી નીકળે એવું કરો.'

સૂર્યદેવે સતીની પ્રાર્થના સાંભળી; જોતજોતાંમાં તો તેના આખા શરીરે ગુમડાં ફૂટી નીકળ્યાં અને તેમાંથી દુર્ગંધ આવવા માંડી!

સોદાગરનું માથું દુર્ગંધથી ફાટી ગયું. એણે ચિંતાને સાંકળથી બાંધી વહાણના નીચેના ભાગમાં હડસેલી મૂકી.

૬

શ્રીવત્સે સાંજે ઘેર આવીને જોયું તો પોતાના સુખ-દુઃખની સાથી ચિંતાને દીઠી નહિ. આથી એના પેટમાં ફાળ પડી! કઠિયારણોને મોંએ ચિંતાના હરણની વાત સાંભળી એ ગાંડા જેવો થઇ ગયો.

નદીને કાંઠેકાંઠે એના પ્રવાહ ભણી રાજાએ તો ચાલવા માંડ્યું. એણે તે દિવસથી ખાવાપીવાનું અને ઊંઘવાનું છોડી દીધું. આખો યે દિવસ ને રાત ચિંતાની શોધમાં જ તે ફર્યા કરવા લાગ્યો.

ફરતો ફરતો એક જંગલમાં તે આવ્યો અને નિરાશ થઇ, થાકીને સૂતો.

આ સ્થળ ઘણું જ રમણીય હતું. રાજાએ ચારેતરફ જોવા માંડ્યું. એક બાજુ નાનાં પંખીઓ એકબીજાં સાથે રમી રહ્યાં છે; બીજી બાજુ નાનાં ઝરણાં ધીરે ધીરે વહી રહ્યાં છે; તેમાં ખીલેલાં કમળનાં ફૂલ જંગલની શોભામાં વધારો કરી રહ્યાં છે.

આ બધું જોઇ રાજા થોડીવાર પોતાનું દુઃખ ભૂલી ગયો અને એણે ત્યાં જ રહેવા માંડ્યું.

એક દિવસ થોડે દૂર તેણે સ્વર્ગની કામધેનુને દૂધની ધારા વહેવડાવતી જોઇ. રાજાએ એ દૂધ પીધું અને દૂધ પીધાથી એના શરીરમાં ચેતન આવ્યું.

સ્વર્ગની કામધેનુ એટલે માણસની બોલી સમજે; અને બોલે પણ ખરી. રાજાએ પોતાની બધી વાત એ ગાયમાતાને કહી સંભળાવી.

કામધેનુએ આશ્વાસન આપતાં કહ્યું: 'રાજા તું અહીં નિરાંતે રહેજે. શનિથી અહીં અવાશે નહિ. થોડા દિવસ પછી તને ચિંતાનો મેળાપ થશે અને તારૂં રાજ્ય તને પાછું મળશે. પણ હમણાં ધીરજ ધરી શાંતિથી અહીં રહેજે.'

રાજા ત્યાં આનંદમાં રહે છે; અને આશામાં દિવસો કાઢે છે. કામધેનુનું દૂધ રોજ પીએ છે અને ધરતીને ખોળે તે સૂએ છે.

જ્યાં કામધેનુનું દૂધ પડતું હતું ત્યાં કાદવનું સોનું થતું હતું. રાજા એને એકઠું કરી તેની ઇંટો બનાવે છે. આ પ્રમાણે તેણે હજારો ઇંટો બનાવી છે.

હવે શ્રીવત્સમાં લોભનો સંચાર થયો. તેને થયું કે આ બધી ઇંટો વેચું તો લાખો રૂપિયા કમાઉં. એણે એક પછી એક બધી ઇંટો નદીને કિનારે લાવી મૂકી અને કોઇ વેપારીનું વહાણ આવે તેની રાહ જોવા માંડી.

આખરે એક દિવસ એક વેપારીનું વહાણ ત્યાં આવી ચડ્યું. રાજાએ વેપારીને વહાણ કિનારે લાવવા કહ્યું.

વેપારીએ વહાણ કિનારે આણ્યું. રાજાએ ઇંટો બતાવી. સોનાની ઇંટો જોઇ વેપારી લલચાયો. તેણે રાજાની આગતાસ્વાગતા કરી તેને વહાણમાં બેસાડ્યો અને બધી ઇંટો જોડે લઇ લીધી.

વેપારીને ઇંટો જોઇ લોભ થયો હતો. રાજાને મારી નાખી એની બધી ઇંટો કેવી રીતે પચાવી પાડવી તેની ઘડભાંગ એ કરી રહ્યો હતો.

એક દિવસ રાત્રે લાગ જોઇ ઊંઘતા રાજાને વેપારીએ નદીમાં ફેંકી દીધો. નદીમાં પડતાં જ રાજા જાગી ઊઠ્યો અને દયામણે સ્વરે પોકારી ઊઠ્યોઃ 'અરે ચિંતા તું ક્યાં છે?' અને એમ બોલી દુઃખથી એ રડી પડ્યો!

દૈવનું કરવું તે ચિંતા એ વહાણમાં જ બંદીવાન હતી. એણે રાજાની બૂમ સાંભળી. તરત જ એક પાટિયું એણે નદીમાં ફેંક્યું અને કહ્યું: 'મહારાજ! હું અહીં કેદખાને છું.' આટલું એ બોલે ન બોલે એટલામાં તો વહાણ કેટલે યે દૂર જતું રહ્યું હતું.

રાજા પાટિયાના આધારે નદીના વહેણ તરફ ઘસડાવા લાગ્યો.

૭

સૌતિપુર નામે એક મોટું નગર. એના રાજાનું નામ

બાહુદેવ. એ નગરની બહાર, નદીકિનારે એક સુંદર બાગ હતો. કેટલાયે વખતથી એ બાગનાં ફૂલઝાડ સુકાઇ ગયાં હતાં. રાજાએ એને તાજાં કરવા બહુ યે પ્રયત્ન કર્યો હતો પણ એ તાજાં થતાં જ ન હતાં.

એ બાગમાં એક માલણ રહે. તે વિધવા હતી અને બાગમાં એકલી જ રહેતી હતી.

એક દિવસ સવારમાં ઊઠીને એણે જોયું તો આખો યે બાગ લીલોછમ! ફૂલેફૂલે ભમરા ગુંજારવ કરે છે. એ તો આ જોઇ ખુશખુશ થઈ ગઇ અને આખા બાગમાં ફરવા મંડી. ફરતાંફરતાં નદીકિનારે એક માણસને એણે બેભાન પડેલો જોયો.

માલણને થયું કે નક્કી આ માણસને શુભ પગલે જ બાગ લીલોછમ થઇ ગયો છે. માલણ એને ઊંચકીને પોતાની ઝૂંપડીમાં લઈ ગઇ અને અનેક ઉપચારો કરી એને ભાનમાં આણ્યો. ભાન આવ્યું એટલે એણે પૂછ્યું: 'મા! તમે કોણ છો?'

માલણે કહ્યું: 'હું રાજાની માલણ છું. ભાઇ! આપને હવે કેમ છે?'

'તમે મને જીવતદાન આપ્યું હવે મને તદ્દન સારું છે.'

એ રાજા શ્રીવત્સ જ હતો. નદીમાં તણાતો તણાતો એ અહીં આવીને પડ્યો હતો અને માલણે સદ્‌ભાગ્યે તેને દીઠો હતો.

આ નગરના બાહુદેવ રાજાને ભદ્રા નામે એક કન્યા. તેનામાં રૂપ પ્રમાણે જ ગુણ હતા. આ ભદ્રા પોતાના મનથી શ્રીવત્સ રાજાને વરી ચૂકી હતી. જોકે એણે જાણ્યું હતું કે શ્રીવત્સ રાજ્યભ્રષ્ટ થયા છે અને એમનો પત્તોયે નથી; છતાંયે એ બીજા રાજાને પરણી નહોતી! રાજા શ્રીવત્સનો પત્તો નહિ લાગે તો હું જીવનભર કુંવારી રહીશ એમ એ પોતાનાં માબાપને કહેતી.

પરંતુ તેનાં માતાપિતાએ એની વાત માની નહિ અને તેના સ્વયંવરની દાંડી પીટાવી. દેશદેશના રાજાને તેણે આમંત્રણ મોકલ્યાં.

છેવટે નિરુપાય થઇ, ભદ્રા જગજ્જનની ભગવતીને મંદિરે ગઇ અને ખરા મનથી તેની પ્રાર્થના કરવા લાગી.

સંતાન દુ:ખી થાય એ માતાથી શી રીતે સહ્યું જાય? ભદ્રાની પ્રાર્થના માતાજીએ સાંભળી. માએ દર્શન દઇ આશીર્વાદ દીધો: 'બેટા, ભય રાખીશ નહિ; તારી ઇચ્છા પૂર્ણ થશે. રાજા શ્રીવત્સ તારા નગરની માલણના ઘરમાં જ રહે છે. એને કોઇ ઓળખતું નથી; પણ તું એને સ્વયંવરમાં વરમાળ પહેરાવજે.'

આટલું કહી દેવી અંતર્ધાન થઈ ગયાં. ભદ્રા માતાને ચરણે પડી અને મનમાં ખુશ થતી ઘેર ગઇ. ભદ્રાએ માલણને પૂછી બધી વાતની ખાત્રી કરી લીધી.

૮

આજે ભદ્રાનો સ્વયંવર છે. સભામંડપ પૂર ઠાઠથી શણગાર્યો છે. બધા રાજા પોતપોતાને આસને બેઠા છે.

ભદ્રા સોળે શણગાર સજી મંડપમાં આવી. વારાફરતી બધા રાજા પાસે ગઇ, પણ કોઇના ગળામાં તેણે વરમાળ આરોપી નહિ.

પછી એકઠા મળેલા લોકોના મધ્યમ વર્ગમાં એ ગઇ. ત્યાં જુએ છે તો માલણનો ભાણેજ બનેલો શ્રીવત્સ તે વર્ગમાં ઊભો હતો. તેના ગળામાં એણે વરમાળ આરોપી અને પ્રણામ કરી ઊભી રહી. આ જોઇ આખો મંડપ આશ્ચર્યમાં ડૂબી ગયો.

શ્રીવત્સ તો અવાક જ થઇ ગયો!

ભદ્રાના આવા આચરણથી બીજા રાજાઓ ગુસ્સે થઇ ગયા ને રીસમાં ને રીસમાં સભા છોડી જતા રહ્યા.

બાહુદેવ આવા અપમાનથી ધુંવાંપુંવા થતો રાણી પાસે ગયો. પણ રાણીએ તેને શાંત પાડ્યો. રાજા શાંત તો પડ્યો, પણ ભદ્રાને કે જમાઇને પોતાના મહેલમાં લાવવાની એણે સાફ ના કહી.

રાજાને ધીમાશથી બધી વાતનું સાંત્વન આપી, રાણી પુત્રી અને જમાઇને મળવા ગઇ.

જમાઇને જોઇ તે વિસ્મિત થઇ. તેને જોતાંવેંત થયું કે આ તો રાખોડીમાં ઢંકાએલા અગ્નિદેવ છે. તેની બધી રીતભાત રાજા જેવી જ છે. અત્યારે તો એ કોઇ દેવના શાપથી આવો દેખાય છે.

ભદ્રાને તેણે આશીર્વાદ આપ્યો ને કહ્યું: 'બેટા, તને કોઇ અપૂર્વ સ્વામી મળ્યો છે. તું એની ખરા મનથી ચાકરી કરજે અને એને સંતોષ આપજે.'

રાણી જમાઇને જોઇ સંતોષ પામી. ઘેર જઇ એણે બાહુદેવને કહ્યું: 'આપણા જમાઇ તો કોઇ શાપગ્રસ્ત રાજા છે એમાં જરાકે સંદેહ નથી. ઇશ્વર કરે ને એ જલ્દી એમાંથી મુક્ત થાય.'

૯

રાણીના સમજાવ્યાથી બાહુદેવ રાજાએ દીકરી તથા

જમાઇને રહેવા એક મહેલ આપ્યો છે. તેમાં શ્રીવત્સ ભદ્રા સાથે સુખમાં દિવસ કાઢે છે. ભદ્રા રાજાને ખરા મનથી ચાહે છે અને એની સેવા ઉઠાવે છે.

પણ શ્રીવત્સના મનને શાંતિ નથી. હમેશાં એ ચિંતાનો જ વિચાર કર્યા કરે છે.

જમાઇને ચિંતામાં રહેતો જોઇ, રાણીએ એને કંઇક કામ સોંપવાનું બાહુદેવને કહ્યું. રાજાએ જમાઇને એક કામ સોંપ્યું. નદીકિનારે થઇને જે વહાણ આવે કે જાય તેના વેપારની કિંમત આંકી, તે ઉપર કર લેવાનું એને કહેવામાં આવ્યું.

આ કામથી શ્રીવત્સ આનંદમાં દિવસ ગાળે છે.

પ્રભુની લીલાનો પાર કોઇ પામી શકતું નથી. એક દિવસ પેલા સોનાની ઇંટોવાળા જ વેપારીની નૌકા કિનારે આવી. રાજા જોતાં જ વહાણને ઓળખી ગયો.

એણે નૌકા અટકાવી અને તેમાં જે હોય તે લેવા નોકરોને હુકમ કર્યો. માણસોએ વહાણમાંથી સોનાની ઇંટો હતી તે લઇ લીધી.

લૂંટાયલો વેપારી બાહુદેવ પાસે ફરિયાદે ગયો. રાજાને આ સાંભળી ક્રોધ ચડ્યો. એણે જમાઇને બોલાવી પૂછ્યું: 'આ વેપારીની ઇંટો કેમ લઇ લીધી છે?''

શ્રીવત્સે નરમાશથી કહ્યું; 'મહારાજ! એ ઇંટો મારી છે, આ વેપારીની નથી. એ વેપારી નહિ પણ ચોર છે.'

રાજાએ પૂછ્યું: 'એનો પુરાવો શો?'

શ્રીવત્સે કહ્યું: 'આ ઇંટના બે કકડા જે કરી આપે તે એનો માલિક.'

રાજાએ વેપારીને ઇંટના કકડા કરવા કહ્યું.

વેપારીએ ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ. પછી શ્રીવત્સે તરત જ તેના બે કકડા કરી આપ્યા.

રાજાના વિસ્મયનો પાર ન રહ્યો. તેણે બધી ઇંટો જમાઇને આપી દીધી અને લુચ્ચા વેપારી સામે કડકાઇથી જોઇ રહ્યો.

શ્રીવત્સે હાથ જોડી રાજાને કહ્યું: 'મહારાજ! આ ઇંટો કરતાં યે મારૂં અમૂલ્ય રત્ન આ નૌકામાં છે તે મને સોંપાવી દો.'

રાજાએ પૂછ્યું 'એ વળી તમારૂં કયું રત્ન છે?'

શ્રીવત્સે કહ્યું: 'મારા સુખદુઃખની સાથી, રાણી ચિંતા એમાં કેદી તરીકે છે.'

રાજા આશ્ચર્યથી બોલી ઊઠ્યો: 'ત્યારે શું આપ જ રાજા શ્રીવત્સ?'

શ્રીવત્સે માથું હલાવી હા કહી. સભા આખી આશ્ચર્યમાં થંભી ગઇ!

બાહુદેવે હાથ જોડી પ્રણામ કર્યા અને ક્ષમા માગી.

પછી બાહુદેવ અને શ્રીવત્સ નદીકિનારે નૌકા પાસે ગયા. બાહુદેવ રાણીને નૌકામાંથી બહાર તેડી લાવ્યો અને પ્રણામ કરી ઊભો રહ્યો. પરંતુ ચિંતા રાણીને આખે શરીરે તો ફોલ્લા છે અને તેમાંથી દુર્ગંધ આવે છે. રાજાએ આનું કારણ પૂછ્યું. રાણીએ બધી વાત માંડીને કહી.

પછી ચિંતાએ સૂર્યદેવની પ્રાર્થના કરી: 'ઓ મારા શિયળના સાક્ષી સૂર્યદેવ! પહેલાંના જેવું મારૂં રૂપ કરી દો.'

સૂર્યદેવે તેની પ્રાર્થના સાંભળી અને જોતજોતાંમાં તો ચિંતા પહેલાંના જેવી રૂપવાળી થઇ ગઇ.

બાહુદેવ વિસ્મિત થઇ બોલ્યો: 'તમારા જેવી પતિવ્રતા દુનિયામાં કોઇ નહિ હોય. મારાં તમને વંદન છે!'

શ્રીવત્સ અને ચિંતા છતાં થયાની વાત આખા નગરમાં વાયુવેગે ફેલાઇ ગઇ. લોકો રાજારાણીને જોવા ઊલટે છે અને કિનારે તો એક મેળા જેવું થઇ રહ્યું છે.

૧૦

સૌતિપુરમાં આજે ઘેરેઘેર આનંદ થઇ રહ્યો છે. બાહુદેવ રાજાએ શ્રીવત્સ અને ચિંતાને રાજપોષાક પહેરાવી, સિંહાસને બેસાડ્યાં છે. પોતે સામે હાથ જોડી ઊભો છે; કારણકે રાજા શ્રીવત્સ એક સમ્રાટ હતો અને બાહુદેવ તો એનો ખંડિયો રાજા હતો.

રાણી ચિંતા શ્રીવત્સ જોડે સિંહાસને બેઠી અને ભદ્રાને પણ સાથે બેસાડી.

સભામાં બધાનાં મોં આનંદથી હસુંહસું થઈ રહ્યાં છે; શોકદુઃખ વિસારે પડ્યાં છે.

આ જ ઘડીએ પ્રાણીમાત્રની આકરી કસોટી કરનાર શનિદેવ સભામાં આવી ખડા થયા. બધાની નજર એકસામટી તેમના તરફ ખેંચાઇ.

શનિદેવ સત્તાવાહી અવાજે બોલ્યા: 'કેમ! રાજન્ શ્રીવત્સ! અને રાણી ચિન્તા! જોયો છેને મારો પ્રતાપ? હવે મારી ક્ષમા જોઇએ છે?'

સભા આખી આવા સત્તાવાહી અવાજથી થંભી

ગઇ. તરત જ રાજારાણી શનિદેવને ચરણે પડ્યાં અને તેમની સ્તુતિ કરવા માંડી.

રાજારાણીની સ્તુતિથી શનિદેવ પ્રસન્ન થયા. આશીર્વાદ આપતાં એમણે કહ્યું: 'મારા શાપનાં બાર વર્ષ પૂરાં થયાં છે. તમે મારી કસોટીમાંથી પાર થયાં છો. હવે રાજ્યમાં જઇ સુખે રાજ્ય કરો અને—'

શ્રીવત્સે શનિદેવને બોલતા અટકાવી કહ્યું: 'પણ પ્રભુ, મારૂં રાજ્ય તો નાશ પામ્યું છે.'

શનિએ કહ્યું: 'ના, વત્સ એ બધું એમ ને એમ છે. તેં જે જોયું તે તો બધી મારી માયા હતી!'

આટલું બોલી શનિદેવ ત્યાંથી જતા રહ્યા. સૌએ છુટકારાનો શ્વાસ લીધો.

શ્રીવત્સે ચિંતા અને ભદ્રાને લઇ પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. કેટકેટલે વર્ષે પોતાના નગર તરફ પગલાં માંડતાં ઉત્સાહને લીધે કોઇને થાક જણાયો નહિ.

રાજારાણીને આવતાં જોઇ એક પલકવારમાં પ્રજા એકઠી થઇ ગઇ અને રાજારાણીનો જયધ્વનિ કર્યો.

ચિંતાએ પ્રજાને ભદ્રાનો પરિચય કરાવ્યો એટલે પ્રજાએ તેના નામનો પણ જયધ્વનિ કર્યો.

રાજ્યમાં ઘેરઘેર ઉત્સવ થઇ રહ્યા છે. પ્રજાજન અને મંત્રીઓ સમક્ષ રાજાએ વીતક વાત કહી સંભળાવી.

શનિના પ્રભાવથી બધા ડરી ગયા; અને ઘેરઘેર શનિના જપ અને વ્રત થવા લાગ્યાં. શનિના પાઠ અને શનિનાં માહાત્મ્ય વંચાવા માંડ્યાં. શનૈશ્ચરદેવનું ગૌરવ હવે સૌ કોઇ પિછાનવા લાગ્યું. રાજાએ નગરમાં એક મોટું મંદિર બંધાવી તેમાં શનિદેવની સ્થાપના કરાવી અને પહેલાંની માફક રાજ્ય ચલાવવા માંડ્યું.

ભદ્રા અને ચિંતા રાજાની સેવામાંથી પરવારી ગરીબોની સેવા કરે છે. પ્રજાને સંતાન જેમ સંભાળે છે.

એ પ્રમાણે કેટલાક દિવસો પછી બે રાણીઓને એકએક પુત્ર અને એકએક પુત્રી થયાં. શ્રીવત્સનો ગૃહસ્થાશ્રમ ધન્ય બન્યો.

પુત્રો મોટા થયા એટલે રાજાએ તેમને રાજ્ય સોંપી, ચિંતા અને ભદ્રા સાથે વાનપ્રસ્થ લીધું. ત્રણે જણ ઇશ્વરસ્તવનમાં દિવસ ગાળવા લાગ્યાં.

સૌ. શ્રીમતી મજમુદાર

અસલ બંગાળી ઉપરથી ઉતારેલી. 'વિક્રમ અને શનિ'ની બીજી લોકકથા આનાથી ભિન્ન છે. શ્રીસયાજી બાલજ્ઞાનમાલા માટે લખાએલા ચરિત્રનો આ સંક્ષેપ છે.

જાદુઇ દાબડી



એક હતી કો ડોશી—
ગજવામાંથી દાબડી કાઢી
દાબડીમાંથી છીંકણી કાઢી
નાકમાં એણે ખોશી.

છાપરે બેઠા વાંદરભાયા
મનમાં બોલ્યા એમ,
હું લઇ લઉં તો કેમ?

દાબડી ચોરી નાઠો વાંદર
છાપરે ચડી બેસે,
બાચકો ભરી છીંકણી ઝટપટ
નસકોરાંમાં ખોસે !

જોઇ લ્યો મજા! જોઇ લ્યો મજા!
દાબડીનો શો જાદુ!
વાંદરભાયા માથાં પટકે,
હાક! છીંક! થુ!

રમણલાલ સોની



મધપૂડો

સન્ધ્યાને

ખસી જા ઓ સન્ધ્યા! ક્ષિતિજ પરથી સત્વર હવે,
મને આછાં તારાં તિમિર-અજવાળાં નવ ગમે;
ભલે કાળા ગાઢા ગહન પડદે શર્વરી દમે,
લપાતી એ આવે સુરઝલક આદિત્યની ક્રમે.

રમણિક અરાલવાળા

ડેવિડ પુટનામ

*** જેના જેવું બાળપણ જીવવાની સ્વાભાવિક જ ઇચ્છા થઇ જાય એવું ખડતલ બાળપણ કોઇ જીવ્યું હોય તો તેમાં આ ડેવિડ પુટનામનું નામ સહેજે મૂકી શકાય. નવ વર્ષ પહેલાં જ્યારે તેર જ વર્ષની તેની વય હતી ત્યારે તેની હકીકત બહાર આવેલી. આજે પણ એ રસમય લાગશે. કોઇ લક્ષાધિપતિનો એ પુત્ર નથી. અપ્રતિમ બુદ્ધિમતા ધરાવવાનો તેનો દાવો નથી સુખી, તંદુરસ્ત અને કંઇક ધૂની લાગતા કોઇપણ કુમાર જેવો જ એ ઊગતો કુમાર છે; પણ એક અદ્‌ભુત ને ઉજ્જ્વલ ગુણ એના જીવનમાં ઊતરેલો છે જે બીજાઓમાં ભાગ્યે જ જોવામાં આવે છે. એ ગુણ તે પોતાની આસપાસની દુનિયાને પૂરેપૂરી ઓળખવાનો ને એને ચાહવાનો.

તેર વર્ષની વય સુધીમાં તો તેણે દુનિયાના એવા એવા ખૂણાઓ પગ તળે કાઢી નાખેલા ને એવા વિચિત્ર અનુભવો મેળવેલા કે આપણામાંના ઘણાખરા તો આખી જિંદગી દરમિયાન એ ન મેળવી શકે.

દક્ષિણ સમુદ્રો ઓળંગીને એણે એવા દ્વીપોની સફર કરી છે કે જ્યાં એક વાર બહુ જ અધમ જાતિઓ વસતી ને જે ચાંચિયાઓની રખડપટ્ટીનાં સ્થાનો હતાં. ધ્રુવ સમુદ્રના ટાવર જેવડા ઊંચા બરફના ખડકોમાં થઇને એણે સફરો ખેડી છે. ત્યાંનાં રીંછોના પણ એણે શિકાર કર્યા છે. ત્યાંના રહેવાસી એસ્કિમો સાથે દોસ્તી બાંધી છે ને નાર્હલ, વૉલ્રસ અને સીલ વગેરે પ્રાણીઓને એમનાં રહેઠાણોમાં જ જોએલાં છે.

ગેલેપૅગૉસ ટાપુઓની શોધે ઉપડેલી ડૉ. વિલિયમ બીબની ટુકડી અને અમેરિકન મ્યૂઝિયમ માટે ગ્રીનલૅંડની રખડપાટે નીકળેલી ટુકડી સાથે પણ તે ભળેલો. ને આવાં સાહસો જાણે પૂરતાં ન હોય તેમ પોતાની કિશોર વયમાં જ તેણે બે પુસ્તકો પણ લખી નાખેલાં!

તેના એક સાહસ બાદ તેનાં પરાક્રમો જનતાની આગળ પ્રથમ રજુ કરનાર અમેરિકન કાફલાના કમાન્ડર ગિ. ગ્રીન તેને મળવા ગએલા. તેઓ એ મુલાકાત વર્ણવતાં લખે છે કે 'ડેવિડે પોતાના નાના ઓરડાની ચાર દિવાલોની અંદર અદ્‌ભુતતાઓ ભરી કાઢેલી અને એ બધી ચીજો એના કુદરત પ્રત્યેના ને મુસાફરીના પ્રેમને ઉત્તેજિત કરવા જ ગોઠવેલી હોય એમ મને લાગ્યું.'

આવાં સાહસોના શોખ તરફ તે કેમ વળ્યો તેના જવાબમાં ડેવિડે જણાવ્યું કે 'મારો જન્મ બેન્ડમાં થએલો. ઓરેગ્નીના એ પ્રદેશમાં અનેક જવાળામુખીઓ છે ને ત્યાં પાર વગરનો લાવા રેલાય છે. ત્યાં લાકડાથી યે હળવા, પ્યુમિસ કહેવાતા પથ્થરના ખડકો—સાચેસાચ ખડકો—તરે છે! એવી અજબ ચીજોની શોધ કરવામાં મને પહેલવહેલો રસ પડેલો.'

પછી તો ચાંચિયાઓના દ્વીપોના અનુભવો, દરિયાઇ સિંહો અને શાર્ક તથા વ્હેલ માછલીઓની તેણે કેટલી યે વાતો કરી. તેણે તો આ બધું જાતે અનુભવેલું. જ્યારે મને તો સાંભળતાં પણ અજાયબી ને કમકમાટી ઊપજી જતી. પોતાના પ્રવાસમાં જોએલી જગતની અજાયબીભરી સૃષ્ટીની એણે જે વાતો મને કહી તેમાંથી થોડી અહીં આપું છું.

'ઉષ્ણ કટિબંધમાં તરતાં પક્ષીઓ અને ઊડતી માછલીઓ પાર વગરનાં હોય છે' તેણે કહ્યું: 'ત્યાં એવાં પણ કેટલાંક પક્ષીઓ છે જે નથી તરી શકતાં કે નથી ઊડી શકતાં. દાખલા તરીકે કૅર્મોરન્ટ પક્ષીઓ. જ્યાં એમના કોઇ દુશ્મન નથી એવા ગેલેપૅગૉસ ટાપુઓ પર એમને ખોરાક મેળવવા ઊડવું પડતું નથી. તેઓ એટલા લાંબા સમયથી એ દ્વીપો પર રહે છે કે ધીમેધીમે આજ તેઓ પાંખોનો ઉપયોગ જ ભૂલી ગયાં છે!

'આર્ક્ટુરસ' જહાજમાં શોધખોળ માટે નીકળનાર અને એ સફરનું મને આમંત્રણ આપનાર મારા મિત્ર બીબે તો માછલીની આખી નવી જ જાત શોધી કાઢી હતી. એ માછલીના માથા આગળ ચળકતા feelers ચોંટેલા હોય છે. આ પ્રકાશથી અંધારા ઊંડાણમાં ઊતરતાં તેને સરળતા પડે છે એટલું જ નહિ પણ એનાથી આકર્ષાઇને ઝીણાં જંતુઓ તેની પાસે આવે છે જેનો એ નાસ્તો કરી જાય છે. આગિયાની ચળકતી પાંખનો પણ એ જ ઉપયોગ છે ને?

ગેલેપૅગૉસ ઉપર અમે જોએલી સૌથી નવાઈભરી ચીજ તો એક મોટા જ્વાળામુખીનું ફાટી પડવું હતું. એના મુખમાંથી ધગધગતા લાવાનો જાણે ધોધ ધસમસતો હતો ને એ સમુદ્રમાં વહી જતો. એ દૃશ્ય અદ્ભુત અને ભયાનક છતાં સરસ હતું! ધગધગતો રસ જ્યારે દરિયામાં પહોંચ્યો ત્યારે તો દરિયાનું પાણી પણ ઊકળી ઊઠ્યું ને વરાળનાં મોટાં વાદળાં ચડ્યાં. આર્ક્ટુરસમાં બેસી અમે કિનારે પહોંચ્યા ત્યાં તો પાણીની ગરમી સો ડિગ્રી સુધી વધી ગઇ હતી.

ઉત્તર ધ્રુવની મુસાફરીઓમાં પણ મને એવી જ મઝા પડેલી. ત્યાં બરફોના ખડકો ફડાફડ અવાજ કરે છે, જાણે આપણી પાસે જ ઉપરાઉપરી બંદૂકો ન ફૂટતી હોય! મને એક વિજ્ઞાનીએ સમજાવેલું કે શિયાળાની હવામાં સંકોચાઇ રહેલા ખડકોનું દબાણ ઉનાળાની ગરમ હવાથી નીકળી જતાં આ અવાજો થાય છે.

અમે ત્યાં કેટલાયે એસ્કિમો જોયા. એ લોકો આખી જિંદગી માંસ સિવાય કશું ખાતા જ નથી. વૉલરસનું પેટાળ એ એમનું પ્રિય ખાણું છે. સેવ જેવું ખાણું બનાવવા તે વૉલરસના થોભિયા ઉકાળે છે. વૉલરસની આંખો ગુંદરના કકડા જેમ કડકડ ખાઇ જતા ને તેની શ્વાસનળી મઝેથી ચાવતા મેં એસ્કિમો છોકરાંઓને જોયા. આ જોઇને મને તો કંપારી જ છૂટેલી અને મારી નરી આંખે જ જો મેં એ ન જોયું હોત તો હું એ માની પણ શકત નહિ. ઉત્તરના એ વતનીઓને શરીરમાં ગરમી રાખતાં બરોબર આવડે છે. ત્યાં કોઇ માણસને હાથ લાંબા રાખીને યા પગ પહોળા કરીને બેઠેલો તમે નહિ જુઓ. પોતાનાં કાંડાં, ઘૂંટણ અને કપાળને એસ્કિમો બરાબર ઢાંકી રાખે છે. પગને એ કોરા જ રાખે છે ને કપડાં ખૂબ ખુલતાં રાખી પીઠ પર હવાને છૂટથી ફરવા દે છે. એવા પ્રદેશમાં કયાંય ફૂલ ખીલી ઊઠે એવું તો તમે ધારો જ નહિ; ખરૂં ને? પણ ઉત્તર ગ્રીનલૅન્ડમાં થોડાં અઠવાડિયાં સુધી હવા ઠરી જવા ઉપર જાય ત્યારે દર ઉનાળે લગભગ પચીસ જાતનાં ફૂલ ખીલી નીકળતાં હશે!'

ડેવિડની વાતો પરથી મને સમજાયું કે એને સૌથી વધુ રસ પ્રાણીઓની જુદીજુદી વિચિત્ર ટેવોનો અભ્યાસ કરવામાં પડ્યો હતો. એસ્કિમોએ એને કહેલું કે ઘાસના કોથળા પરથી જેમ બાળકો લપસણાં ખાય એમ રીંછ પણ બરફના ખડકો ઉપરથી લપસવાની રમત રમે છે. નાનાં સીલ પ્રાણી જળપ્રાણી હોવા છતાં નાનપણમાં પાણીથી બહુ જ બીએ છે. ને એવું તો કેટકેટલું યે. અંતમાં ડેવિડે કહ્યું કે, 'જેમજેમ હું વધુ વિચાર કરતો જાઉં છું તેમતેમ મને સમજાય છે કે કુદરતનો સાચો અભ્યાસી પ્રાણીસૃષ્ટિમાંથી પારાવાર જાણવાનું મેળવી શકે છે. દુનિયા એ અનેક અજાયબીઓનો અદ્ભુત પ્રદેશ છે. મધપૂડાની સુંદર રચના જોવી, મધમાખીઓને કામ કરતી ધ્યાનપૂર્વક નિહાળવી અથવા ઝાડની કોઇ હિલોળા લેતી ડાળીએ પંખીને માળો બાંધતાં જોવું એ પણ એટલું જ આનંદપ્રદ ને અજાયબીભર્યું છે. માત્ર આપણને જોવાની ઉત્સુકતા અને જ્ઞાનની ભૂખ જોઇએ.'

બે નમૂનેદાર તરુણમંડળો

* * * દેશસેવાના વ્રતવાળા મહત્ત્વાકાંક્ષી તરુણો જાતમજૂરી અને સાદા જીવનનું ધ્યેય રાખી ગ્રામસેવાનું કેવું આંખ ઠારે એવું કામ કરે છે તેનાં બે પ્રેરક ઉદાહરણો 'હરિજન બંધુ'માંથી અહીં ઉતાર્યાં છે.

એક કર્ણાટકમાં

કર્ણાટકમાં હોસરિત્તિમાં આવેલો ગાંધી આશ્રમ એક આકર્ષક સંસ્થા છે. 'ભારતીય તરુણ સંઘ'ના નામ હેઠળ ૧૫–૨૦ કર્ણાટકી જુવાનો આ સંસ્થા ચલાવે છે વિવાહિત તેમજ અવિવાહિતોએ બ્રહ્મચર્ય–વ્રત લીધેલું છે. સર્વે સરખું નિર્વાહખર્ચ લે છે, અને સમાનપણે એક કુટુંબની જેમ રહેવા પ્રયત્ન કરે છે. આજુબાજુનાં ૨૫–૩૦ ગામોમાં તેઓ પથરાએલા છે અને વસ્ત્રસ્વાવલંબન, ગ્રામોદ્યોગ, હરિજનસેવા, હિંદીપ્રચાર, સાક્ષરતાપ્રચાર વગેરે વિવિધ પ્રવૃત્તિઓ તેમના કાર્યક્રમમાં છે. તેમાંના કેટલાક મહાસભાની સ્થાનિક સમિતિઓમાં પણ અધિકાર ધરાવે છે. જણ દીઠ વાર્ષિક વેતન રૂા. ૬૫ તેમણે સ્વીકાર્યું છે. આ પાંસઠ રૂપિયાની ગણતરી આ રીતે છે: ખાધાખરચ તથા બીજું અંગત ખર્ચ માસિક રૂા. ૫ લેખે, રૂા. ૬૦; અને વર્ષમાં એકવાર ઘેર જવા વગેરેનું ખાનગી મુસાફરી ખર્ચ રૂા. ૫. પ્રજાસેવકોમાં આ સંસ્થાનું વેતનનું ધોરણ કદાચ ઓછામાં ઓછું હશે. પોતાનાં કપડાં માટે દરેક જણ જાતે જ કાંતી લે છે અને તેમાંના જે વણાટ જાણે છે તેઓ જ તે વણે છે. એમના નિત્ય ખોરાકમાં ઘી મુદ્દલ નથી. થોડું તેલ અને થોડો ગોળ છે. મુખ્ય ધાન જુવાર અને તુવેરની દાળ છે. દૂધ દિવસમાં એક પ્યાલો (આઠ ઔંસ). આવા સાદા ખોરાક છતાં તે બધાને હૃષ્ટપુષ્ટ જોઇ આંખને સારૂં લાગ્યું; સર્વમાં વ્યાયામનો શોખ જોયો. તેમના આશ્રમના ઝૂંપડાના મુખ્ય ખંડમાં મગદળ, લેજિમ વગેરે વ્યવસ્થિત રીતે ગોઠવાએલાં હતાં. તેમના હાથ નીચેના એક ગામમાં વસ્ત્રસ્વાવલંબનનું કામ ઘણું સારૂં ચાલતું જણાયું. ઘણા થોડા લોકો મિલનું કાપડ વાપરનારા હતા. એકબે કુટુંબો તો કપડું વણી પણ જાતે જ લેતાં હતાં. રંગવાનું પણ સ્થાનિક જ હતું. જે ભાઈ આ ગામમાં રહે છે તેણે પોતાનું ઝૂંપડું હરિજનવાસની પાડોશમાં બાંધ્યું હતું ત્યાં સવણું

તેમજ હરિજન સ્ત્રીઓ-બાળકોને સાથે ઉદ્યોગ કરતાં અને શીખતાં જોયાં. ગામમાં બે ધનાઢ્ય શાહુકારો છે. બંને ખાદીપ્રેમી અને ગોપ્રેમી છે. પોતે પણ વસ્ત્રસ્વાવલંબી બનેલા છે અને પોતાના આસામીઓને એ કામમાં ઉત્સાહ આપે છે. આ સંસ્થા હાવેરી સ્ટેશનથી વીસ માઇલ દૂર આવેલી છે અને તેમાંથી લગભગ અરધો રસ્તો ઘણો ખરાબ છે. આથી તેઓ એક રીતે સુખી છે. બહુ પરોણાઓ એમને પજવતા નથી. પણ એ તરુણો મહત્ત્વાકાંક્ષી અને કાંઈક આગળ આવવાની હોંશવાળા છે, એટલે કોઇક ને કોઇક આગેવાનને અવારનવાર ખેંચી જાય છે ખરા.


અને બીજું કાઠિયાવાડમાં

જેવું કર્ણાટકમાં આ તરુણ મંડળ છે, તેવું જ કાઠિયાવાડમાં અમરેલી પાસે તરવડા નામે ગામમાં એક બીજા તરુણ મંડળનું કામ આકર્ષક છે. અહીં ૧૦-૧૨ જુવાનો મળી એક પૂર્ણ સ્વાવલંબનનો અખતરો કરી રહ્યા છે. તેમણે વીસેક વીઘાં જમીન રાખી છે અને ચાર વર્ષથી તેઓ તેને જાતે ખેડી ખાય છે. વધારામાં ચંપલ બનાવવાનો ઉદ્યોગ કરે છે, અને તેમાંથી પણ ઠીકઠીક કમાણી કરવાની આશા રાખે છે. આ ભાઇઓ પણ હૃષ્ટપુષ્ટ જણાયા. પણ તેમનો ખોરાક હોસરિત્તિના યુવાનો કરતાં સારો ગણાય. કારણ તેઓ મુખ્ય અનાજ તરીકે ઘઉં વાપરે છે. તથા દૂધ-ઘી અને ગોળ પણ વધારે પ્રમાણમાં લે છે. વળી ખેતરમાં શાકભાજી પણ ઉત્પન્ન કરતા હોવાથી એમને લીલા શાકનો પણ સુકાળ છે. તેઓ સામાન્ય વ્યાયામ હવે કરતા નથી, પણ એમના મુખી શ્રી વલ્લભદાસ મહેતાએ બાળપણથી શરીરને સારૂં તૈયાર કર્યું છે, અને હવે ખેતીકામમાં એમને પૂરતો વ્યાયામ મળી રહે છે. શ્રી. વલ્લભદાસ ખેતીમાં સારો નફો કરી શક્યા છે અને તે કપડાં ઉપરાંત પોતાનાં ૫૦-૬૦ રૂપિયાની જાતે કાંતેલી વણેલી ખાદી ઉત્પન્ન કરે છે. એમના વ્યવહારમાં મને એક ઊણપ દેખાઇ. તેઓ પોતાનું અનાજ વેચી નાખે છે અને ખાવા માટે બજારમાંથી અનાજ વેચાતું લાવે છે. અનાજ સાચવવા માટે સમય તથા સાધનની સગવડ ન હોવાથી તેમને આમ કરવું પડે છે એમ તેઓ કહે છે. પણ આ વાત ખટકનારી છે. એમની સાથે એક મુસલમાન ભાઇ પણ છે. તેઓ ખેતીવાડીના સ્નાતક છે. અને પોતાની સારી નોકરી છોડી દઇને સ્વાવલંબી ખેડૂત બન્યા છે. જો કોઇ તરુણ મહેનતમજૂરી કરી સાદાઇથી રહેવા તૈયાર હોય તો અમુક સંખ્યા સુધી તેઓ તેને સંઘરવા તૈયાર છે.

આફ્રિકા કેમ વહેંચી ખાધું

* * * એ આખી વાત રાજદ્વારી દૃષ્ટિએ જેટલી મહત્ત્વની છે તેટલી જ રસિક રીતે આ નીચે ટૂંકામાં વર્ણવી છે. સાથેનો નકશો વળી એથી યે ટૂંકામાં અને રસભરી સમજ આપે છે.

એક જ સૈકા પહેલાં આફ્રિકા જેવા ખંડની વિશાળતા અને



આફ્રિકાની યુરોપીઅન કબજાગીરીનો ક્રમવિકાસ. ૩૫ ને ૩૫ વર્ષના બે ગાળાઓમાં કેટલો વધી પડ્યો તે આ નકશો બતાવશે

સમૃદ્ધિનું યુરોપીઅનોને સ્વપ્ન પણ ન હતું. બ્રિટનના કબજામાં ત્યારે ફક્ત 'કેપ કૉલોની' હતું અને ફ્રાન્સ ને પોર્ટુગાલ તો માત્ર થોડાઘણો બંદરી હક્ક જ ભોગવતાં. દેશી રાજ્યો પર પોર્ટુગીઝ અને ડચોને પોતાની લાગવગની જમાવટ કરતા જોઇ ઠેઠ અઢારમી સદીના પાછલા ભાગે બ્રિટનને લાગ્યું કે એ સુવર્ણ ખંડના દરવાજા તેને વાસ્તે પણ ખુલ્લા છે.

એવું જ ફ્રાન્સને થયું. અને મંગો પાર્કની નાઇજર પ્રદેશની શોધ બાદ તો બ્રિટન, ફ્રાન્સ અને પોર્ટુગાલ પોતપોતાના હક્કો જુદાજુદા પ્રદેશોમાં સ્થાપન કરવાની કોશિષમાં પડ્યા. ખંડના અંત:ભાગની સમૃદ્ધિનું લિવિંગ્સ્ટન અને સ્ટેન્લીએ કરેલું બયાન તેમને વધુ ને વધુ પ્રેરતું રહ્યું. ૧૮૬૯માં સુએઝ નહેરના થએલા ઉદ્ઘાટને પણ આફ્રિકાની કબજાગીરીનું મહત્ત્વ વધાર્યું.

પણ આફ્રિકાને યુરોપીઅન રાજ્યોને મનગમતી રીતે વહેંચી ખાવાનો ખરો સમય તો ૧૮૭૦ પછીથી જ શરૂ થયો ગણાય.

બેલ્જીઅમના બીજા લીઓપોલ્ડે ૧૮૭૬ના સપ્ટેંબરમાં બ્રસેલ્સમાં એક આંતરરાષ્ટ્રીયપરિષદ્ બોલાવી ફ્રાન્સમોરોક્કોમાં સંસ્થાન જમાવતું જતું હતું અને બાકીના પ્રદેશોમાં ઉદ્યોગોની ખીલવણી કરવાનો તથા સંસ્કૃતિ પ્રસારવાનો તેનો હેતુ હતો. બીજાં રાજ્યોએ બેજવાબદાર પ્રતિનિધિઓ મોકલતાં પરિષદ નિષ્ફળ ગઇ, પરંતુ લીઓપોલ્ડે તો ફ્રાન્સને પગલે ચાલી કૉંગોનો આખો પ્રદેશ પચાવી પાડ્યો. એ અરસા સુધીમાં પોર્ટુગાલે સાત લાખ ચોરસ માઈલ, બ્રિટને અઢી લાખ, ફ્રાન્સે એક લાખ સિત્તેર હજાર અને સ્પેને એક હજાર ચોરસ માઇલના વિસ્તારના આફ્રિકાના જુદાજુદા પ્રદેશો પચાવી જ પાડેલા.

એક યા બીજા બહાને પોતાનો સ્વાર્થ પોષાતો જોઇ યુરોપીઅન રાજ્યોની એ નધણિયાતા ખંડના મુલકો પરની કબજાગીરીની ભૂખ વધતી જ ગઇ. પચ્ચીસ જ વર્ષો વીત્યાં ત્યાં

ઇ.સ. ૧૯૦૦ સુધીમાં તો બ્રિટને ૨૧,૦૧,૦૦૦ ચોરસ માઇલ, ફ્રાન્સે ૩૮,૬૬,૯૫૦, ઇજિપ્ટે ૧૬,૦૦,૦૦૦, જર્મનીએ ૯,૧૦,૦૦૦, ઈટલીએ ૨,૦૦૦૦૦, પોર્ટુગાલે ૭,૮૭૦૦૦, તુર્કીએ ૪,૦૦૦૦૦ અને બીજાં સ્વતંત્ર રાજ્યોએ ૬,૧૩૦૦૦ ચોરસ માઇલનો આફ્રિકાનો પ્રદેશ ગળી લીધેલો. એ જિઘાંસક ભૂખને પરિણામે આજે આખા યે ખંડમાં ફક્ત બે જ સ્વતંત્ર રાજ્યો રહેવા પામ્યાં છે: લાઈબીરિયા અને ઍબિસીનિયા. તેમાં લાયબીરિયા તો યુનાઇટેડ સ્ટેટ્સની લાગવગ હેઠળ છે જ; અને ઍબીસીનિયાને ઈટલિની લાગવગમાં લાવવા મહાભારત રચાયું છે.

ફ્રાન્સ અને ઈંગ્લંડે અનુક્રમે મોરોક્કો અને મીસરમાંની અન્યોન્યની લાગવગમાં દખલ નહિ કરવાની સંધિ કરી ત્યારે જર્મનીએ તેનો સખત વિરોધ કરેલો. પરિણામે એક લાખ ચોરસ માઈલનો પ્રદેશ આપી ફ્રાન્સે જર્મનીનું મોં મીઠું કરેલું.

૧૯૧૩માં ઈટલીએ તુર્કો પાસેથી ટ્રીપોલી પડાવી લીધું અને ત્યારબાદ મહાયુદ્ધના પરિણામે તેને સોમાલીલૅંડ અને સાયરેનેઈકાનો અમુક પ્રદેશ મળ્યો.

કબજામાંના પ્રદેશોમાં આ પ્રદેશોનો ઉમેરો થતાં ઇટલીને આફ્રિકામાં સામ્રાજ્ય સ્થાપવાની ભૂખ વધુ પ્રબળ થઇ જે ઍબીસીનિયા સાથેના સંઘર્ષણમાં ચોખ્ખી જણાઇ આવે છે. લાગવગવાળા કેટલા પ્રદેશોને એ સંઘર્ષણ અસર પહોંચાડશે તે નક્કી ન કહેવાય. બીજી બાજુ જર્મની મહાયુદ્ધને પરિણામે આફ્રિકાનાં પોતાનાં ગુમાવેલાં સંસ્થાનો પાછાં લેવા આતુર છે. ઉત્તરોત્તર સમૃદ્ધ અને કીમતી થતા જતા એ પ્રદેશો ફ્રાન્સ, બ્રિટન કે પોર્ટુગાલ છોડી દે એમ નથી.

બોર વિગ્રહના ગત સેનાપતિ જનરલ બોથાએ જણાવેલું કે, 'આવતા મહાયુદ્ધનું રણાંગણ આફ્રિકા થશે' એ શબ્દો કદાચ નજીકના ભવિષ્યમાં જ સત્ય પૂરવાર થાય. ('હિંદુ' પરથી)

ગેડીદડો

* * * આયર્લૅંડે પોતાનું સ્વાતંત્ર્ય પોતાની સંસ્કૃતિ સજીવન કરીને મેળવ્યું અને એમાં દેશી રમતોને મુખ્ય સ્થાન હતું એ હકીકતને ફલવતી થએલી નજરે જોઇ તથા તેનો અભ્યાસ કરી આવેલા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક ગુજરાતની જુવાનીને હાથ કરી જે પ્રયત્નો આરંભ્યા છે તેમાં દેશી રમતો (ખાસ કરીને ક્રિકેટને બદલે ગેડીદડાને દાખલ કરવા માટે) પુનર્જિવિત કરવાનું કામ મોખરે મૂકયું છે. 'પ્રજાબંધુ'માંનો આ નીચેનો ઉપયોગી ઉતારો બતાવે છે કે એ પ્રયત્ન પ્રગતિ થવા સરજાયો છે.

આપણે ત્યાં શહેરોમાં અને કેટલેક અંશે ગામડાંઓમાં ક્રિકેટ જેવી ખર્ચાળ રમતે જબ્બર પગપેસારો કર્યો છે. આ રમતના આકર્ષણનાં મુખ્ય લક્ષણોમાં એક એ છે કે તે બ્રિટિશ સામ્રાજ્યમાં ખૂબ આદર અને પ્રચાર પામી છે; બીજું એકે તે સાંઘિક હોવા ઉપરાંત પદ્ધતિસર રમાય છે ને સમાજનો શિષ્ટ ગણાતો વર્ગ તે રમતો હોવાથી બીજા લોકો તેનું જલદી અનુકરણ કરે છે.

ક્રિકેટનાં આવશ્યક લક્ષણો હોવા સાથે ઓછામાં ઓછા ખર્ચે પ્રજામાં જલદી ફેલાવી શકાય એવી સાંઘિક, બંધુભાવ ખીલવે તેવી, નજીવ ખર્ચ થાય તેવી રમતો આપણે ત્યાં નથી એવું તો નથી જ. આપણી દેશી રમતો જુઓ. ખોખો, હુડતુતુ, આટાપાટા, ગેડીદડો, લંગડી, ગિલ્લીદંડા એ બધી રમતો ઉપલા વર્તુળમાં જરૂર આવી શકે. ફૂટબૉલની રમત પણ ઓછા ખર્ચે સારી રીતે અને ક્રિકેટ જેટલા જ આનંદથી રમી શકાય. ઉપરોક્ત બધી રમતોમાં ગેડીદડો એવી રમત છે કે જેને બરોબર ખીલવવામાં આવે તો ગુજરાતમાં તો શું, પણ આખા હિંદમાં તે ક્રિકેટનું સ્થાન લઇ શકે તેમ છે. ગેડીદડાની રમત આજે હિંદનાં ગામડાંઓમાં જુદીજુદી રીતે રમાઇ રહી છે. આજે એ પદ્ધતિસર નથી રમાતી, પરન્તુ તે માટે સામાન્ય નિયમો ઘડવામાં આવે અને તે ધીમેધીમે અમલમાં મૂકવામાં આવે તો તેમાં જરૂર ચોક્કસ પદ્ધતિ અને વૈજ્ઞાનિક ઢબ આવી શકે. તેમાં મર્દાનગી છે; ગામનું રક્ષણ કરવાનો તથા સામું આક્રમણ કરવાનો વીરતાભર્યો તેનો ઉદ્દેશ છે; શરીરને થોડા જ વખતમાં તે સંપૂર્ણ કસરત આપી શકે છે અને શરીરને ખડતલ બનાવી તેમાં વિના કારણે આવી જતાં નરમાશ તથા વેવલાપણાને કાઢી નાખે છે. આવી સુંદર રમતમાં માત્ર નિયમો મૂકવાની જ જરૂર રહે છે, અને પછી તેને વ્યવસ્થિત રીતે રમાડવાનો પ્રબંધ કરવો જોઇએ. ક્રિકેટ જેવી ખર્ચાળ રમતનું સ્થાન આવી રમતને અચૂક અપાવું જોઇએ.

ક્રિકેટની રમત કરતાં બીજા કેટલાક વધારે સારા ગુણો આ રમતમાં છે ક્રિકેટ એ ઘણી વાર તકની રમત બની જાય છે. ગમે તેટલું સુંદર રમતાં આવડતું હોય તોપણ પહેલા જ બૉલે જો આઉટ થઇ ગયા તો રમતમાં રસ જ ન રહે. વળી રમતમાં ઊતરનારા બધા સામટું રમી ન શકે, પરન્તુ એક જ દાવ લેવા જાય જે દરમ્યાન બીજા બેસી રહે ફીલ્ડિંગમાં પણ રમત દરમ્યાન બધા જ ક્રિયાશીલ નથી બની શકતા. આમ એમાંથી સાચો સંઘભાવ નથી જન્મતો. ગેડીદડામાં તક જેવું કાંઇ હોતું જ નથી. એક વાર દડાને મારવાનું ચૂકયા તો ફરી વાર મારી શકો છો. કોઇ નિષ્ક્રિય રહી શકતું નથી અને બધાને રમતમાં ભાગ લેવો જ પડે છે. આ લક્ષણ સંઘભાવ ખીલવવામાં વધુ મદદ તો કરે છે જ.

આ રમત હિંદમાં ઘણાં વર્ષોથી રમાતી હોવાથી તેમાં અનેક નિયમો તો એમ ને એમ જ આવી ગયા હોય છે. અત્યારે પણ સામાન્ય બે નિયમોથી ગામડામાં આ રમત રમાતી હોય છે. એક તો બધા ભેગા થઇને ખેલતા હોય ત્યારે ગેડી ખભાથી ઊંચી ન લઈ જઈ શકાય; અને ડાબી બાજુએથી કે સામી બાજુએ જઈ રમી ન શકાય. ધ્યાનમાં રાખવા જેવી બાબતો એ છે કે હૉકી અને આયર્લૅંડની હર્લિંગની રમતમાં પણ આવા જ નિયમો છે. ગેડીનું માપ સામાન્ય રમનારાના અઢી હાથ જેટલું

ગણવામાં આવે છે. દડો લગભગ હૉકીબૉલ કરતાં બેવડા કદનો અને શેર રસીનો ગૂંથવામાં આવે છે. મેદાનનું માપ કશું નિશ્ચિત હોઇ શકે જ નહિ, કારણકે બે ગામની સીમ એ તેમની હદ; અને એ રીતે કેટલો સમય રાખવો તે પણ મુકરર કરવામાં નથી આવતું; પરંતુ લગભગ આખી રાત રમાયા કરે. તેમાં બીજી સીમમાં દડો પહોંચાડી આવનાર પક્ષ વિજેતા ગણાય. ગેડી હૉકી સ્ટિકની માફક છેડેથી જરાક વળેલી હોય છે, એટલે આ રમત લગભગ હૉકીની ઢબે જ રમાય છે. આ સામાન્ય નિયમો જોતાં બીજા કયા નિયમો ઉમેરવા જેવા છે તેનો તુરત ખ્યાલ આવી શકશે ને એ નિયમાનુસાર રમાવાનું શરૂ થતાં ચોક્કસ પદ્ધતિ પણ અમલમાં આવી શકશે. શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે આવી આ રમત માટે પ્રચાર કર્યા પછી ગુજરાતમાં તે સારી રીતે રમાવાની શરૂઆત થઇ છે, એટલે આની નિયમાવલી તૈયાર કરતાં વધારે વખત લાગે તેમ નથી. હું પોતે આ રમત રમ્યો છું અને રમું છું અને તે ઉપરથી કેટલાક નિયમો દાખલ કરવા જેવા લાગ્યા છે.

ઉપર કહેલા ત્રણે નિયમો તો છે જ. વધારામાં આખી રમત દરમ્યાન ગેડી ખભાથી ઉંચકવી ન જોઇએ એ નિયમ દાખલ કરવાની જરૂર છે. આ ઉપરાંત બીજા નિયમોમાં (૧) દડાને પગથી ન મારી શકાય, પરન્તુ પગ વડે અટકાવી શકાય ખરો; (૨) દડો જ્યારે બધાની વચ્ચે અટવાઇ ગયો હોય ત્યારે તેને મારવાને બદલે બહાર કાઢવો જોઇએ; (૩) ખોટી રીતે મારે તો ભૂલ (ફાઉલ) ગણી જેની એ ભૂલ હોય તેનાથી વિરુદ્ધ પક્ષનાને મારવાનો હક્ક આપવો જોઇએ; (૪) ગોલ (ગેડીદડાની પરિભાષામાં તેને પોઈ કહે છે) પાસે આઠ ફીટ ઊંચા વાંસ બંધાવા જોઇએ અને તેની નીચેથી દડો જાય તો જ તેને પોઇ થએલી ગણવી. અને ઉપરથી જાય તો ગુણ આપવાનું જાહેર કરવું. (૫) પોઇના સ્થળથી બાજુએ થઇને દડો જાય તો અગર મેદાનની નિયત કરેલી હદની બે બાજુની બહાર દડો ચાલ્યો જાય તો તેને નાબાદ (આઉટ થએલો) ગણવો અને મેદાનની અંદરની જગ્યાએ લાવી ત્યાંથી તેને મારવો. (૬) પોઇ કરવા માટે પોઇ-સીમા (અંગ્રેજીમાં જેને ગોલ-લાઇન કહે છે તે) નક્કી કરવી કે આ રેખામાંથી દડો મારવામાં આવશે તો જ પોઇ થએલી ગણાશે. રમતના આ સામાન્ય નિયમો છે. તેમાં ફેરફાર થઇ શકે અગર વધારો પણ થઇ શકે અને એ કામ ગુજરાત વ્યાયામમંડળ જેવી મધ્યસ્થ સંસ્થા જરૂર કરી શકે. એ સાથે ગેડી કેટલી લાંબી હોવી જોઇએ, દડાનાં માપ અને વજન કેટલાં, એ મેદાનની હદ કેટલી એ બધું પણ નક્કી કરવું જોઇએ. ગામડાંઓ માટે મેદાનની હદ કદાચ નક્કી નહિ થઇ શકે, પરંતુ શહેરો માટે તે નક્કી કરવી પડશે. થોડાક નિયમો નક્કી થયા પછી તે પ્રમાણે થોડીક રમતો રમાવી જોઇએ; જેથી તેમાં કયાં ભૂલો રહેલી છે તેની અને તે માફકસર આવશે કે નહિ તેની ખબર પડી શકે. હું ધારું છું કે એકાદ વર્ષમાં તો આ રમતમાં સંગીનપદ્ધતિ અને નિયમો જરૂર લાવી શકાય અને ક્રિકેટનું આજનું અદ્ભુત સ્થાન તેને અપાવી શકાય. —ખેલાડી

આબીસીનિયા વિષે વધુ

* * * મિસરની જાહોજલાલીના કાળથી આજસુધી કદી પરાધીન ન બનેલો એ દેશ આજે જે સ્વાતંત્ર્ય યુદ્ધ લડી રહ્યો છે એ પ્રસંગે એને વિષેની માહિતી માટે સૌને સ્વાભાવિક ઇંતેજારી રહે જ. ત્યાંના ભૌગોલિક મહત્ત્વ અને ઇતિહાસ સંબંધી આપણે ગયા અંકમાં જાણી ગયા; અહીં તેના લોકજીવન વિષે થોડું જાણીએ.

આબીસીનિયાની પ્રજામાં કેટલી યે જાતિઓનું મિશ્રણ છે. મુખ્યત્વે યહૂદી, અરબ અને આફ્રિકન લોહીનું તેઓ મિશ્રણ છે. તેઓને હબસીઓ તરીકે ઓળખવામાં આવે છે, પણ તેઓ ખરા હબસીઓ કરતાં ઘણા જુદા તરી આવે છે. તેમનામાં ગાલા, દાનાકિલ, આદિમ, સુમાલી વગેરે ઘણી જાતિઓ છે. ત્યાંની મુખ્ય ભાષા સામારિક છે. પાદરીઓ હમણાં મૃત બનેલી (આપણી સંસ્કૃત પેઠે) ગીઝ ભાષા વાપરે છે.

ત્યાંનો મુલક બહુ ફળદ્રુપ છે. મુખ્યત્વે ઘઉં ને જવ ત્યાં પાકે છે. રૈફ નામનું અનાજ ત્યાં પુષ્કળ પાકે છે. તેની લોકો રોટલી બનાવે છે. કૉફીનું તો જન્મસ્થાન જ આબીસીનિયા છે. ત્યાંના કાફ નામના પ્રદેશમાં એ વવાતી હોવાથી આરબોએ તેને કાફી નામ આપેલું છે.

ઢોરઉછેર એ ત્યાંનો મોટો ઉદ્યોગ છે. ઉત્સવો ને પર્વને ટાંકણે ત્યાં દૂધથી સ્નાન કરવાનો રિવાજ ચાલુ છે. ગરીબ લોકો ત્યાં કાચાં ઘરોમાં રહે છે. ઢોરો ને માણસો મોટે ભાગે એક જ ઘરમાં રહે છે. કેટલાક ભાગો તો એટલા અજ્ઞાનમાં પડેલા છે કે ઝાડ કાપવાની યે તેમને ગમ નથી ને ઝાડ પાડવાં હોય તો તેનાં મૂળિયાં બાળીને તેઓ એ કામ કરે છે!

ત્યાંના લોકોનો પહેરવેશ પણ જુદા જ પ્રકારનો હોય છે. એક લાંબું મખમલનું કુરતું જેને તેઓ શમા કહે છે તે અને એક પાયજામો તેઓ પહેરે છે અને ઉપર એવી રીતે ચાદર ઓઢી લે છે કે જમણો હાથ બહાર રહે. સ્ત્રીઓ એથી ઉલટી રીતે (એટલે ડાબો હાથ બહાર રહે તેવી રીતે) ચાદર ઓઢે છે. સ્ત્રીપુરુષો બધાં માથું ને પગ ખુલ્લાં જ રાખે છે. તેઓ હથિયાર હમેશાં સાથે જ રાખે છે.

આબીસીનિયામાં પાકા રસ્તા નથી. એ પ્રદેશ પહાડી હોઇ ત્યાં પાકા રસ્તા બનાવવા મુશ્કેલ છે. મુસાફરીનું સાધન ત્યાં મોટે ભાગે ખચ્ચર કે ગધેડું જ છે અને પ્રજાનો મોટો ભાગ તો પગપાળા જ મુસાફરી કરનારો છે. રેલવે લાઇન એક જ છે. ઍડીસઅબાબાથી ફ્રેન્ચોના જિબુટી બંદર સુધી તે જાય છે અને પાંચસો માઇલ લાંબી છે. બહારની દુનિયાથી આબીસીનિયાનો સંપર્ક કરાવતું આ એક જ બારું છે. આખી રેલવે લાઇન ઉજ્જડ મુલકમાંથી જ પસાર થાય છે. તેનાં સ્ટેશનો બધાં પતરાનાં બાંધેલાં છે. ત્રીજા વર્ગના ડબ્બાઓમાં



શમા અને પાયજામાનો આબીસીનિયન પોષાક



જ્યાં દેવાદારને સાંકળમાં કબજે રખાય છે તે આબીસીનિયા

હથિયારો ટાંગવા માટેની ખાસ ખીંટીઓ બનાવવામાં આવેલી હોય છે! એ બતાવે છે કે હથિયાર એ એમના જીવનમાં ઓતપ્રોત થએલી ચીજ છે.

અમેરિકનો જેને 'સ્વર્ગનાં ફૂલ' તરીકે ઓળખે છે તે કત (Catha edulis)નાં ઝાડો ત્યાંના હરાર પ્રાંતમાં પુષ્કળ થાય છે. તેની ડાળખીઓ ચાવવાનો આબીસીનિયનોને અતિશય શોખ હોય છે. તમાકુ ચાવવા તરફ તે લોકો હદથી જ્યાદે ઘૃણા બતાવે છે અને થોડા વખત પર તો ત્યાં તમાકુ પીનારના હોઠ જ કાપી નાખવામાં આવતા હતા!

આબીસીનિયનોને સૈનિક જીવન બહુ પ્રિય છે. બહારથી કોઇપણ પરદેશીને તે પહેલો સવાલ એ જ પૂછે કે તમારા રાજ્યમાં સૈનિકો કેટલા છે? સૈનિકોને એ લોકો બહુ માન આપે છે, જ્યારે સાધારણ પરદેશીઓ સાથે ઝાઝી વાત જ નથી કરતા.

ચલણ તરીકે ત્યાં 'મેરિયા થેરેસા ડૉલર' વપરાય છે. 'મેનેલિક ડૉલર' એ વધારાનું ચલણ છે. સિક્કા નવા પડતા જાય છતાં ખૂબી એ છે કે તેમાં કશો જ ફેરફાર કરવામાં આવતો નથી. છાપ પણ મૂળ ઇ.સ. ૧૭૮૦ની જ મારવામાં આવે છે!

મર્દાનગીના તેઓ અતિશય શોખીન હોય છે. નાનપણથી જ પોતાનાં બાળકોને તેઓ મર્દાનગીના પાઠ શીખવે છે અને જે છોકરો સૌથી વધુ વખત બળતું લાકડું પોતાના હાથમાં પકડી શકે તેને સૌથી બહાદુર ઠરાવવામાં આવે છે. ત્યાં સિંહનું ચામડું પહેરવાની ત્યારે જ રજા મળે છે જ્યારે એક સિંહને મારી તેની નિશાનીઓ શહેનશાહ પાસે રજુ કરવામાં આવે.

અંદરોઅંદરની તકરારોનો નિકાલ તેઓ પોતાની મેળે કરી લે છે. ખુલ્લા રસ્તામાં જ તેઓ પંચ જેવી કોર્ટો ભરે છે ને રસ્તે જતા કોઇપણ માણસને ન્યાયાધીશ ઠરાવી લે છે. દેવાદારથી જો દેવું ન ભરી શકાય તો તેના પગમાં સાંકળ નાખી એ લોકો લેણદારને સોંપી દે છે. તે લેણદારને ખવડાવે-પીવડાવે અને ગમે ત્યાં નોકરી કરી લેણું પૂરૂં કરી આપે! ફોજદારી ગુનો થયો હોય તો ત્યાંના ન્યાયાધીશો ગુનેગારનો ડાબો હાથ કાપી નખાવે છે! બીજી વખત એ જ ગુનો થાય તો જમણો પગ, ત્રીજી વખત જમણો હાથ ને ચોથી વખત ડાબો પગ એમ તેમની સજાઓનો ક્રમ છે. હાલમાં બધી સજાઓ નરમ થઇ છે, પણ હજુ સુધી કોઈ સજા ગેરકાયદેસર ગણાતી નથી.

આબીસીનિયામાં સિવેટ નામની બિલાડીની એક જાત થાય છે. તેની નાભિમાંથી કસ્તુરીમૃગની માફક સુગંધી પદાર્થ નીકળે છે. વિદેશીઓ શેરના બસો રૂપિયાના ભાવે પણ તે ખરીદે છે. ફ્રાન્સમાં હાલ સિવેટ બહોળા પ્રમાણમાં વસાવવામાં આવી છે.

કાથાથી રંગેલા વાળ, કાળી ચળકતી ચામડી, દાડમની કળીની ખરેખરી ઉપમા આપી શકાય તેવા સફેદ દાંત અને ચિત્તાના ચામડાનું પરિધાન કરેલી આબીસીનિયાની સ્ત્રીનું સૌન્દર્ય કોઇપણ હબસણ કરતાં ચડી જાય એમ છે. એ સ્ત્રીઓની પતિની પસંદગી ઓર જ જાતની હોય છે. જ્યાં સુધી બાર

તેંદુઓનો શિકાર ન કરે ત્યાં સુધી કોઇ પણ આબીસીનિયન યુવક કોઇ યુવતી સાથે પ્રેમચર્ચા નથી કરી શકતો. વિવાહનો ત્યાં સામાન્ય સિદ્ધાંત એ જ છે કે 'પહેલાં વીર બનો ને પછી વિવાહ કરો.' નિર્બળ પુરુષો સામે ત્યાંની સ્ત્રીઓ અનહદ ધૃણાની નજરે જુએ છે.

આબીસીનિયાનાં સાહસ અને શૌર્યને પ્રેરતાં કારણોમાં લગ્નની આ દૃષ્ટિ જ મોખરે કાં ન હોય? (સંકલિત)

આબીસીનિયામાં હિંદીઓ

આબીસીનિયાની આયાતનિકાસના વેપારનો ઘણોખરો કબજો હિંદીઓના હાથમાં જ છે. હિંદી વેપારીઓ ત્યાં ખૂબ જ પ્રમાણમાં વસ્યા છે. કુલ તેમની વસ્તી ૨૫૦૦ થી ૩૦૦૦ની થવા જાય છે, જેમાંથી ૧૫૦૦ તો એકલા ઍડીસ અબાબામાં જ વસે છે. વેપારીઓ ઉપરાંત કારીગરવર્ગ પણ ત્યાં ઠીક જામેલો છે.

આબીસીનિયામાં પહેલો વસનાર હિંદી વેપારી જીવાજી નાગનો પૂર્વ આફ્રિકા સાથે વેપાર ચલાવતો વોહરો હતો. ત્યાં તેણે વેપારની સાનુકૂળતા વધારે જોઈ અને આજથી ૭૦ વર્ષ પહેલાં રાસ મેનેલિકના અમલમાં તે ત્યાં જઇ વસેલો. સુધારાનાં હજુ પગલાં યે ત્યાં નહિ પડેલાં, એટલે જીવાજીના ચાતુર્યથી ખુશ થઇ શહેનશાહે તેને તુરત પોતાના મુલકમાં વસવાની રજા આપી. થોડા વખતમાં જ થોડી પૂંજીમાંથી સારી મૂડી પેદા કરી તે શહેનશાહનો માનીતો દરબારી બન્યો.

વેપારમાં કસ જોતાં ગુલામઅલી નામના એક બીજા વહોરા વેપારીએ આબીસીનિયામાં વખાર નાખી. તે સારા મૂડીદાર હોઇ થોડા વખતમાં ઇરિટ્રિયા અને સોમાલીલૅન્ડમાં આડતો નાખી. આજે એ વખાર પચાસેક શાખાઓમાં ફેલાઇ, દેશી રોજિંદારો ઉપરાંત પાંચસોથી વધુ હિંદીઓને રોજી આપતી રહી છે. દરિયાપારની હિંદી પેઢીઓમાં સૌથી મોટી એ પેઢીનું નામ હાલ 'મેસર્સ જી. એમ. મહમદઅલી ઍન્ડ કં.' ચાલે છે. એની ઍડીસ અબાબામાંની પેઢી એક ચોરસ માઈલ કરતાં યે વધુ પટ રોકે છે અને તેના સંચાલકને કોઇપણ આબીસીનિયન અમલદાર જેટલી સત્તા છે. શેઠ ગુલામઅલીના વખતથી જ તેમનું કુટુંબ આબીસીનિયામાંના શહેર હરાર પરથી હરારવાળા તરીકે જ ઓળખાય છે. મુંબાઇમાં જેમનાં 'હરારવાળા બિલ્ડિંગ' નામથી જાણીતાં મકાનો છે તે એ જ.

આબીસીનિયામાં દેખાતા હિંદીઓમાં મોટો ભાગ તો સિદ્ધપુરના વહોરાઓ અને કાઠિયાવાડના જૈનોનો છે. ત્યાંની નિકાસ ઘણે ભાગે કૉફી, મીણ, મધ, પીછાં, ચામડું અને હાથીદાંત છે. જૈન વર્ગ અહિંસામાં માનનારો હોઈ મધ, મીણ, ચામડાં અને હાથીદાંતનો પણ વેપાર તરીકે ઉપયોગ ન કરતો હોઇ ત્યાંનો એકહથ્થુ વેપાર વહોરાઓના હાથમાં છે. જૈનો ઘણે ભાગે કૉફીની જ નિકાસ કરે છે. શરાફીનું કામકાજ કરતી જૈનોની પેઢીઓ પણ ત્યાં છે.

કારીગરવર્ગમાં ઘણે ભાગે સુતાર, સોની, લુહાર, દરજી, વાળંદ વગેરે જાતો છે, જેમાંની લગભગ બધી ગુજરાત–કાઠિયાવાડથી આવી વસેલી છે. સિલાઇ તથા હજામતના ધંધામાં થોડાક મુસલમાનો પણ છે. કુલ હિંદી કારીગરવર્ગનું પ્રમાણ ત્યાં એક હજાર ઉપરાંત કુટુંબોનું થવા જાય છે.

આ બધા યે હિંદીઓ તરફ ત્યાંની સરકાર હમેશાં ઉદારદિલી રાખતી આવી છે. થોડા વખત પહેલાં તો હિંદીઓની દુકાનો રાત્રે સંભાળવાની જોખમદારી પણ સરકારના હાથમાં હતી. સાંજના પાંચ વાગ્યે ભૂંગળ ફૂંકાતાં બધા વેપારીઓ દુકાનો બંધ કરી હબસી સંત્રીઓને તેનો કબજો સોંપી દેતા. આ ઉદારદિલીનો કાંઇક ગેરલાભ લેવાયાના કારણે પાંચ છ વર્ષ પર જ આ પદ્ધતિ બંધ થઇ ગઇ છે.

ધંધા સિવાય બીજા કશાની ફિકર ન રાખતા હોવાથી હિંદીઓને તેમને યોગ્ય જ, આરામનાં કશાં સાધન વગરનો શહેરનો ઈલાયદો ભાગ સોંપી દેવામાં આવ્યો છે. ત્યાંના હિંદીઓનું જીવન કેટલું વેઠમય છે તે તો આ ઉપરથી જણાશે કે આબીસીનિયાની લડાઈના સમાચારો વિષે પણ તેઓ હિંદનાં છાપાંઓમાં વાંચે ત્યારે જ માહિતગાર થાય છે! ત્યાં જૈનો દ્વારા સ્થપાએલું હિંદીઓ માટેનું એક સારવારખાનું છે. એક ગુજરાતી નિશાળ પણ ત્યાં ચાલે છે.

ત્યાં આટલો વખત રહ્યા છતાં કોઇ હિંદીએ આબીસીનિયાનો નાગરિક બનવાની કોશિષ કરી નથી. વર્ષો પહેલાં ત્યાંના એક બ્રાહ્મણ વસાહતીએ ચામડાના વેપારમાં ઝંપલાવેલું પરંતુ બીજા સવર્ણો તરફથી તેને કનડગત નડતાં તે દેશી બની ગયો અને પોતાનું આબીસીનિયન નામ રાખ્યું. તેને જિલ્લા કમિશ્નર જેવી જગ્યાએ ત્યાંની સરકારે નિયુક્ત કરેલો. બીજો એક જૈન દેશી બનેલો, પણ તેના બાપની વીનવણીથી તે દેશ પાછો આવ્યો. (સંકલિત)

પુસ્તકાલયનાં પુસ્તકનું આવરદા

નૉટિંગહામના લાયબ્રેરીઅન મિ. ગ્રે નું કહેવું છે કે એક પુસ્તક ૭૫ વાંચનારાના હાથમાં ફરે તેટલું જીવન ધરાવે છે; પણ સારૂં સમારકામ થતું રહે તો વધારે ટકી જાય. છ શિલિંગનું પુસ્તક એ રીતે વાંચનાર દીઠ એક પેન્સનો ઘસારો ખમે છે, એટલે પુસ્તક દીઠ બધો મળીને દોઢ કે બે શિલિંગ જેટલો ખર્ચ દરેક વાંચનાર ભરે તો પુસ્તકાલયનો ખર્ચ નીકળે.

બ્રિટિશ મ્યૂઝિયમનું પુસ્તકાલય

બ્રિટિશ મ્યૂઝિયમનાં પુસ્તકોનું સૂચિપત્ર હમણાં છેક પચીસ વરસે તૈયાર થઇ શક્યું છે અને જગતનું એ એક મહાભારત કામ થયું ગણાય છે. તેના ૨૩૦ ગ્રન્થવિભાગો થશે. ત્યાં જે નવી ચોપડીઓ દર મહિને આવે છે તેની જ સંખ્યા ૩૦,૦૦૦ની થાય છે અને સૂચિપત્ર કરનારા એ કામને પહોંચી શકતા નથી. ૨૪ ભાગો જે તૈયાર થઈ ગયા છે તેમાં પણ નામ જ માત્ર છે; એટલે બીજું ઘણું કરવાનું રહે છે. પુસ્તકાધ્યક્ષોનું કામ કોઈપણ ધંધા જેટલી જ પ્રવીણતા માગતું થયું છે.

❁ મનુષા દેહમાં પ્રેમ દેશનો સૌથી મોટો ❁

પગના જોડા પણ ખરીદવાના પાસે પૈસા ન રહ્યા એટલી બધી કંગાલ દશા પોતાની થઈ ગએલી જોઇને ઇરાની કવિ શેખ સાદીને એક વાર બહુ પરિતાપ થયો. એવામાં મસીદે નમાજ પઢવા જતાં ત્યાં એક લૂલા માણસને ભીખ માગતો જોઇ એમની આંખો ખુલી ગઇ અને નમાઝ પઢી ઈશ્વરને ધન્યવાદ આપ્યો કે 'પરવરદિગાર, તેં મારા પર ઘણી રહેમ કરી છે કે મારા પગ તો સાબૂત રાખ્યા છે.'

અનેકાર્થી શબ્દ: કોઠો=કિલ્લાનો બુરજ; પેટ; શરીર અથવા શરીરમાંનો કોઈપણ કોષરૂપ ભાગ; મન, અંતઃકરણ; સોગઠાંબાજી કે એવી બીજી બાજીનું ઘર અથવા ખાનું; લખવામાં પાડવામાં આવતું ખાનું; કોષ્ટક કે આંકનો પાડો; મોટી કોઠી કે વખાર; મોટો કૂવો; સુધરાઇની મુખ્ય ઑફિસ અથવા મહેસુલ વેરો વગેરેનાં નાણાં ભરવાની જગ્યા; રખડતાં ઢોર પૂરવાનો ડબ્બો; અંગરખાનો ગળાની આસપાસનો ભાગ.

કહેવતોના અર્થ: 'ટકો લે ને મહેતો કે.' મહેતો એટલે સરકારી કે દરબારી અધિકારી. જૂના વખતમાં એવા અધિકારીને ગામલોકો માન આપતા તથા સીધાંપાણીની બરદાસ થતી તેથી આગળના વખતમાં કોઇને પૈસા આપીને પાસે રાખીને પોતાને મહેતો કહેવડાવતા, તે ઉપરથી આ કહેવત થઇ છે. એનો મર્મ પોતાનો કોઇ શોખ કે હોંસ પૂરી કરવા માટે મૂર્ખાઈભરેલું કામ કરનાર માટે વપરાય છે. એના જેવી બીજી કહેવતો: આરો વેચીને ગાજર ખાવાં; ઝાંઝર વેચીને શેઠાણી કહેવડાવવું; કંકણ વેચીને કાકી કહેવડાવવું; વગેરે.

ગણિતગમ્મત

૭ નું વર્ગમૂળ		૪૯
૬૭ ,,	,,	૪૪૮૯
૬૬૭ ,,	,,	૪૪૪૮૮૯
૬૬૬૭ ,,	,,	૪૪૪૪૮૮૮૯

અને એ પ્રમાણે આગળ.



આફ્રિકામાં કાફર જાતિના એક પ્રકારના લોકોને માથે આવાં શીંગડાં હોય છે.

દુનિયામાં મોંઘામાં મોંઘી ખુરસી પોપની છે જે નક્કર ચાંદીની બનેલી હોઇ ૫૦,૦૦૦ પૌંડની કિંમતની થવા જાય છે.

એક ડોલ પાણીમાંથી સો ચોરસ-માઈલના વિસ્તારની અને પચાસ ફૂટ ઊંડી ધુમ્મસ નિપજે.


ફુદીનો, પીપરીમૂળ, એલચી, વાવડીંગ, જાવંત્રી સરખે ભાગે લઇ ચહામાં નાખીને પીવાથી વાયુપ્રકૃતિ, મંદાગ્નિ, દસ્ત-કબજિયત મટે છે.

અમેરિકાનું નામ વેસ્પુસી અમેરિગો એ શોધકના નામ પરથી પડયું છે એમ અત્યાર સુધી મનાતું; પણ હાલમાં જ એક મેકિસકન સ્થાપત્યકારે જાહેર કર્યું છે કે તે નામ મય લોકોના શબ્દ 'અમે-રિંસ-કિન' પરથી પડયું છે, જેનો અર્થ 'ઝગઝગિત સૂર્યની ભૂમિ' થાય છે.

મૅક્સિકોના અખાતમાં ઘંટ જેવો અવાજ કરતી એક માછલી થાય છે. તેનું નામ સાયરેન્સ.


પ્રાણીઓના ઊઠવામાં પણ ફરક હોય છે. ગાય ઊઠતી વખતે પાછલા પગ પહેલાં ઉપાડે છે જ્યારે ઘોડો આગલા પગ પહેલાં ઉપાડે છે.

હિંદુસ્તાનમાં બધી મળીને કેટલી યુનિવર્સિટીઓ છે એ ખબર છે? અઢાર. ૧ કલકત્તા, ૨ મદ્રાસ, ૩ મુંબાઈ, ૪ પંજાબ, ૫ અલ્લાહાબાદ, ૬ મ્હૈસુર, ૭ બનારસ, ૮ પટણા, ૯ ઉસ્માનિયા, ૧૦ ઢાકા, ૧૧ અલીગઢ, ૧૨ રંગુન, ૧૩ લખનૌ, ૧૪ દિલ્હી, ૧૫ નાગપુર, ૧૬ આંધ્ર, ૧૭ આગ્રા અને ૧૮ અન્નામલાઇ.



(ઉપર) ફુટપાથ પર સાઈકલ ટેકવી કોઈ કામે ગયું. દરમ્યાન કોઇ મોટરવાળાએ અડફેટે ચડાવી તેના આ હાલ કર્યા; પણ સાથે પોતાનો ટેલીફોન નંબર લખીને બાંધતો ગયો જેથી પોતાને મળીને એ સાઇકલનો માલિક નુકસાની મેળવી શકે. (નીચે) દૂધવાળો સવારે ઘણો વહેલો આવે એટલે લોકો રાત્રે દૂધના પૈસા ઘરના બારણા આગળ જ મૂકીને સૂઇ જાય. કોઇ પણ એ ચોરી જઇ શકે, પરંતુ દૂધવાળા સિવાય એને કોઇ હાથ પણ ન અડાડે. ડેનમાર્કના લોકોનું પ્રામાણિકપણું દાખવતાં આ બે ચિત્રો મોકલતાં અમારા મિત્ર 'ભાઉ' જણાવે છે કે 'ભૂખમરો ન હોય તો વેદાંતપ્રિય હિંદમાં પણ આ શકય નથી શું?'

બ્લ્યુ વહેલની હોજરી એટલી બધી મોટી હોય છે કે તેમાં કેટલાં ય માણસ સમાઇ શકે; પણ તેના ગળાનું કાણું નાની માછલી જઇ શકે એવડું જ હોય છે




દ. પો. – દફતરી પોરબંદર સ્ટેટ
દી. પો. – દીવાન ,, ,,
ઈ. પો. – ઈજનેર ,, ,,
વે. – વેપાર
કો. પો. – કોઠારી ,, ,,
દી.પો.રા.વાં. – દીવાન: પોરબંદર, રાજકોટ, વાંકાનેર

ફો. – ફોજદાર
મ્યુ. – મ્યુનિસિપલ સેક્રેટરી
ટ્રે. ઑ. – ટ્રેઝરી ઑફિસર
મા. પો. – મામલતદાર પોરબંદર
કા.આ.કું. – કામદાર આદિત્યાણા કુમારશ્ર
આ. આ. – આફ્રિકા અને આશ્રમ

૦ – અત્યારે હયાત ન હોય

ગાંધી કુલશાખા



સમજૂતી


આ. રા. રા. – આશ્રમ, રાષ્ટ્રીયશાળા રાજકોટ
પ. – પત્રકારત્વ
બિ. મું. – બિઝનેસ મુંબઈમાં
બિ. ક. – બિઝનેસ કલકત્તામાં
આ. ઈ. ઓ. – આફ્રિકા, ઈંડિયન ઓપીનીઅન પત્ર
વે.સોમું. – વેપાર સોડાફૅક્ટરી મુંબાઈ

પો.ખા. – પોરબંદર ખાદીકામ
ઈ.એ.પો. – ઇલેકટ્રીક એન્જિનીઅર પોરબંદર
કે.કં.પો. – કેરોસિન કંપની ,,
ક.મુ.પો. – કસ્ટમ મુકાદમ પોરબંદર
અ. મું. – અભ્યાસ મુંબઈમાં
અ. પો. – અભ્યાસ પોરબંદરમાં

નિશાનીઓ

X – પ્રથમથી જ કુટુંબમાં એકલા

ગાંધી કુલશાખા



સમજૂતી

દ. પો. – દફતરી પોરબંદર સ્ટેટ
દી. પો. – દીવાન „ „
ઈ. પો. – ઈજનેર „ „
વે. – વેપાર
કો. પો. – કોઠારી „ „
દી.પો.રા.વાં. – દીવાનઃ પોરબંદર, રાજકોટ, વાંકાનેર

ફો. – ફોજદાર
મ્યુ. – મ્યુનિસિપલ સેક્રેટરી
ટ્રે. ઑ. – ટ્રેઝરી ઑફિસર
મા. પો. – મામલતદાર પોરબંદર
કા.આ.કું. – કામદાર આદિત્યાણા કુમારશ્રી
આ. આ. – આફ્રિકા અને આશ્રમ

આ. રા. રા. – આશ્રમ, રાષ્ટ્રીયશાળા રાજકોટ
પ. – પત્રકારત્વ
બિ. મું. – બિઝનેસ મુંબઈમાં
બિ. ક. – બિઝનેસ કલકત્તામાં
આ. ઈ. ઓ. – આફ્રિકા, ઇંડિયન ઓપીનીઅન પત્ર
વે.સો.મું. – વેપાર સોડાફૅક્ટરી મુંબાઈ

પો.ખા. – પોરબંદર ખાદીકામ
ઈ.એ.પો. – ઇલેક્ટ્રીક એન્જિનીઅર પોરબંદર
કે.કં.પો. – કેરોસિન કંપની „
ક.મુ.પો. – કસ્ટમ મુકાદમ પોરબંદર
અ. મું. – અભ્યાસ મુંબઈમાં
અ. પો. – અભ્યાસ પોરબંદરમાં

નેશાનીઓ

૦ – અત્યારે હયાત ન હોય તે   × – પ્રથમથી જ કુટુંબમાં એકલા